# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





**પેજ-08**
અભિનેત્રીનું દર્દ છલકાયું, કહ્યું - સારવાર વચ્ચે મારા ઘણાં પ્રોજેક્ટ છીનવાયા...



**પેજ-09**
3 વર્ષની ઉંમરે બેટ હાથમાં લીધું, રન નહિ પરંતુ સિક્સરનો બાદશાહ....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 16.00 |
| વડોદરા | 31.00 | 17.00 |
| સુરત | 32.00 | 19.00 |


પેજ 5





દેશની દિગ્ગજ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે મહારાષ્ટ્રમાં મોટા રોકાણની જાહેરાત...



25 JANUARY-2025 SATURDAY



ટ્રમ્પે કહ્યું- સાઉદી ઓઈલની કિંમત ઘટાડે: યુક્રેનમાં યુદ્ધ બંધ થશે...





પેજ 10



વર્ષ-14 । અંક-068 । વિક્રમ સંવત-2081 । પોષ વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# 350 કરોડના ક્રિપ્ટોકરન્સી કૌભાંડ મામલે CBIના 10થી વધુ સ્થળોએ દરોડા



(એજન્સી) નવી દિલ્હી | તા.24

સીબીઆઈએ 350 કરોડ રૂપિયાથી વધુના ક્રિપ્ટોકરન્સી ટ્રાન્ઝેક્શન પર ઉંચા વળતરનું વચન આપતી ડિજિટલ કરન્સી પોન્ઝી સ્કીમ સંબંધિત કેસમાં 7 આરોપીઓ સામે કેસ નોંધ્યો છે. 7 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં 10 સ્થળોએ સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન રૂ. 34 લાખની રોકડ, ક્રિપ્ટોકરન્સી વોલેટમાં 38,414 યુએસ ડોલરની કિંમતની ડિજિટલ વર્ચ્યુઅલ અસ્કયામતો અને અનેક ગુનાહિત ડિજિટલ પુરાવાઓ અને ઉપકરણો રિકવર કરવામાં આવ્યા હતા. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશનએ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ 420 સાથે વાંચેલી કલમ 120B અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અધિનિયમ, 2000ની કલમ 66D હેઠળ દિલ્હી, હજારીબાગ, ભટિંડા, રતલામ, વલસાડ, પુદુક્કોટ્ટાઈ, ચિત્તોડગઢ શહેરોમાં સ્થિત સાત આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની વિરુદ્ધ (જેઓ વિવિધ સંગઠિત સાયબર ક્રાઈમ મોડ્યુલ ચલાવી રહ્યા છે) કેસ નોંધવામાં આવ્યો છે.

### 7 રાજ્યોમાં સર્ચ ઓપરેશન

તપાસના સંદર્ભમાં, સીબીઆઈએ દિલ્હી, ઝારખંડ, પંજાબ, મધ્યપ્રદેશ, ગુજરાત, તમિલનાડુ અને રાજસ્થાન સહિત સાત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં 10 સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સર્ચના પરિણામે, સાત મોબાઈલ ફોન, એક લેપટોપ, એક ટેબ્લેટ, ત્રણ હાર્ડ ડિસ્ક, 10 પેન ડ્રાઈવ, મેમરી કાર્ડ, સિમ કાર્ડ, એટીએમ/ડેબિટ કાર્ડ અને અનેક ગુનાહિત દસ્તાવેજો સહિત મહત્વના ડિજિટલ પુરાવાઓ સાથે 34.2 લાખ રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. પણ પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

### ક્રિપ્ટોકરન્સી વોલેટ્સમાં 38400 US ડોલર જપ્ત કરાયા

આરોપી વ્યક્તિઓના ક્રિપ્ટોકરન્સી વોલેટ્સમાં અંદાજે US$ 38,414 ની કુલ ડિજિટલ વર્ચ્યુઅલ અસ્કયામતો જપ્ત કરવામાં આવી હતી, જે તપાસ માટે ડિજિટલ રીતે સુરક્ષિત હતી. આ પોન્ઝી સ્કીમ્સનો પ્રચાર અનેક સોશિયલ મીડિયા ગ્રુપ દ્વારા કરવામાં આવી રહ્યો હતો.

## પાકિસ્તાનને પણ ઝટકો | મોટા ઈસ્લામિક દેશને બ્રહ્મોસ મિસાઈલ વેચશે

# ભારતે ચીનની ઘેરાબંધી શરુ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.24

ભારતે ઈન્ડોનેશિયા સાથેના સંબંધોને ગાઢ બનાવી પાકિસ્તાનની સાથે સાથે ચીનને પણ ઝટકો આપ્યો છે. ભારતે ઈન્ડોનેશિયા સાથે રક્ષા સંબંધોને મજબૂત બનાવી હિન્દ મહાસાગરમાં ચીનને ઘેર્યું છે. બીજી તરફ વિશ્વના સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા દેશ ઈન્ડોનેશિયા સાથે મિત્રતા કેળવી પાકિસ્તાનને ઝટકો આપ્યો છે. નિષ્ણાતોએ જણાવ્યું છે કે, હિન્દ મહાસાગરમાં ચીનના પડકારને ઉકેલવા ભારત એશિયન દેશો સાથે ગાઢ સંબંધ સ્થાપી રહ્યું છે. ઈન્ડો-પેસિફિક દેશો સાથે રક્ષા અને વેપાર સંબંધો મજબૂત બનાવી ભારત ચીનની દખલગીરી ઘટાડવાના પ્રયાસ કરી રહ્યો છે.



### પાકિસ્તાનના ષડયંત્રોને નબળા પાડશે

બીજી તરફ પાકિસ્તાન ઈસ્લામિક દેશો સાથે મળી કાશ્મીર અને લઘુમતીના મુદ્દે નવા-નવા ષડયંત્રોને અંજામ આપે છે. પરંતુ ભારતની ઈન્ડોનેશિયા સાથેની મિત્રતા પાકિસ્તાનના આ ષડયંત્રોને નબળા કરશે. વડાપ્રધાન મોદીએ 2018માં ઈન્ડોનેશિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી. બંને દેશોએ દ્વિપક્ષીય સંબંધો સ્થાપિત કરવા ભાગીદારી કરી હતી. તદુપરાંત મોદીએ ગત વર્ષે રિયો-ડી-જાનેરિયોમાં રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સાથે મુલાકાત કરી હતી.

**બ્રહ્મોસ ઈન્ડો-પેસિફિક દેશોનું રક્ષણ કરશે |** ભારતમાં નિર્મિત બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના ઘણા દેશોને ચીન સામે સ્વરક્ષણ પૂરુ પાડતાં સુરક્ષા કવચ પ્રદાન કરશે. ફિલિપાઈન્સ બાદ હવે ઈન્ડોનેશિયા પણ ભારત પાસેથી બ્રહ્મોસ મિસાઈલ ખરીદવા જઈ રહ્યું છે. મલેશિયા અને વિયેતનામ નામના અન્ય બે દેશોએ તેમાં રસ દાખવ્યો છે, થાઈલૅન્ડ તરફથી પણ સકારાત્મક સંકેતો મળી રહ્યા છે.

### દરેક ક્ષેત્રમાં સહયોગ વધાર્યો

ભારત અને ઈન્ડોનેશિયાએ 2018માં રક્ષા સંબંધોને મજબૂત બનાવવા એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. બાદમાં બંને દેશોની સેનાએ સંયુક્ત યુદ્ધાભ્યાસ શરુ કર્યો હતો. 1997માં અંતરિક્ષ ક્ષેત્રમાં પણ જોડાણ કર્યું હતું. ભારત ઈન્ડોનેશિયાને દવાઓ અને ઉપચાર સાધનોની નિકાસ કરે છે. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. તે દરમિયાન રાજનીતિ, રક્ષા, સુરક્ષા સહયોગ, વેપાર વગેરે વિષયો પર ચર્ચા કરશે. અન્ય ઘણા વેપાર કરાર થવાની શક્યતા પણ છે.

### ઈન્ડોનેશિયા ચોથી વખત અતિથિ વિશેષ

ભારતે પોતાના 76મા ગણતંત્ર દિવસની ઉજવણી માટે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખને અતિથિ વિશેષ તરીકે આમંત્રણ આપ્યું છે. રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાંતો ચોથી વખત અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. આ મુલાકાતમાં ભારત ઈન્ડોનેશિયાને બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલ વેચવાના નિર્ણયને અંતિમ સ્વરૂપ આપી શકે છે.

# 26 જાન્યુઆરી પહેલા અમૂલની મોટી ભેટ

**અમૂલે તેના દૂધ ઉત્પાદનોના ભાવ ઘટાડવાની જાહેરાત કરી છે. 26 જાન્યુઆરી પહેલા લોકો માટે આ એક મોટી રાહત છે. કંપનીએ તેના ત્રણ અલગ અલગ દૂધ ઉત્પાદનો પર આ ભાવ ઘટાડ્યો છે. આમાં અમૂલ ગોલ્ડ, અમૂલ ટી સ્પેશિયલ અને અમૂલ ફ્રેશનો સમાવેશ થાય છે**



(એજન્સી) ગાંધીનગર | તા.24

અમૂલે તેના દૂધ ઉત્પાદનોના ભાવ ઘટાડવાની જાહેરાત કરી છે. 26 જાન્યુઆરી પહેલા લોકો માટે આ એક મોટી રાહત છે. કંપનીએ તેના ત્રણ અલગ અલગ દૂધ ઉત્પાદનો પર આ ભાવ ઘટાડ્યો છે. આમાં અમૂલ ગોલ્ડ, અમૂલ ટી સ્પેશિયલ અને અમૂલ ફ્રેશનો સમાવેશ થાય છે. અમૂલે તેના દૂધ ઉત્પાદનોના ભાવ ઘટાડવાની જાહેરાત કરી છે. 26 જાન્યુઆરી પહેલા લોકો માટે આ એક મોટી રાહત છે. કંપનીએ તેના ત્રણ અલગ અલગ દૂધ ઉત્પાદનો પર આ ભાવ ઘટાડ્યો છે. આમાં અમૂલ ગોલ્ડ, અમૂલ ટી સ્પેશિયલ અને અમૂલ ફ્રેશનો સમાવેશ થાય છે. તેમની કિંમતોમાં 1 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પહેલા અમૂલ ગોલ્ડની કિંમત 66 રૂપિયા હતી. હવે તે 65 રૂપિયામાં ઉપલબ્ધ થશે. અમૂલ ટી સ્પેશિયલની કિંમત 63 રૂપિયાથી ઘટાડીને 62 રૂપિયા કરવામાં આવી છે. જ્યારે અમૂલ તાઝા પહેલા 54 રૂપિયામાં ઉપલબ્ધ હતું. હવે તે 53 રૂપિયામાં ઉપલબ્ધ થશે. આ ઘટાડો ફક્ત 1-લિટર પેક પર જ લાગુ થશે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) ના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ આ જાહેરાત કરી છે. પ્રજાસત્તાક દિવસ પહેલા લોકો માટે આ એક મોટી રાહતના સમાચાર છે. કિંમત ઘટાડા પછી, કંપનીએ તેની પાછળ કોઈ કારણ આપ્યું નથી. દૂધના ભાવમાં વધારો કર્યા પછી અમુલે આટલો ઘટાડો કર્યો હોય તેવું આ પહેલી વાર બન્યું છે. હવે એવું માનવામાં આવે છે કે મધર ડેરી પણ તેના ભાવ ઘટાડી શકે છે.

### કેજરીવાલની હત્યા કરવાનું ષડયંત્ર: CM આતિશીનો ભાજપ અને પોલીસ પર ગંભીર આક્ષેપ

નવી દિલ્હી : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની જનસભા, પદયાત્રા અને રેલીઓમાં સતત થઈ રહેલા હુમલાને લઈને પંજાબ અને દિલ્હીના મુખ્યમંત્રીએ ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયાને પત્ર લખીને તેમની સિક્યોરિટી માટે ફરીથી માગ કરી છે. મુખ્યમંત્રી આતિશીએ ભાજપ અને પોલીસ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, 'અરવિંદ કેજરીવાલની હત્યા કરવાનું ષડ્યંત્ર ઘડવામાં આવી રહ્યું છે.દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે, 'હુમલાખોરોને ભાજપ અને કેન્દ્ર શાસિત દિલ્હી પોલીસ બચાવી રહી છે અને બહુ મોટું ષડયંત્ર ઘડાઈ રહ્યું છે. અરવિંદ કેજરીવાલને જાનથી મારી નાખવાના ષડયંત્રમાં બે ખેલાડીઓ છે.

# ભારતીય સેનાને 'સંજય'નું વિઝન મળશે



(એજન્સી) નવી દિલ્હી | તા.24

ભારતીય સેનાની દેખરેખ અને જાસૂસી ક્ષમતાઓના આધુનિકીકરણ તરફના એક મોટા પગલામાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે નવી દિલ્હીમાં બેટલફિલ્ડ સર્વેલન્સ સિસ્ટમનું ઉદ્ઘાટન કર્યું. આની એક ઝલક 26 જાન્યુઆરીની પરેડમાં જોવા મળશે.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે નવી દિલ્હીમાં સંજય - બેટલફિલ્ડ સર્વેલન્સ સિસ્ટમનું ઉદ્ઘાટન કર્યું. ભારતીય સેના અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા વિકસિત, આ અત્યાધુનિક સિસ્ટમ યુદ્ધના મેદાનમાં ભૂમિ અને હવાઈ સેન્સર ડેટા એકત્રિત કરે છે. જેમ મહાભારત દરમિયાન, યુદ્ધ સંબંધિત દરેક માહિતી સંજયની દૂરદેશી દ્વારા મેળવવામાં આવતી હતી, તેવી જ રીતે હવે સૈન્ય પાસે પણ એ જ દ્રષ્ટિ હશે. આની એક ઝલક 26 જાન્યુઆરીની પરેડમાં જોવા મળશે.Aમાર્ચ અને ઓક્ટોબર 2025 ની વચ્ચે તમામ ઓપરેશનલ યુનિટમાં સંજય સિસ્ટમ તૈનાત કરવામાં આવશે. આ સિસ્ટમ સેનાને ઝડપી અને સચોટ માહિતી પૂરી પાડશે, જે યુદ્ધના મેદાનમાં મહત્વપૂર્ણ સાબિત થશે. પહેલ આત્મનિર્ભર ભારત તરફનું બીજું એક મોટું પગલું છે.

# ગુજરાત સહિત 200 ટોલ પ્લાઝા પર કૌભાંડનો ઘટસ્ફોટ

(એજન્સી) વારાણસી | તા.24

દેશભરમાં 200થી વધારે ટોલ પ્લાઝા પર સોફ્ટવેર દ્વારા કરોડો રૂપિયાના કૌભાંડનો ઘટસ્ફોટ થયો છે. આ કૌભાંડ આચરનારા ત્રણ લોકોની STFના વારાણસી અને લખનૌ યુનિટે ધરપકડ કરી છે. મિર્ઝાપુરના લાલગંજ સ્થિત અતરૈલા ટોલ પ્લાઝા પર દરોડા પાડી આ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આરોપીએ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં આ પ્રકારનું કૌભાંડ આચરી NHAIને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે.જણાવવામાં આવી રહ્યું છે કે, મુખ્ય આરોપી આલોક કુમાર સિંહે MCAનો અભ્યાસ કર્યો છે અને તેને સોફ્ટવેર બનાવવાની સંપૂર્ણ જાણકારી છે. તેણે એક સોફ્ટવેર તૈયાર કર્યું હતું, જે ટોલ પ્લાઝાના કોમ્પ્યુટર સિસ્ટમમાં ઈન્સ્ટોલ કરી દેવાયું હતું. આ સોફ્ટવેર ફાસ્ટ ટેગ રહિત વાહનો પાસેથી વસુલવામાં આવતાં બમણાં ટોલ ટેક્સને NHAI સિસ્ટમથી અલગ કરી દેતું હતું. 42 ટોલ પ્લાઝા પર ઈન્સ્ટોલ કર્યું હતું આ સોફ્ટવેર STF અનુસાર, આરોપીઓએ આ સોફ્ટવેરને 42 ટોલ પ્લાઝા પર ઈન્સ્ટોલ કર્યું હતું. આલોક કુમાર સિંહે જણાવ્યું કે, તેણે આ કૌભાંડ ટોલ પ્લાઝાના માલિકો અને મેનેજરની મદદથી આચર્યું હતું. આ કૌભાંડ દ્વારા હાંસલ કરવામાં આવેલી રકમને ટોલ કર્મી અને પોતાના સાથીઓ વચ્ચે વહેંચવામાં આવતી હતી.

# હિમાચલ પ્રદેશમાં ભાંગની ખેતીને કેબિનેટની મંજૂરી

(એજન્સી) હિમાચલ પ્રદેશ | તા.24

હિમાચલ પ્રદેશની સુખવિંદર સિંહ સુક્ખુ સરકારે શુક્રવારે (24 જાન્યુઆરી) મોટો નિર્ણય લીધો છે. કેબિનેટ દ્વારા સત્તાવાર રૂપે ભાંગની ખેતીને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ રોહરૂની ડિગ્રી કૉલેજનું નામ બદલીને રાજા વીરભદ્ર સિંહ ગવર્નમેન્ટ ડિગ્રી કૉલેજ કરવાનો નિર્ણય લેવાયો છે.



### કેબિનેટના મોટા નિર્ણય

કેબિનેટે હિમાચલ પ્રદેશમાં હોમ સ્ટે નીતિ પર પણ મહોર લગાવી છે. કૂલ્લુ જિલ્લાના તાંદીમાં આગથી નાશ પામેલા ઘરને 7 લાખની મદદ આપવામાં આવશે. આંશિક રૂપે બળેલા મકાનને 1 લાખ અને ગૌશાળા માટે 50 હજાર રૂપિયાની ફાળવણી કરવામાં આવશે. આ સાથે જ 24 નવી VS6 વોલ્વો બસ ખરીદવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

### મત્સ્ય વિભાગમાં ભરતી

સરકારે IGMC હૉસ્પિટલ, TMC અને ચમિયાનામાં રોબોટિક સર્જરી માટે મશીન ખરીદવાની મંજૂરી આપી છે. આ સિવાય મત્સ્ય વિભાગમાં 28 પદ અને 9 બ્લોક ડેવલપમેન્ટ ઑફિસરની ભરતીની મંજૂરી આપવામાં આવી છે. સુક્ખુ સરકારે પીડબ્લ્યુડી વિભાગ માટે 50 બોલેરો ગાડી ખરીદવાની પણ મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ એક્સાઈઝ વિભામાં ફીલ્ડ ઈન્સપેક્ટર માટે 100 બાઈક ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે. સુક્ખુ સરકાર પીડબ્લ્યુડી વિભાગ માટે 50 બોલેરો ગાડી ખરીદવાની પણ મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ એક્સાઈઝ વિભામાં ફીલ્ડ ઈન્સપેક્ટર માટે 100 બાઈક ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે.

# અભિનેત્રી મમતા કુલકર્ણીએ સંન્યાસ લીધો



(એજન્સી) નવી દિલ્હી | તા.24

બોલિવૂડ અભિનેત્રી મમતા કુલકર્ણી કિન્નર અખાડાની મહામંડલેશ્વર બની ગઈ છે. તેણે સંગમના કિનારે પિંડદાન કર્યું. હવે તેનું નામ મમતા નંદગિરિ રાખવામાં આવશે. ફક્ત તેનો પટ્ટાભિષેક બાકી છે. કિન્નર અખાડાએ તેને આ પદવી આપી છે. અભિનેત્રી શુક્રવારે સવારે જ મહાકુંભમાં કિન્નર અખાડા પહોંચી હતી. તે કિન્નર અખાડાના આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મીનારાયણ ત્રિપાઠીને મળી અને આશીર્વાદ લીધા. બંને વચ્ચે લગભગ એક કલાક સુધી મહામંડલેશ્વર બનવા અંગે ચર્ચા થઈ હતી. શુક્રવારે જ મહામંડલેશ્વર લક્ષ્મીનારાયણ ત્રિપાઠી મમતા કુલકર્ણી સાથે અખિલ ભારતીય અખાડાના પ્રમુખ રવીન્દ્ર પુરી પાસે ગયા હતા. મમતા કુલકર્ણી અને રવીન્દ્ર પુરી વચ્ચે લાંબી વાતચીત થઈ. આ દરમિયાન કિન્નર અખાડાના અધિકારીઓ પણ હાજર હતા.


**ભારત સરકાર**
**સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું મંત્રાલય**
**ડેવલપમેન્ટ કમિશનરની ઓફિસ (MSME), નવી દિલ્હી.**

**નીચેની જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવે છે :**

- પ્રિન્સિપલ ડિરેક્ટર, ફ્રેગરન્સ એન્ડ ફ્લેવર ડેવલપમેન્ટ સેન્ટર (FFDC), કન્નૌજ (યુપી).
- ડિરેક્ટર, સેન્ટ્રલ ફૂટવેર ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (CFTI), આગ્રા (UP)
- પ્રિન્સિપલ ડિરેક્ટર, સેન્ટર ફિર ડેવલપમેન્ટ ઑફ ગ્લાસ ઈન્ડસ્ટ્રી (CDGI), ફિરોઝાબાદ (યુપી)

**સ્વાયત્ત સંસ્થાઓ ના મુખ્ય નિયામક/નિર્દેશક તરીકે કામ કરવાની નવી પડકારજનક તક રાહ જોઈ રહી છે (MSME મંત્રાલય હેઠળની ભારત સરકારની સોસાયટીઓ).**

**અમે ડોમેન જ્ઞાન, કૌશલ્ય સેટ્સ અને નેતૃત્વ ગુણો ધરાવતા ઊર્જાસભર, ગતિશીલ અને પ્રતિભાશાળી વ્યાવસાયિકો શોધી રહ્યા છીએ જેઓ સંબંધિત ક્ષેત્રમાં ઉચ્ચ પરિણામો આપવા માટે તેમના અનુભવ અને જ્ઞાનનો લાભ લેવા ઈચ્છે છે.**

યોગ્યતા માપદંડ, વિગતવાર જાહેરાત અને એપ્લિકેશન પ્રોફોર્મા સાથે, નીચેની વેબસાઈટ્સ પર ઉપલબ્ધ છે: www.dcmsme.gov.in, www.ffdcindia.org, www.cftiagra.org.in અને www.cdgiindia.net.

જો તમે પડકારજનક વાતાવરણમાં કામ કરવા ઈચ્છતા હોવ તો ઉપરોક્ત વેબસાઈટ્સ પર વિગતવાર જાહેરાતમાં આપેલા પ્રોફોર્મા મુજબ આધારભૂત દસ્તાવેજો સાથે યોગ્ય રીતે ભરેલું અરજીપત્રક સબમિટ કરો. અરજી સ્પીડ/રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા જ નીચેના સરનામે મોકલવી જોઈએ અને 24મી ફેબ્રુઆરી 2025 સુધીમાં પહોંચવી જોઈએ.

**અધિક વિકાસ કમિશનર (ટીસી), વિકાસ કમિશનરની કચેરી (એમએસએમઇ), રૂમ નં. 717, 7મો માળ, એ-વિંગ, નિર્માણ ભવન, મૌલાના આઝાદ રોડ, નવી દિલ્હી-110011.,**

નોંધ:- તમે જે પોસ્ટ અથવા સ્થાન માટે અરજી કરી રહ્યાં છો તેના માટે અલગ અરજી સબમિટ કરવી જોઈએ. અરજી ધરાવતું પરબિડીયું સ્પષ્ટપણે અરજી કરેલ સ્થિતિ અને સ્થાન સાથે ચિહ્નિત થયેલ હોવું જોઈએ****

CBC 25113/12/0154/2425


## ગુજરાતના પાડોશી રાજ્યના 17 શહેરોમાં દારુબંધી

# ધાર્મિક સ્થળોને લઈ CM મોહન યાદવનો મોટો નિર્ણય



(એજન્સી) મધ્યપ્રદેશ | તા.24

મધ્યપ્રદેશ સરકારે અડધો અડધ રાજ્યમાં દારુબંધી લાદવાની નિર્ણય સંભળાવ્યો છે. મુખ્યમંત્રી મોહન યાદવના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે રાજ્યના 17 પવિત્ર શહેરોમાં દારુ પર પ્રતિબંધ લાદવા મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય બાદ ઉજ્જૈન, જબલપુર, મંદસૌર સહિત 17 શહેરોમાં દારુ પર પ્રતિબંધ શરૂ થઈ ગયો છે. મુખ્યમંત્રી મોહન યાદવે કેબિનેટની બેઠકમાં ભાગ લેતા પહેલા આ જાહેરાત કરી દીધી હતી. તેમણે કહ્યું કે, 'આજની કેબિનેટની બેઠકમાં દારુબંધી અંગે સૌથી મહત્ત્વનો નિર્ણય જાહેર કરવામાં આવશે. મોહન સરકારે રાજ્યના 17 ધાર્મિક શહેરોમાં દારુબંધીનો નિર્ણય લીધો છે. આ શહેરોમાં ઉજ્જૈન, ઓમકારેશ્વર, મૈહર, ખજુરાહો, મહેશ્વર, ઓરછા, સાંચી, નલખેડા, સલકનપુર, જબલપુર, મંદસૌર જિલ્લાનું નામ સામેલ છે.મુખ્યમંત્રીએ કહ્યું કે, 'દારુના કારણે પરિવારોના પરિવારો બરબાદ થઈ જાય છે. તેના કારણે સામાજિક બદીઓ પણ ઉભી થાય છે, તેથી જ દેશી હોય કે પછી વિદેશી, ધાર્મિક શહેરોમાં દારુની દુકાનો બંધ કરી દેવામાં આવશે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે કહ્યું છે કે મહેશ્વર-જનપાવ લિફ્ટ સૂક્ષ્મ સિંચાઈ પ્રોજેક્ટ હવે લોકમાતા દેવી અહલ્યાબાઈ હોલકરના નામથી ઓળખાશે. દેવી અહલ્યાબાઈની ૩૦૦મી જન્મજયંતિ નિમિત્તે મહેશ્વર ખાતે ડેસ્ટિનેશન કેબિનેટનું આયોજન અને મંડલેશ્વરથી મહેશ્વર-જનપાવ સૂક્ષ્મ સિંચાઈ પ્રોજેક્ટ સહિત રૂ. ૧૦૪૨.૨૪ કરોડના બાંધકામ કાર્યોનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન; પુણ્ય-શ્લોક રાજ્ય સરકાર દ્વારા દેવી અહલ્યાબાઈનું સ્મરણ અને નીચેના તેણીએ બતાવેલો રસ્તો ફક્ત ચાલવાનો પ્રયાસ છે.

## ત્રણ સ્કૂલમાં ડોગ-બોમ્બ સ્ક્વોડનું ચેકિંગ, હજી યુનિવર્સિટી બિલ્ડિંગ-ગ્રાઉન્ડની તપાસ ચાલુ: DYSP

# વડોદરાની નવરચના સ્કૂલને બોમ્બથી ઉડાડવાની ધમકી

વડોદરા | વડોદરાની નવરચના સ્કૂલમાં બોમ્બ હોવાનો પ્રિન્સિપાલને વહેલી સવારે 3.49 વાગ્યે ઈ-મેલ મળતાં સ્કૂલના સત્તાધીશો અને પોલીસને જાણ કરી હતી.

નવરચનાની વડોદરા શહેરમાં ત્રણ સ્કૂલ આવેલી છે, જેમાં ભાયલી વિસ્તારની સ્કૂલના પ્રિન્સિપાલને ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. આ ઈ-મેલને પગલે પોલીસ દ્વારા ભાયલી વિસ્તારની એક સ્કૂલ અને સમા વિસ્તારની બે સ્કૂલ એમ ત્રણ સ્કૂલમાં બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. સાથે જ બસ સહિતનાં વાહનો અને આસપાસના વિસ્તારમાં પણ તપાસ કરવામાં આવી હતી.

જેમાં સમા વિસ્તારમાં આવેલી નવરચના સ્કૂલ અને નવરચના વિદ્યાની વિદ્યાલયમાં પોલીસને તપાસ દરમિયાન કંઈ મળ્યું નથી.

### હજી યુનિવર્સિટી બિલ્ડિંગ અને ગ્રાઉન્ડની તપાસ ચાલુ: DYSP

આ મામલે ડીવાયએસપી ચેતના ચૌધરીએ જણાવ્યું હતું કે, નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપલને ધમકી ભર્યો મેઈલ મળતા સ્થાનિક પોલીસ એલસીબી, ગ્રામ્ય એસઓજી સહિતની ટીમો સ્કૂલમાં પહોંચી ગઈ હતી અને સ્કૂલ કેમ્પસમાં તપાસ કરવામાં આવી હતી. પાઈપમાં પણ તપાસ કરવામાં આવી હતી. જો કે, અત્યાર સુધીની તપાસમાં કંઈ પણ મળ્યું નથી. હજી યુનિવર્સિટી બિલ્ડિંગ અને ગ્રાઉન્ડની તપાસ કરવામાં આવી રહી છે. ભાઈલી નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ કશ્મીરા જયસ્વાલએ જણાવ્યું હતું કે, સવારે 4:30 વાગ્યે મેં મારા પ્રિન્સિપલના આઈડી પર મેઈલ જોયો હતો. જેમાં બોમ્બ મુકાયાની ધમકી આપવામાં આવી હતી, જેથી મેં તુરંત જ પોલીસને જાણ કરી હતી. જેથી તમામ એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી અને પોલીસ તુરંત જ આવી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. આ પહેલા વિદ્યાર્થીઓને મેસેજ કરીને સ્કૂલમાં ન આવવા માટે જણાવી દેવાયું હતું. પોલીસનું ક્લિયરન્સ મળતા જ સ્કૂલ ચાલુ કરી દેવામાં આવશે.



**ત્રણેય સ્કૂલનાં નામ**
- ભાયલી નવરચના ઇન્ટરનેશનલ સ્કૂલ.
- સમા નવરચના સ્કૂલ.
- નવરચના વિદ્યાની વિદ્યાલય.

**કોલેજના વિદ્યાર્થીઓને રજા આપી દેવાય** : નવરચના યુનિવર્સિટી કેમ્પસની સ્કૂલને સવારથી બંધ કરવામાં આવી હતી, જ્યારે આજ કેમ્પસની કોલેજ ચાલુ હતી. અહીં વિદ્યાર્થીઓ-પ્રોફેસરોની અવરજવર પણ જોવા મળી હતી. જે બાદ 10.40 વાગ્યાની આસપાસ કોલેજના વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી હતી. નવરચના યુનિવર્સિટીના વિદ્યાર્થી નેત્ર શાહે જણાવ્યું હતું કે, અહીં બોમ્બની ધમકી મળી હોવાથી નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલમાં રજા આપી દેવામાં આવી છે. અમને કોલેજમાં રજા આપવામાં આવી નથી, જેથી અમને કોલેજમાં જતાં ડર લાગી રહ્યો છે. અમને રજા અંગે કોઈ જાણકારી આપવામાં આવી નથી, તેથી અમે કોલેજમાં આવ્યા છીએ. ઉલ્લેખનીય છે કે, નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલ કેમ્પસમાં જ નવરચના યુનિવર્સિટી બિલ્ડિંગ આવેલું છે. તેમ છતાં યુનિવર્સિટી બિલ્ડિંગ હજી ચાલુ છે. જેમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસર પણ જઈ રહ્યા છે.

### વિદ્યાર્થીઓ અને પ્રોફેસરની બેગ પણ ચેક કરાઇ

નવરચના યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીના વાલી જીતેન્દ્ર પંડયાએ જણાવ્યું હતું કે, દિવ્ય ભાસ્કર એપ્લિકેશનના માધ્યમથી અમને ખબર પડી હતી કે નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલમાં બોમ્બ મુકાયાની ધમકી મળેલી છે. જોકે, નવરચના યુનિવર્સિટીમાં મારી દીકરી ભણે છે, જેથી તેને મુકવા માટે અમે આવ્યા છીએ. મારી દીકરીને કોલેજમાં મોકલતા ડર લાગે છે. અગાઉ દિલ્હીમાં પણ આજ પ્રકારની ધમકી મળી હતી. નવરચના યુનિવર્સિટી બિલ્ડિંગમાં વાહનોનું ચેકિંગ કરીને અને આઈડી કાર્ડ ચેક કરીને જ દરેક વ્યક્તિને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. તમામ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરના બેગ પણ ચેક કરવામાં આવી રહ્યાં છે.

---

**મોરબીમાં એસએમસીની મોટી કાર્યવાહી**

## ટંકારા નજીક ગોડાઉનમાંથી ₹11.81 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(એજન્સી) મોરબી | તા.24

મોરબી જિલ્લામાં દારૂબંધીના કાયદાનું કડક અમલીકરણ કરવા માટે એસએમસીની ટીમે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. ટંકારાના લજાઈ ગામ નજીક ભરડીયા રોડ પર આવેલા સંકલ્પ ગોડાઉન પાસેના એક



ગોડાઉનમાં એસએમસીના પીએસઆઈ એસ.આર.શર્મા અને તેમની ટીમે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન ગોડાઉનમાંથી વિદેશી દારૂની કુલ 180 પેટી મળી આવી હતી. આ પેટીઓમાં 2,147 બોટલ દારૂ હતો, જેની કિંમત 11,81,414 આંકવામાં આવી છે. આ કેસમાં પોલીસે ગોડાઉન ભાડે રાખનાર રાજસ્થાની શખ્સ કમલેશકુમાર હનુમાનરામ અને દારૂનો જથ્થો મોકલનાર અન્ય એક વ્યક્તિ સામે ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે. એસએમસીની આ કાર્યવાહીએ સ્થાનિક પોલીસ, એલસીબી અને એસઓજીની કામગીરી સામે પ્રશ્નો ઉભા કર્યા છે. મોરબી જિલ્લામાં એસએમસીની ટીમ સતત સફળ દરોડા પાડી રહી છે, જે સ્થાનિક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પ્રકાશ ફેંકે છે. પોલીસે આરોપીઓની ધરપકડ માટે તપાસ શરૂ કરી છે.

---

## નર્મદા જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ:5 પોલીસ મથકે જપ્ત કરેલો ₹30 લાખનો વિદેશી દારૂ કરજણ નદી કિનારે નષ્ટ કરાયો

નર્મદા | નર્મદા જિલ્લા પોલીસે દારૂબંધીના કડક અમલીકરણ અંતર્ગત મોટી કાર્યવાહી કરી છે. જિલ્લાના 5 અલગ-અલગ પોલીસ મથક દ્વારા જપ્ત કરવામાં આવેલા 30.46 લાખની કિંમતના વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો છે.

રાજપીપળાના કરજણ નદી કિનારે આવેલા એરોડ્રામ વિસ્તારમાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાંત અધિકારી, મામલતદાર, નાયબ મામલતદાર, ડીવાયએસપી અને પીઆઈ સહિતના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. ડીવાયએસપી લોકેશ યાદવના જણાવ્યા અનુસાર, રાજપીપળા ટાઉન, આમલેથા, તિલકવાડા, ગરુડેશ્વર એક્તાનગર અને સલામતી પોલીસ સ્ટેશન દ્વારા વિવિધ કાર્યવાહીમાં આ દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. કુલ 23,206 બોટલ વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો, જેમાં વિવિધ બ્રાન્ડ્સની બોટલોનો સમાવેશ થાય છે. સમગ્ર કાર્યવાહી દરમિયાન સુરક્ષાની દૃષ્ટિએ પોલીસે વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. આ પગલું રાજ્યમાં દારૂબંધીના કાયદાના કડક અમલીકરણનું ઉદાહરણ છે, જે દર્શાવે છે કે પોલીસ તંત્ર ગેરકાયદે દારૂની હેરાફેરી સામે કડક કાર્યવાહી કરવા કટિબદ્ધ છે.

---

## ઊંઘની દવા બનાવવા માટે આ ડ્રગનો ઉપયોગ થતો, 6 લોકોની પૂછપરછ; આરોપીઓને અમદાવાદ લવાયા...

# ખંભાતમાં ATSના દરોડા, 100 કરોડનું ડ્રગ્સ મળ્યું

ખંભાત | ખંભાતના સોખડા સ્થિત જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં એન્ટિ ટેરેરિસ્ટ સ્ક્વોર્ડ (એટીએસ)ની ટીમે ગુરુવાર (23 જાન્યુઆરી) સવારે દરોડા પાડ્યા હતા. સ્ક્વૉર્ડના 60થી વધુ અધિકારીએ સર્ચ ઓપરેશન હાથ ધરીને રૂપિયા 100 કરોડથી વધુનો નશાયુક્ત પાઉડર કબજે કર્યો હતો. એટીએસની ટીમ ફેક્ટરીના સંચાલક સહિત કુલ 6 લોકોની ધરપકડ કરી તમામને અમદાવાદ લઇ ગઇ છે, જ્યાં તેમની પૂછપરછ ચાલી રહી છે. સમગ્ર મામલે ATS તપાસમાં વધુ ખુલાસા થવાની સંભાવના છે.

ગુજરાતનાં નાનાં શહેરો અને જિલ્લાઓનાં ગામમાં આવેલી ફેક્ટરીઓને ભાડે રાખીને ડ્રગ્સ બનાવવામાં આવતું હોય છે ત્યારે, વધુ એક ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ગુજરાત એટીએસ દ્વારા ઝડપી પાડવામાં આવી છે. આણંદના ખંભાત નજીકથી અલ્પ્રાઝોલમ દવા બનાવવા માટે ઉપયોગ થતાં ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે.

એટીએસએ જ્યારે તપાસ કરી ત્યારે ઊંઘની દવા અલ્પ્રાઝોલમ બનાવવા માટે જે ડ્રગનો ઉપયોગ થતો હોય છે તે મળી આવ્યું હતું. અંદાજિત 100 કિલોથી વધુ ડ્રગનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ.100 કરોડથી વધુ થાય છે. આ ડ્રગની બજાર કિંમત એક કિલોનો એક કરોડ રૂપિયા જેટલો ભાવ થાય છે. જેથી 100 કરોડથી વધુનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી ફેક્ટરીમાં આ જથ્થો બનાવવામાં આવતો હતો.

સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ખંભાતની સોખડા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝમાં એટીએસની ટીમે દરોડા પાડ્યા હતા. ગત વહેલી સવારથી બલ્ક ડ્રગ્સ અને મેન્યુફેક્ચરિંગ ગ્રીનલાઈફ ઈન્ડસ્ટ્રીઝમાં અંદાજે 18 કલાક સુધી તપાસ ચાલી હતી, જેમાં કંપનીના માલિકો, પાર્ટનર સહિત કર્મચારીઓની મોડી સાંજ સુધી પૂછપરછ કરાઈ હતી. કંપનીમાં ડ્રગ્સ હોવાની આશંકાને આધારે સર્ચ ઓપરેશન કરાયું હતું.




### આરોપીઓની ધરપકડ કરી અમદાવાદ લવાયા

આ સર્ચ ઓપરેશન દરમિયાન એટીએસની ટીમે આણંદ એસઓજી અને એફએસએલની ટીમને પણ સાથે રાખી હતી. ગુરુવારે મોડી સાંજ સુધી ઓપરેશન પૂરું થતાં જ એટીએસની ટીમ શંકાસ્પદ તમામ આરોપીઓની ધરપકડ કરી અમદાવાદ એટીએસ ઓફિસ ખાતે લાવવામાં આવ્યા છે. આરોપીઓની હાલ વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ડ્રગનો જથ્થો કેવી રીતે બનાવતા હતા અને ક્યાં સપ્લાય કરવાનો હતો, અન્ય કોઈ આ કૌભાંડમાં સંડોવાયેલું છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ફેક્ટરી દેવદિવાળીએ જ શરૂ કરાઈ હતી, જેમાં ફેક્ટરીના સંચાલક સહિત અન્ય લોકો અગાઉ ઈન્જેક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા, પરંતુ એ પછી તેઓએ કેમિકલનો ધંધો શરૂ કર્યો હતો. જેમાં તેઓ ઘેનયુક્ત પાઉડર બનાવતા હોવાની શંકા હતી. આ બાતમીના આધારે જ ટીમે દરોડો પાડ્યો હતો.

### અમદાવાદના 2 ભાગીદારે ફાર્મા કંપની શરૂ કરી હતી

ATSની તપાસમાં ખુલાસો થયો છે કે, અમદાવાદના 2 ભાગીદારોએ ફાર્મા કંપની શરૂ કરી હતી. આ ફાર્મા કંપનીમાં ઈન્જેક્શન સહિત દવાઓ બનતી હતી. અલ્પ્રાઝોલમ નામની ઊંઘની દવા ફેક્ટરીમાં બનતી હતી. ATS દ્વારા શંકાસ્પદ કેમિકલના 21 બેરલ જપ્ત કરાયાં છે. દહેજથી એન્જિનિયર બોલાવી ડ્રગ્સ બનાવાતું હોવાની શંકાના આધારે ATSએ ડ્રગ્સ બનાવતા એન્જિનિયરને પણ દબોચ્યો છે. ATSએ મોડી રાત્રે કંપનીને સીલ કરી તમામ આરોપીઓની ધરપકડ કરી અમદાવાદ વધુ પૂછપરછ માટે લઇ ગઇ છે. સમગ્ર મામલે ATS તપાસમાં વધુ ખુલાસા થવાની સંભાવના છે.

---

# ફ્રીમાં ખાતું ખોલી આપી શેરમાં મહિને 300% રિટર્નના નામે ઠગ ટોળકીએ વિદ્યાર્થી પાસે 50 લાખ પડાવ્યા...

(એજન્સી) સુરત | તા. 24

તમને ફ્રીમાં પ્રાયમરી એકાઉન્ટ ખોલી આપવામાં આવશે અને પ્રાયમરી એકાઉન્ટ દ્વારા મહિનામાં 300 ટકા જેટલું રિટર્ન આપીશું એમ કહી કતારગામમાં રહેતા MScના વિદ્યાર્થીને શેર બજારમાં રોકાણ કરાવી ઠગ ટોળકીએ 50.08 લાખની રકમ પડાવી છે. વિદ્યાર્થીએ લાખોની રકમ પિતા, ભાઈ અને કાકા પાસેથી લઈને શેર માર્કેટમાં રોકી હતી.

મળતી વિગતો અનુસાર, કતારગામ રહેતા ધાર્મિક જીકાદરાએ સાયબર ક્રાઈમમાં આ અંગે ફરિયાદ આપી છે, જેના આધારે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. વધુમાં 20 વર્ષીય ધાર્મિકે ઈન્સ્ટાગ્રામ પર ડિસેમ્બર 2023માં ઓનલાઈન રોકાણ કરવા માટેની જાહેરાત જોઈ હતી, જેમાં શેર માર્કેટમાં રોકાણ કરવાથી એક મહિનામાં 30 ટકા જેટલો પ્રોફિટ થશે એવું કહેવામાં આવ્યું હતું. ધાર્મિકે લિંક પર ક્લિક કરતાં વોટસએપ ગ્રુપ ઓપન થયું હતું. આ ગ્રુપમાં એડમિન તરીકે કોઈ આશિષ શાહનું નામ આવતું હતું. ત્યાર બાદ આશિષ શાહ દલાલ સ્ટ્રીટ ટ્રેડિંગ ચેમ્પિયન વોટસએપ ગ્રુપમાં શેર ખરીદી-વેચાણ માટે વાત થતી હતી.

એટલું જ નહીં, આ ઠગ ટોળકી કોઈને પ્રોફિટ થયો હોય તો તેના સ્ક્રીન શોટ સાથેની માહિતી ધાર્મિકને મોકલી આપતા અને ટિપ્સ આપવામાં આવતી હતી. ધાર્મિકને વોટસએપ પર ગુગલ ફોર્મની લિંક મોકલી હતી, જેમાં જણાવાયું હતું કે, આ પ્રોજેક્ટ માટે તમારું કેપિટલ કેટલું રહેશે, એમ કહી ગુગલ ફોર્મમાં ધાર્મિકે જરૂરી માહિતી ભરી કેપિટલમાં 1 લાખ ભરીને સબમિટ કરી હતી. ત્યાર બાદ એક લિંકના આધારે એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. 300 ટકાના પ્રોજેકટના પહેલા સ્ટોક આપવા ઠગે રિચાર્જ માટે રૂપિયા ડિપોઝિટ કરવા કહ્યું હતું. આથી ધાર્મિકે શરૂઆતમાં 5 હજારની રકમ ટ્રાન્સફર કરી હતી. વળી એપ્લિકેશનમાં 5 હજારની રકમ જમા બતાવતી હતી. આથી ધાર્મિકે 95 હજારની રકમ ટ્રાન્સફર કરી હતી. 8 ડિસેમ્બરે ધાર્મિકે ફરી 50 હજાર ટ્રાન્સફર કર્યા હતા. એપ્લિકેશનમાંથી ધાર્મિકે 1 હજારની રકમ વિડ્રો કરી હતી. આથી તેને વધુ વિશ્વાસ આવી ગયો હતો. ત્યાર બાદ ધાર્મિકે શેર માર્કેટમાં ઓનલાઈન રોકાણ કરવા માટે પિતા, ભાઈ અને કાકાના બેંક ખાતાંમાંથી ટુકડે ટુકડે 50.08 લાખની રકમ ઠગ ટોળકીના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી. ઈન્સ્ટાગ્રામની લિંક પર ક્લિક કરતાં જ વોટ્સએપ ગ્રુપ ખુલતું હતું, જેમાં કોઈને પ્રોફિટ થયો હોય તો સ્ક્રીન શોટ સાથે પોસ્ટ મૂકાતી હતી. દિવસમાં બે લાઈવ સેશન કરી ટિપ્સ અપાતી, ગ્રુપના સભ્યોએ એકસાથે જ શેર ખરદવા એવું કહેવાતું હતું. અપર સર્કિટવાળા સેર ખરીદવા પ્રાઈમરી એકાઉન્ટ કોલવું પડશે એવું કહેવાતું હતું.

---

## કોર્ટે ભરત ચૌધરીને 15 દિવસ માટે પાસપોર્ટ આપ્યો, 2 લાખની ડિપોઝિટ અને 50 હજારના જામીન મંજૂર

# 52 અબજના સટ્ટા કૌભાંડનો આરોપી દુબઈ જશે

(એજન્સી) પાટણ | તા. 24

પાટણની સેશન્સ કોર્ટે 52 અબજથી વધુના સટ્ટા કૌભાંડના આરોપી અને દુબઈ કનેક્શન ધરાવતા ભરત મુમજીભાઈ ચૌધરીને 15 દિવસ માટે દુબઈ જવાની મંજૂરી આપી છે. જજ પ્રશાંત એચ. શેઠે આરોપીને રૂ. 2 લાખની રોકડ ડિપોઝિટ અને રૂ. 50 હજારના સદ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા સાથે પાસપોર્ટ પરત કરવાનો આદેશ કર્યો છે.

ભુજ કચ્છ બોર્ડર રેન્જ સાઈબર ક્રાઈમ પોલીસે 27 જુલાઈ 2024ના રોજ પાટણમાંથી પકડેલો ભરત ચૌધરી હાલમાં જામીન પર મુક્ત છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા અને મૂળ રાધનપુરના કમાલપુરના વતની ચૌધરીએ તેમના વકીલ ડી.બી. પંડ્યા મારફતે કોર્ટમાં અરજી કરી હતી. આરોપીએ દુબઈમાં રહેલા બેંક એકાઉન્ટ અને અન્ય એગ્રીમેન્ટમાં ફેરફાર કરવા માટે 90 દિવસ સુધી પાસપોર્ટ પરત આપવાની માગણી કરી હતી. આરોપીએ વિદેશથી પરત ફર્યા બાદ તરત જ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવાનો રહેશે અને વિદેશ જતા પહેલા પાસપોર્ટની એક નકલ કોર્ટમાં જમા કરાવવાની રહેશે.

વકીલ ડી.બી.પંડયા મારફતે પાટણની સેશન કોર્ટમાં પોતાને વિદેશ દુબઈ જવા માટે પોતાની અગાઉની જામીન અરજીમાં મુકેલી બે શરતો કે જેમાં પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવો અને અદાલતની મંજૂરી સિવાય ભારતની હદ છોડવી નહીં તેવી શરતોમાં કામચલાઉ ફેરફાર કરીને પોતાનો પાસપોર્ટ 90 દિવસ સુધી પરત આપવા અને ભારત દેશની હદ છોડવા પરવાનગી આપવા માટે રજુઆત કરતી અરજીમાં જણાવ્યું હતુ.



### દુબઇ જવા માટે આ કારણો અરજીમાં દર્શાવ્યા હતા

આરોપી ભરત ચૌધરીની અરજીમાં વધુમાં જણાવાયું હતું કે, ભરત ચૌધરી ભારત તથા દુબઈ અવારનવાર જતો આવતો હોવાથી તેને દુબઈ ખાતે નોકરીના કામે જવું જરૂરી હોવાથી અને દુબઈની બેંકમાં એકાઉન્ટ ધરાવતા હોવાથી તે એકાઉન્ટ મેઈનટેન કરવા પોતાને ત્યાં જવું જરૂરી છે. આ એકાઉન્ટ બંધ ન કરાવે તો ત્યાંની સરકાર તેને મોટો દંડ તેમજ તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકે તેમ છે. પોતે દુબઈ ખાતે રેન્ટ એગ્રીમેન્ટથી ફ્લેટમાં ભાડે રહેતો હોવાથી તેની અવધિ પતી ગયેલી હોવાથી રીન્યુ કરાવવા તથા રદ કરવા માટે તેને દુબઈ જવું જરૂરી છે.

### અરજીને કોર્ટે 15 દિવસ માટે આંશિક મંજૂર કરી

આરોપી ભરત ચૌધરીના વકીલ મારફતે કરાયેલી આ અરજીને કોર્ટે આંશિક મંજૂર કરી છે અને 15 દિવસ માટે દુબઈ જવાની અને એટલા દિવસ માટે પાસપોર્ટ તેને પરત કરવાનો આદેશ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી ભરત ચૌધરીને તા. 25-10-24 રોજ નિયમિત જામીન પર છોડાયો હતો.

---

**વ્યક્તિ કેરબો લઈ દોટ મૂકીને ક્લિનિકમાં ઘૂસ્યો : તબીબ પર સલ્ફ્યુરિક એસિડ ફેંકતા હાલત ગંભીર**

# સુરતમાં ડોક્ટર પર એસિડ એટેક, CCTVમાં કેદ

(એજન્સી) સુરત | તા. 24

સુરતના ગોડાદરા વિસ્તારમાં 23 જાન્યુઆરીની રાત્રે એક હચમચાવી નાખતી ઘટના બની હતી. શ્રીસાંઈ ક્લિનિક ચલાવતા ડૉ. શામજી બલદાણિયા પર એક વ્યક્તિ દ્વારા એસિડ એટેક કરવામાં આવ્યો હતો. ગુરુવાર રાત્રે પોણા આઠ વાગ્યાની આસપાસ એક વ્યક્તિ કેરબો લઈને ડૉક્ટરના ક્લિનિકમાં ઘૂસ્યો હતો અને સલ્ફ્યુરિક એસિડ વડે ડોક્ટર પર હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટનાના સીસીટીવી કેમેરામાં પણ કેદ થવા પામી છે.

ઘટનાના સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, પીળા રંગનો શર્ટ પહેરેલ એક વ્યક્તિ હાથમાં એસિડનો કેરબો લઈને એકાએક દોટ મૂકીને ક્લિનિકમાં પ્રવેશ કરે છે. શખ્સે ગણતરીની સેકન્ડોમાં ડૉક્ટર પર એસિડ ફેંક્યો. આ હુમલા બાદ ડૉ. બલદાણિયા આ શખ્સ સાથે ઝપાઝપી કરતા જોવા મળે છે અને તે શખ્સને ધક્કો મારીને ક્લિનિકની બહાર કાઢી મૂકે છે. ત્યારબાદ ડૉક્ટર ગંભીર રીતે દાઝી ગયા છતાં મદદ માટે નજીકના મેડિકલ સ્ટોર સુધી દોડી જાય છે.

આ ઘટનામાં ડૉ. શામજી બલદાણિયાની હાલત નાજુક હોવાની માહિતી મળી રહી છે. ઘટના બાદ તેઓને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ



ગોડાદરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપી શખ્સને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો. જાણકારની માહિતી મુજબ, હુમલો કરનાર શખ્સ ધીરુ કવાડ હતો, જે ડૉ. બલદાણિયાનો જ પરિચિત છે. કૌટુંબિક વિખવાદને કારણે આ હુમલો કરાયો હોવાનો પ્રાથમિક અંદાજ છે. ધીરુ કવાડે હુમલાની પૂર્વે બે વાર ક્લિનિકની રેકી કરી હતી અને આ યોજના બનાવ્યા બાદ એસિડનો કેરબો લઈને ડૉક્ટર પર હુમલો કર્યો. આ કેસમાં આગળની તપાસ ચાલી રહી છે અને પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

---

## મોબાઈલ ચોરીનો આરોપ મૂકી માર મારનાર ચાર શખ્સ સામે મૃતકના ભાઈની ફરિયાદ...

(એજન્સી) મોરબી | તા. 24

વાંકાનેરમાં એક ચકચારી આપઘાત કેસમાં નવો વળાંક આવ્યો છે. મિલ પ્લોટ વિસ્તારની નવજીવન સોસાયટીમાં રહેતા યુવક ભાવેશભાઈ દલસાણીયાએ કરેલા આપઘાત મામલે તેમના ભાઈ કિરીટભાઈએ ચાર શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. કિરીટભાઈ દલસાણીયા (ઉ.37)એ વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, નરેશભાઈ ડાયાભાઈ ચાવડા, તેમના પુત્ર અભિભાઈ, તેમનો બીજો પુત્ર અને નરેશભાઈના બનેવીના પુત્ર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આરોપીઓએ મૃતક ભાવેશભાઈ પર મોબાઈલ ચોરીનો આરોપ મૂકી, તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીઓએ ભાવેશભાઈને મોબાઈલ ચોરીનો ખોટો આરોપ લગાવી અપશબ્દો કહ્યા અને માર માર્યો હતો. મોબાઈલ પરત કરવા માટે સતત દબાણ કરવામાં આવતું હતું. આ ત્રાસથી કંટાળીને ભાવેશભાઈએ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું.

પોલીસે આ ગંભીર મામલે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટના વાંકાનેર શહેરમાં ચર્ચાનો વિષય બની છે, અને સમાજમાં ખોટા આરોપો અને માનસિક ત્રાસના કારણે થતા આપઘાતની ગંભીરતા સામે ધ્યાન દોર્યું છે.

---

## પિતરાઈ ભાઈએ મહિલાની ખોટી સહીઓ લઈ 40 લાખની લોન લીધી

(એજન્સી) રાજકોટ | તા. 24

ગોંડલ રોડ ઉપર પીડીએમ કોલેજ પાછળ સ્વામિનારાયણ ચોક પાસે ટપુભુવન પ્લોટમાં રહેતાં બ્રિન્દાબેન નિરજભાઈ પટેલ (ઉં.વ.43)ની લોનના કાગળોમાં ખોટી સહીઓ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી તેના પિતરાઈ ભાઈ અમિત મનહરભાઈ બોરડએ ફાઈનાન્સ કંપનીમાંથી તેની જાણ બહાર રૂ.40 લાખની લોન લઈ લીધાની યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

બ્રિન્દાબેને પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે હાલ ઘરેથી જ સર્વિસ પ્રોવાઈડરનું કામ કરે છે. તેના પતિ ચારેક વર્ષથી આફ્રિકાના જાંબીયા દેશમાં કંપનીમાં નોકરી કરે છે. 2017માં તેણે તેના પિતરાઈ ભાઈ અમિત બોરડ કે જે તેના ઘરના ઉપરના માળે ભાડે રહેતો હતો, તેની સાથે મળી ભાગીદારીમાં શ્રી પાવડર કોટીંગ નામની ગોંડલ રોડ ઉપર પેઢી શરૂ કરી હતી. જેમાં તે લોખંડના પાર્ટસને કલર કરવાનું જોબવર્ક કરતા હતા. આ પેઢીના ડીડમાં માત્ર તેનું નામ રાખેલું હતું. બધો વહિવટ તેના વતી પતિ નિરજભાઈ અને આરોપી અમિત કરતા હતા. છેલ્લે વિરાણી અઘાટ પ્લોટમાં આ પેઢી ચાલતી હતી. તેના પતિ ચારેક વર્ષથી આફ્રિકા જતા રહેતાં અને દિકરો પણ ધો.12માં અભ્યાસ કરતો હોઈ પેઢીમાં ધ્યાન આપી શકતા ન હતા. જેથી પેઢીમાંથી છુટા થવાનું નક્કી કરી ગઈ તા.4.4.2024નાં આરોપીને છૂટા થવા માટે નોટિસ આપી હતી.

### સફાઇ વેરામાં ૧૦૦ ટકા અને મિલકત વેરામાં આંશિક વધારા સાથે

# કોર્પોરેશનનું ૧,૭૪૪ કરોડનું ડ્રાફ્ટ બજેટ

(એજન્સી) ગાંધીનગર | તા.24

ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬નું ડ્રાફ્ટઅંદાજપત્ર મ્યુનિ.કમિશનર દ્વારા સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું.સફાઇ વેરામાં ૧૦૦ ટકા અને મિલકત વેરામાં આંશિક વધારા સાથે ગત વર્ષની સરખામણીએ ૪૮૪ કરોડના વધારા સાથે ૭૪.૩૪ કરોડની પુરાંતવાળું ૧,૭૪૪ કરોડ રૃપિયાનું બજેટ રહેવા પામ્યું છે. જેમાં ગાંધીનગરના નવા અને જુના વિસ્તારોમાં વિવિધ વિકાસ કામો પાછળ ૧,૩૦૯ કરોડ રૃપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હવે સ્થાયી સમિતિ દ્વારા આ બજેટનો અભ્યાસ કરીને તેમાં સુધારા વધારા સુચવીને મંજુરી અર્થે મોકલી આપવામાં આવશે.



રાજ્યના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાનું ૧૪મું સામાન્ય બજેટ આજે મ્યુ. કમિશનર જે.એન.વાઘેલા દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. સવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં કમિશનરે વર્ષ ૨૦૨૫-૨૬નું ડ્રાફ્ટ અને વર્ષ ૨૦૨૪-૨૫ના રીવાઇઝ અંદાજપત્રોને રજુ કરતા જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૬ની પૂર્વ તૈયારી તેમજ વર્ષ ૨૦૩૬ના ઓલમ્પિકના યજમાનના દાવા તથા ટ્વીન સિટીના બદલે ટ્રાઇસિટીના અભિગમ સામે બજેટ રજુ કરવામાં આવ્યું છે. મહાત્મા મંદિર, ગિફ્ટસિટીને કારણે ગાંધીનગર રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોનું યજમાન થતું રહ્યું છે ત્યારે દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગર શહેરની મુલાકાતે આવતા હોવાથી આંતરમાળખાકીય સુવિધા સફાઇ અને લેન્ડ સ્કેપીંગ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાના હોવાના જરૃરી છે. જેથી આ બજેટમાં આંતરરાષ્ટ્રીયકક્ષાની સુવિધા ઉપર ભાર મુકવામાં આવ્યો છે.ત્યારે વર્ષ ૨૦૨૫-૨૬ના આ ડ્રાફ્ટ બજેટમાં સામાજિક આંતરમાળખાકિય સુવિધા માટે ૨૮૭.૬૬ કરોડ, ભૌતિક આંતરમાળખાકિય સુવિધા માટે ૭૮૩.૪૩ કરોડ, શિક્ષણ માટે ૪૩.૭૧ કરોડ, આરોગ્ય માટે ૪૪ કરોડ, સફાઇ માટે ૧૩૦ કરોડ જ્યારે આગવી ઓળખના કામો માટે ૨૩૯ કરોડ તથા અન્ય કામો માટે ૨૧૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.સફાઇમાં ૧૦૦ ટકા અને મિલકત વેરામાં આંશિક વધારા સાથે ૭૪.૩૪કરોડની પુરાંત સાથે વર્ષ ૨૦૨૫-૨૬નું ૧,૭૪૪.૨૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજુ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં ૧,૩૦૯ કરોડ રૃપિયા વિવિધ વિસ્તારોના વિકાસ કામો પાછળ ખર્ચાશે તો ૭૩.૮૮ કરોડ રૃપિયા મહેકમ ખર્ચ, ૨૪ કરોડ ઇલેક્ટ્રીસીટી અને નિભાવ ખર્ચ અને ૧૩.૮૪ કરોડ રૃપિયા બગીચા નિભાવણી ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ ઉપરાંત કંટીજન્સી ખર્ચ પેટે ૭૩.૬૯ કરોડની જોગવાઇ તથા નિભાવણી ખર્ચ તરીકે ૫૨.૩૪ કરોડની જોગવાઇ હાલ ડ્રાફ્ટ બજેટમાં કરવામાં આવી છે. આગામી સમયમાં હવે સ્થાયી સમિતિમાં આ ડ્રાફ્ટ બજેટમાં જરૃરી સુધારા વધારા સુચવવામાં આવશે અને ત્યાર બાદ આખરી બજેટ સામાન્ય સભામાં મંજુર અર્થે મુકવામાં આવશે.

## નડિયાદના ઉત્તરસંડામાં નજીવી બાબતના ઝઘડામાં મારામારી

(એજન્સી) નડિયાદ | તા.24

નડિયાદના ઉત્તરસંડા ગામે ઠાકોર પરિવાર વચ્ચે નજીવી બાબતે ઝઘડો થયો હતો. જેમાં ચાર શખ્સોએ ગમે તેમ ગાળો બોલી ધમકી આપતા મારામારી થઇ હતી. આ બનાવ સંદર્ભે વડતાલ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ તાલુકાના ઉતરસંડા ગામે રહેતા સંજયભાઈ ધનજીભાઈ ઠાકોર યશ પાપડ ફેક્ટરીમાં નોકરી કરે છે. તેઓ ગઈકાલે નોકરી પરથી ઘરે ગયા હતા. ત્યારે તેમના પિતા ધનજીભાઈને રાજુભાઈ દિનેશભાઈ ઠાકોર બોલાચાલી કરી ઝઘડતા હતા. આ ઝઘડામાં છોડાવવા દોડી આવેલા તેમના કાકા સુમનભાઈ તેમજ તેમના પિતા ધનજીભાઈને ઝપાઝપી થતાં ઈજા થઈ હતી.રાજુભાઇ અને તેમના સબંધીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે સંજયભાઈ ધનજીભાઈ ઠાકોરની ફરિયાદ આધારે વડતાલ પોલીસે રાજુભાઈ દિનેશભાઈ ઠાકોર, દીપકભાઈ બુધાભાઈ, મનીષભાઈ નારા ઉર્ફે નાનો ઠાકોર તેમજ સંજય નામના ઈસમ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### જોખમી કચરાનો કચવાટ

## નગરામાં ડમ્પિંગ સાઈટ ચાલુ થશે તો કંપની બહાર ધરણા કરવાની ગ્રામજનોની ચીમકી



(એજન્સી) ખેડા | તા.24

માતર તાલુકાના નગરામાં ગામની સીમમાં સોલિડ કેમિકલ વેસ્ટ કચરાની ડમ્પિંગ સાઈટ જો ફરીવાર ચાલુ કરવામાં આવશે તો ગ્રામ લોકો કંપનીની બહાર ગેટ ઉપર બેસીને ધરણા કરશે. સાથે આજુબાજુના દસ ગામોના લોકો પણ આ કંપની સામે વિરોધ પ્રદર્શન કરવા માટે તૈયાર છે. જીપીસીબી ડિવિઝન ગાંધીનગર ખાતેથી ભલે મંજૂરી મેળવી હોય તો પણ અમે આ ડમ્પીંગ સાઈટ ચાલુ થવા નહિ દઈએ તેવું સરપંચ અને નાગરિકોએ જણાવ્યું હતું. નગરામાં ગામની સીમમાં ક્લસ્ટર એન્વાયરમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપની આવેલી છે. જે કંપની દ્વારા ખાનગી કંપનીઓમાંથી સોલિડ કેમિકલ વેસ્ટ કચરો જમીનમાં ઉતારીને ડમ્પિંગ કરવાનો પ્રોજેક્ટ 2018માં શરૂ કરવામાં આવ્યો હતો. જે ડમ્પીંગ સાઈટ ચાલુ થતા ગામ લોકોએ ભારે વિરોધ કરીને આ પ્રોજેક્ટને બંધ કરાવવામાં આવ્યો હતો. વેસ્ટ કેમિકલ કચરો જમીનમાં ઉતરવાથી પીવાના પાણી તેમજ જમીનને ભારે નુકસાન થતું હોય અને દુર્ગંધ આવતી હોવાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતા હતા. જેને પગલે ગામ લોકોએ ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરીને ડમ્પિંગ સાઈટ બંધ કરાવી દેવામાં આવી હતી. જ્યારે બુધવારે પાંચ વર્ષ પછી ફરીવાર ડમ્પીંગ સાઈટ ચાલુ કરવા માટે બે ટ્રક કેમિકલ વેસ્ટ કચરો લાવવામાં આવ્યો હતો જેની સામે ગામ લોકોએ વિરોધ કરી બંને ટ્રક નો કચરો અમે ડમ્પિંગ સાઈટ ઉપર નાખવા દીધો નથી અને ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

### સાડા ત્રણ માસ પૂર્વે બિલ્ડર સાથે થઈ હતી રૂા. ૧૫ લાખની ઠગાઈ

## ડિજિટલ એરેસ્ટના પ્રકરણમાં વધુ એક શખ્સની ઈન્દોરથી ધરપકડ

(એજન્સી) ભાવનગર | તા.24

સાડા ત્રણ માસ પૂર્વે કન્સ્ટ્રકશનનાં વ્યવસાયી આધેડને ડિજિટલ એવરેસ્ટ કરી સિક્યુરીટી ડિપોઝીટના નામે રૂ.૧૫ લાખ પડાવી લેવાના પ્રકરણમાં બે શખ્સો ઝડપાયા બાદ આ ચકચારી પ્રકરમાં સંડોવાયેલા વધુ એક શખ્સને સાઈબર ક્રાઈમની ટીમે ઈન્દોરની જેલમાંથી ટ્રાન્સફર વોરંટ મેળવી ઝડપી પાડયો હતો. બનાવની વિગત એવી છે કે, શહેરના મહિલા કોલેજ નજીક રહેતાં અને હાલ પુણે માં કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા મયુરભાઈ જીવરાજભાઈ પટેલને અંદાજે સાડા ત્રણ માસ પૂર્વે અજાણ્યા ઈસમોએ તેમના નામના પાર્સલમા ડ્રગ્સ અને ગેરકાયદેસર વસ્તુઓ આવી હોવાનુ જણાવી ધમકાવ્યા હતા અને અજાણ્યા શખ્સોએ પોતે સીબીઆઇ તથા પોલીસમા હોવાની ખોટી ઓળખ આપી, મયુરભાઈના નામનો ઈડી તથા સુપ્રીમકોર્ટના બનાવટી લેટર તથા વોરંટ મોકલી ડિજિટલ અરેસ્ટ કર્યા હતા. અને તેમની પાસેથી સિક્યુરીટી ડિપોઝીટના નામે કુલ રકમ રૂ.૧૫ લાખ મેળવી છેતરપિંડી-વિશ્વાસઘાત કર્યો હતો.આ બનાવ મયુરભાઈની ફરિયાદના આધારે ભાવનગર રેન્જના સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશને છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમ અન્વયે ગુન્હો નોંધ્યો હતો. બનાવ અંગે પોલીસે ઘનંજય મુકેશભાઇ પુરોહિત અને જુનેદ યારીફભાઇ વ્હોરાને ઝડપી લીધા હતા. જયારે, આજે ટીમે ઈન્દોરની જેલમાં રહેલાં અલ્તાફહુસેન મહંમદરફીક કુરેશી ની ટ્રાન્સફર વોરંટથીધરપકડ કરી હતી.ટીમે સાંજે આરોપીને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે આરોપીના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ઈન્દોરની જેલમાંથી ટ્રાનસફર વાર્ટથી ભઆવનગર લવાયેલાં આરોપીનો ઈતિહાસ ગુન્હાહીત છે. ઝડપાયેલો અલ્તાફહુસેન મહંમદરફીક કુરેશી સામે ઈન્દોરમાં ડિજિટલ એરેસ્ટ કરી રૂા.૧.૬૦ કરોડની છેતરપિંડી આચરવાનો ગુન્હો નોંધાયો હતો. અને તે તેને ઈન્દોર અર્બન ક્રાઈમ બ્રાન્ચે ઝડપી જેલમાં ધકેલી આપ્યો હતો.

## મહાનગર ભાજપ પ્રમુખનું નકલી ફેસબુક એકાઉન્ટ બનાવી મિત્રો પાસે રૃપિયા માંગ્યા!

### સાયબર ગઠિયાઓનો આતંક યથાવત

(એજન્સી) ગાંધીનગર | તા.24

હાલમાં સાયબર ગઠિયાઓનો આતંક વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખનું નકલી ફેસબુક એકાઉન્ટ બનાવીને મિત્રો પાસેથી રૃપિયા માંગવાની ઘટના પ્રકાશમાં આવી છે. જે અંગે તેમનું મિત્રોએ ધ્યાન દોરતા આ અંગે સાયબર ક્રાઈમમાં જાણ કરવામાં આવી છે અને તેના આધારે પોલીસ દ્વારા વધુ તપાસ શરૃ કરવામાં આવી છે. ગાંધીનગરમાં વધતી આ પ્રકારની ઘટનાઓને પગલે લોકોએ ચેતવાની જરૃર છે. છેલ્લા ઘણા સમયથી સાયબર ક્રાઈમની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે તેમાં ખાસ કરીને આઈએએસ-આઈપીએસ અધિકારીઓના ડમી એકાઉન્ટ બનાવીને સંબંધિત વિભાગના અધિકારી કર્મચારીઓ પાસેથી રૃપિયાની માંગણી કરવામાં આવતી હોય છે. થોડા સમય અગાઉ ગાંધીનગરના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરનું એકાઉન્ટ બનાવી તેમનું પ્રોફાઈલ રાખીને અધિકારીઓ પાસેથી રૃપિયા માંગવામાં આવ્યા હતા. ત્યારે આ વખતે ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ રૃચિર ભટ્ટનું બનાવટી ફેસબુક એકાઉન્ટ બનાવીને સાઈબર ગઠિયાઓએ લોકો પાસેથી રૃપિયા પડાવવાનો પ્લાન કર્યો હતો પરંતુ તે ઉઘાડો પડી ગયો છે. જે અંગે મળતી વિગતો પ્રમાણે રૃચિર ભટ્ટના ફોટાનો ઉપયોગ કરી પ્રોફાઈલ બનાવવામાં આવી હતી અને ત્યારબાદ તેમના એકાઉન્ટમાં રહેલા મિત્રોને મેસેજ છોડી સાયબર ગઠીયાઓએ રૃપિયાની તુરંત જરૃર હોવાથી રૃપિયા માંગ્યા હતા.

### યુવાન મિત્ર સાથે ઉભા હતા ત્યારે બનાવ બન્યો

## જવાહર મેદાનમાં યુવાન પર બે શખ્સનો ધોકા વડે હુમલો

(એજન્સી) ભાવનગર | તા.24

શહેરના ભરતનગરમાં રહેતા યુવાને ઉછીના લીધેલાં રૂપિયા પરત આપી દીધા હોવા છતાંતેના પર બે શખ્સે ધોકા વડે વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવાનનો મોબાઈલ પણ તૂટી ગયો હતો અને પાકીટ પણ પડી ગયું હતું. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગર શહેરના ભરતનગર, શિવનગરમાં રહેતા અને સુરતમાં કાપડનો ધંધો કરતા યુવાન દિનેશભાઈ મોહનભાઈ રામચંદાણીએ અગાઉ દેવું થઈ જતા સન્ની કસોટીયા પાસેથી રૂા. પાંચ લાખ લીધા હતા. આ રકમ તેમણે પાંચ મહિના પહેલા ચૂકવી દીધી હોવા છતાં સન્ની કસોટીયાનો ભાઈ નાનુ કસોટીયા તેની સાથે આડોડાઈ કરતો હતો. ગત સાંજે દિનેશભાઈ રામચંદાણી શહેરના ગધેડીયા ફિલ્ડમાં તેમના મિત્ર સાથે વાતચીત કરતા હતા તે દરમિયાન એક્સેસ લઈને આવેલા રાહુલ ઉર્ફે નાનુ તોગાભાઈ કસોટીયા અને સંજય એ દિનેશભાઈ કાંઈ સમજે તે પહેલા ધોકા વડે આડેધડ માર મારી ઈજા પહોંચાડી હતી. મારામારી દરમિયાન દિનેશભાઈનો મોબાઈલ ફોન પણ તૂટી ગયો હતો અને તેમનું પાકીટ પણ ક્યાંક પડી ગયું હતું. દરમિયાન લોકો ભેગા થઈ જતા આ બંને શખ્સ ધમકી આપી જતા રહ્યા હતા.આ બનાવમાં ઈજાગ્રસ્ત દિનેશભાઈ રામચંદાણીને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમણે હુમલો કરનાર રાહુલ ઉર્ફે નાનુ તોગાભાઈ કસોટીયા અને સંજય વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### તળાજાના જુના શોભાવડ ગામનો ચકચારી બનાવ : દારૂ પકડાવ્યાની દાઝમાં ઘર પર પથ્થરમારો

# ચાર શખ્સોની ધમકીથી ડરી યુવાનનો ઝેરી દવા પી આપઘાત

(એજન્સી) ભાવનગર | તા.24



સપ્તાહ પૂર્વે દારૂ પકડાવ્યાની ફરિયાદ પાછી ખેંચી લેવા તળાજાના ચાર શખ્સની ધમકીથી ડરીને તળાજાના જુના શોભવડ ગામના યુવાને ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. બનાવ અંગે તળાજા પોલીસમાં મૃતકના ભાઈએ ચાર શખસો વિરૂદ્ધ મરવા મજબૂર કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તળાજાના જ ચાર શખ્સોએ ઘરે આવી યુવાનને ફરિયાદ પરત ખેંચી લેવા દબાણ કર્યું હતું અન્યથા મારી નાંખવાની ધમકી આપી હતી : ચાર સામે યુવાનના મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાઈ

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં સરાજાહેર દારૂ મળતો હોવાની વાત હવે સામાન્ય બની છે પરંતુ, દારૂના ધંધાર્થીઓ દ્વારા ધમકી આપી યુવાનને મજબૂર કર્યાની ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવતાં ભાવનગર શહેર અને જિલ્લામાં ચકચાર મચી છે.ભાવનગર શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાનું અસ્તિત્વ જ ન રહ્યું હોય તેવા બનેલાં ચકચારી બનાવની વિગત એવી છે કે, તળાજા તાલુકાના જુના શોભાવડ ગામમાં રહેતા દીપકભાઈ ખીમજીભાઈ સોસાએ ગત તા.૨૦ ના રોજ સાંજના સમયે તળાજામાં રહેતા અને વકીલાત કરતા તેના મોટાભાઈ પ્રવીણભાઈ સોસાને ફોન કરી પોતે ઝેરી દવા પી લે છે. તેમ જણાવતા પ્રવીણભાઈ અને તેમની ઓફિસમાં કામ કરતા સુનિલભાઈ નરેશભાઈ ચૌહાણ જુના શોભાવડ દોડી ગયા હતા. અને ઘરે તપાસ કરતા ઝેરી દવા પીધેલી હાલતે દીપકભાઈને સારવાર અર્થે તળાજા હોસ્પિટલ ખસેડયા હતા જ્યાં તેમનું સારવારમાં મોત નિપજ્યું હતું.જો કે, સારવાર દરમિયાન પ્રવીણભાઈએ તેના નાના ભાઈ દીપકભાઈને ઝેરી દવા પી લેવાનું કારણ પૂછતા તેમણે જણાવ્યું હતું કે, ગત તા.૧૫ના રોજ મૃતક દીપકભાઈએ કિશોરનો દારૂ પકડાવ્યો હતો. તે બાબતને લઈને તા.૧૬ના રોજ રાત્રિના ૨:૩૦ કલાકે કિશોર મીઠાભાઈ રાઠોડ, ગોવિંદ અને સંજય ભોપાભાઈ ચુડાસમાએ તેમના ઘર ઉપર પથ્થરમારો કર્યો હતો આથી તેઓ ભયભીત થઈ ગયા હતા, તેમજ તા.૨૦ ના રોજ પણ ઉકત ત્રણ શખ્સની સાથે સાજીદ ઉર્ફે દોલુ સિકંદરભાઈ તેમના ઘરે આવ્યા હતા. અને ગાળો આપી 'ફરિયાદ પછી ખેંચી લેજે નહિતર મારી નાખીશું અથવા તો મરી જજે જેથી અમારે તને મારી નાખવો ન પડે' તેવી ધમકી આપતા પોતે ઝેરી દવા પી લીધી હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે મૃતક દીપકભાઈના મોટાભાઈ પ્રવીણભાઈ ખીમજીભાઈ સોસાએ કિશોર મીઠાભાઈ રાઠોડ, ગોવિંદ ભરવાડ, સંજય ભોપાભાઈ ચુડાસમા અને સાજીદ ઉર્ફે દોલુ સિકંદરભાઈ ( રહે. તમામ તળાજા ) વિરૂદ્ધ તેમના ભાઈને ધમકી આપી ઘર પથ્થરમારો કરી મરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવતા તળાજા પોલીસે ચારેય શખસ વિરૂદ્ધ બીએનએસ કલમ ૧૦૮,૩૫૨,૩૫૧ (૩) ૫૪ અને એટ્રોસિટી એક્ટની કલમ ૩(૧),૩(૧)( એસ ), ૩(૨) ( વી ) મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મહીસાના પોસ્ટ માસ્તરે 1.94 લાખની હંગામી ઉચાપત કરી

(એજન્સી) નડિયાદ | તા.24

મહુધાના મહીસા ગામની સબ પોસ્ટ ઓફિસના સબ પોસ્ટ માસ્તર તરીકેની ફરજ બજાવતા કર્મચારીએ રૂ.૧,૯૪,૭૨૪ પોતાના અંગત કામમાં વાપરી નાખી ઉચાપત કરી હોવાનું ઓડિટમાં બહાર આવ્યું હતું. આ બનાવ અંગે સબ પોસ્ટ માસ્તર સામે મહુધા પોલીસ મથકમાં હંગામી ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાઇ છે. કપડવંજ પોસ્ટલ કોલોનીમાં રહેતા ભરતકુમાર ભુરસિંહ પલાસ મહીસા સબ પોસ્ટ ખાતે સબ પોસ્ટ માસ્તર તરીકે નોકરી કરતા હતા. તેઓએ પોતાની ફરજ દરમિયાન સરકારી નાણા રૂ.૧,૯૪, ૭૨૪ ની હંગામી ઉચાપત કરી હતી. ખેડાના સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટને જાણ કરતા કપડવંજ સબ ડિવિઝનલ પોસ્ટ વિભાગના ઈન્સ્પેક્ટ વરૂણ કુમાર પંચાલે તપાસ કરી હતી. જેમાં તેઓઓ તા.૨૪/૦૪/૨૦૨૪ ના રોજ સબ પોસ્ટ ઓફિસ મહિસાની આકસ્મિત મુલાકાત લઇ સીલકની તપાસણી કરતાં સબ પોસ્ટ ઓફીસ મહિસામાં સિલક રૂ.૨,૩૦,૫૨૨.૬૯ હોવી જોઈએ તેની જગ્યાએ રૂ.૩૫,૭૯૮.૬૯ ની સીલક મળી આવી હતી. ભરતકુમાર ભુરસિંહ પલાસે મહિસા સબ પોસ્ટ ઓફિસના સરકારી નાણા રૂ.૧,૯૪,૭૨૪ પોતાના અંગત કામમાં વાપરી નાખી ઉચાપત કર્યાનું જણાય આવ્યું હતું.

## ઠાસરા પાલિકા વિસ્તારમાંથી વધુ 235 કાચા-પાકા દબાણો હટાવાયા

(એજન્સી) ઠાસરા | તા.24

ઠાસરા નગરપાલિકા દ્વારા સતત બીજા દિવસે નગરમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. નગર અને પાલિકા વિસ્તારમાંથી દુકાનોના ઓટલા, પગથિયા, લારી-ગલ્લા સહિતના દબાણો મળી ૨૩૫ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. પાલિકા દ્વારા હોળી ચકલા વિસ્તારમાં સવારે ૧૧થી સાંજે સાડા પાંચ સુધી ૫૮ દુકાનોના ઓટલા, પગથિયાના દબાણો દૂર કર્યા હતા. જ્યારે પોલીસે રસ્તો સદંતર બંધ કરી દીધો હતો. જ્યારે રેલવે ફાટક, પોલીસ સ્ટેશન, ગુમડિયા રોડની બંને બાજૂ ૪૦થી વધુ દુકાનોનો સફાયો કરી ૩૦થી ૩૫ ફૂટ રસ્તો પહોળો કરાયો હતો. તેમજ પટેલવાડી સામેથી, પીપલવાડા ચોકડી, હુસેની ચોક મલેકવાળા, ઔરંગપુરા રોડ બહુચરાજી મંદિર ચોકડી, એસટી ડેપો, ક્રિષ્ના શોપિંગ સેન્ટર, તીનબત્તી વિસ્તાર, કન્યાશાળા રોડ, રેલવે ફાટક પાસે, જે.એમ.દેસાઈ હાઈસ્કૂલ ચોકડી, બળિયાદેવ, વાડદ ચોકડી સહિતના સ્થળોએથી લારી-ગલ્લા, શાકભાજીના પાથરણા, ગેરેજ, શાકભાજી, નાસ્તાની દુકાનો, ૧૦ પાકી દુકાનોના દબાણો હટાવવામાં આવ્યા હતા. જ્યારે એલઆઈસી ઓફિસ આગળ રાજ્ય ધોરી માર્ગની ફૂટપાથ અને આરાધ્યા સોસાયટીની બહાર પાંચથી વધુ રહેઠાણ ખાલી કરાવવામાં આવ્યા હતા. બે દિવસમાં ૨૯૬ અંતિમ નોટિસ આપી, આજે કુલ ૨૩૫ દબાણો દૂર કરાયા હતા.



સતત બીજા દિવસે પાલિકાનું દબાણ હટાવ ઝુંબેશ ગુમડિયા રોડની બંને બાજૂ 40થી વધુ દુકાનો દૂર કરાતા રસ્તો 35 ફૂટ પહોળો થયો

### ભાવનગર-અમદાવાદ હાઈવે પર જશવંતપુરા નજીક પોલીસનો દરોડો

## ટ્રકમાં 275 બોટલ દારૂ છૂપાવનાર ડ્રાઈવર ક્લિનર,પાયલોટિંગ કરનાર કાર ચાલક ઝડપાયો

(એજન્સી) ભાવનગર | તા.24

ભાવનગર પોલીસે બાતમીના આધારે ભાવનગર-અમદાવાદ હાઈવે રોડ પર જસવંતપૂરા નજીકથી ટ્રકમાં બેંટોનાઈટની માટીની નીચે છૂપાવેલાં રૂા.૧.૮૭ લાખની ૨૭૫ દારૂની બોટલ સાથે ડ્રાઈવર-ક્લિનિરને ઝડપી પાડયા હતા. જયારે, ટ્રકને પાયલોટિંગ આપી રહેલી કારના ચાલકને પણ આબાદ ઝડપી રૂા.૧૭ લાખના મુદ્દામાલ જપ્ત કરાયો હતો. દારૂનો જથ્થો મહારાષ્ટ્રના ધૂલેથી ભાવનગર લવાતો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. ભાવનગર પોલીસની પેરોલ ફર્લો સ્કવોર્ડ વેળાવદર ભાલ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, ભાવનગર અમદાવાદ હાઈવે રોડ પર જસવંતપૂરા તરફથી એક ટ્રક અને કાર દારૂનો જથ્થો ભરીને ભાવનગર તરફ આવી રહ્યા છે. બાતમીના આધારે ટીમે બાતમીના આધારે જીજે.૧૮.બીએમ.૪૯૦૨નંબરની ફોર વ્હીલ કારને અટકાવી હતી અને તેમાં સવાર ડ્રાઈવર રોહિત રમણીકભાઇ ખાવડિયા ને ઝડપી પાડયો હતો. જયારે, કારની પાછળ આવી રહેલાં ૧૪ વ્હીલના ટ્રક નંબર જીજે .૦૬ .૫૯૨૬ને પણ શંકાના આધારે અટકાવી તેની તપાસ કરી હતી. જેમાં બેંટોનાઈટ માટી વચ્ચેથી સફેદ કલરના ૧૦ કોથળામાં છૂપાવેલી વિદેશી દારૂની ૨૭૫ બોટલ કિંમત રૂા.૧,૮૭,૦૫૦નો જથ્થો મળી આવ્યો હતો. ટ્રક રૂા.૧૦ લાખ કાર રૂા.પાંચ લાખ અને ત્રણ મોબાઈલ રૂા.૧૭,૦૦૦ કુલ મળી કુલ રૂા.૧૭,૦૪,૦૫૦ નાં મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ)**
પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે.

**કર્ક (ડ,હ)**
સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ)**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો.

**કન્યા (પ,ઠ,ણ)**
તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.

**તુલા (ર,ત)**
અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે.

**વૃશ્ચિક (ન,ય)**
કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

**ધન (ભ,ધ,ફ)**
હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે। ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે.

**મકર (ખ,જ)**
છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

**કુંભ (ગ,શ,સ)**
હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે.

### કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં નિફ્ટી સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૧૦ ટકા, મિડ કેપ ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઘટાડો

# સ્મોલ, મિડ કેપના 70 ટકા શેરો તૂટીને 200 DMA નીચે

(એજન્સી) મુંબઈ | તા 24

ઓવર વેલ્યુએશન, ફંડામેન્ટલને નેવે મૂકીને આંધળી તેજીની દોટ મૂકનારા સ્મોલ, મિડ કેપ શેરોમાંથી હોટ મની પાછું ખેંચાવા લાગતાં અને ફંડો પણ તેમના રોકાણ પોર્ટફોલિયોમાં ઘણા એવા નબળા શેરો સમાવી લેતાં તૂટતાં બજારમાં પેનીક સેલિંગના કારણે અનેક શેરોના ભાવો સતત ગબડી રહ્યા છે. હાલ આ ક્ષેત્રના ૭૦ ટકા શેરો ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજ (ડીએમએ) નીચે ટ્રેડ થઇ રહ્યા છે. જેના પરિણામે કેલેન્ડર વર્ષ ૨૦૨૫ની શરૂઆત પણ નબળી રહી નિફ્ટી મિડ કેપ ઈન્ડેક્સમાં અત્યાર સુધીમાં ૭ ટકાનો કડાકો અને નિફ્ટી સ્મોલ કેપ૨૫૦ ઈન્ડેક્સમાં ૯ ટકાનું ધોવાણ થઈ ગયું છે. બીજી તરફ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ માત્ર બે ટકા જેટલો જ ઘટયો છે. સ્મોલ, મિડ કેપ શેરોમાં સતત ધોવાણના પરિણામે નિફ્ટી મિડ કેપ ૧૫૦ ઈન્ડેક્સ અને નિફ્ટી સ્મોલ કેપ ૨૫૦ ઈન્ડેક્સમાં સમાવિષ્ટ એક્ત્રિત ધોરણે ૪૦૦ શેરોમાંથી ૨૮૦ શેરોના ભાવ ૨૦૦ દિવસની મુવિંગ એવરેજ (ડીએમએ)થી નીચે ટ્રેડ થવા લાગ્યા છે. ભારતીય શેર બજારોમાં એક તરફ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ) શેરોમાં સતત મોટાપાયે વેચવાલ બન્યા છે, ત્યારે બીજી તરફ લોકલ ફંડો-સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં ઘટાડે સતત ખરીદી થઈ રહી છે, છતાં શેરોના ભાવો સતત તૂટતા જોવાઈ રહ્યા છે. આ સામે લાર્જ કેપ શેરોમાં પણ પસંદગીની ખરીદી થવા છતાં ભાવો ઘટી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્મોલ, મિડ કેપ શેરોમાં




મોટી ઐતિહાસિક તેજી જોવાયા બાદ છેલ્લા કેટલાક મહિનાઓથી મોટો ઘટાડો થતો જોવાઈ રહ્યો છે. છેલ્લે કેલેન્ડર વર્ષ ૨૦૧૯માં બન્ને સ્મોલ અને મિડ કેપ ઈન્ડેક્સમાં નેગેટીવ વળતર નોંધાયું હતું. એ વખતે નિફ્ટી મિડ કેપ ૧૦૦ ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઘટાડો અને નિફ્ટી સ્મોલ કેપ ૧૦૦ ઈન્ડેક્સમાં ૧૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ત્યાર બાદથી આ ઈન્ડેક્સોમાં મોટી વૃદ્ધિ જોવાઈ હતી. પરંતુ વર્ષ ૨૦૨૪ના અંતિમ મહિનાઓમાં વેલ્યુએશન અનેક શેરોનું ખર્ચાળ બનતાં શેરોમાં મોટું સેલિંગ શરૂ થયું હતું. કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં નિફ્ટી મિડકેપ ૧૫૦ ઈન્ડેક્સના ૧૫૦ શેરોમાંથી ૧૦૯ શેરો એટલે કે ૭૨ ટકા શેરો અત્યારે ૨૦૦ દિવસની મુવિંગ એવરેજ (ડીએમએ)થી નીચે ટ્રેડ થઈ રહ્યા છે. બીજી તરફ નિફ્ટી સ્મોલ કેપ ૨૫૦ ઈન્ડેક્સના ૨૫૦ શેરોમાંથી ૧૭૧ શેરો એટલે કે ૬૮ ટકા શેરો ૨૦૦ દિવસની મુવિંગ એવરેજ (ડીએમએ)થી નીચે ટ્રેડ થઈ રહ્યા છે. આ શેરોમાંથી કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૪૦ ટકા સુધી તૂટનાર શેરોમાં કલ્યાણ જવેલર્સ ઈન્ડિયા, કેઈન્સ ટેકનોલોજી, આદિત્ય બિરલા. કેઈસી ઈન્ટરનેશનલ, ઓરેકલ ફિનસર્વ, ઓબેરોય રિયાલ્ટી, પીબી ફિનટેક સહિતનો સમાવેશ છે. BNP પરિબાનું કહેવું છે કે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જબરદસ્ત ઉછાળાને કારણે તેમના વેલ્યુએશન ખૂબ મોંઘા થઈ ગયા છે, ખાસ કરીને લાર્જકેપ શેરોની સરખામણીમાં. આવી સ્થિતિમાં રોકાણકારોએ લાર્જકેપ શેરો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

### રાજકોષિય ખાધને નિયંત્રણમાં રાખવા આરબીઆઈનું ડિવિડન્ડ સરકાર માટે રાહતરૂપ

# ચાલુ નાણાં વર્ષમાં સરકારને રિઝર્વ બેન્ક પાસેથી રૂ. બે લાખ કરોડ ડિવિડન્ડ મળશે

(એજન્સી) મુંબઈ | તા 24

સમાપ્ત થનારા વર્તમાન નાણાં વર્ષ પેટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) પાસેથી સરકારને ડિવિડન્ડ પેટે રૂપિયા બે લાખ કરોડ મળી રહેવાની ગણતરી મૂકવામાં આવી રહી છે. ગયા નાણાં વર્ષ પેટે રિઝર્વ બેન્કે સરકારને રૂપિયા ૨.૧૧ લાખ કરોડ વિક્રમી ચૂકવણી કરી હતી. નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીએ આ આંક ૧૪૦ ટકા વધુ હતો. ઈન્વેસ્ટન્ટમેન્ટ મારફત થતી આવકમાંથી વધારાની આવક ઉપરાંત ડોલર હોલ્ડિંગ્સના મૂલ્યાંકનમાં થતા વધારા ઉપરાંત કરન્સીની છપાઈ મારફત મળતી ફીનીરકમમાંથી બચતા નાણાંનો કેટલોક હિસ્સો રિઝર્વ બેન્ક સરકારને ટ્રાન્સફર કરે છે. રકમ ટ્રાન્સફર કરવામાં બિમલ જાલન સમિતિએ કરેલી ભલામણને ધ્યાનમાં લેવામાં આવે છે, એમ પણ સુત્રોએ જણાવ્યું હતું. જાલન સમિતિની ભલામણ પ્રમાણે આકસ્મિક સમયની આવશ્યકતાને




પહોંચી વળવા રિઝર્વ બેન્કે તેની બેલેન્સશીટસના ૫.૫૦થી ૬.૫૦ ટકા રકમ જાળવી રાખવાની રહે છે. સિક્યુરિટીઝના ઘસારા અથવા વિનિમય દરની નીતિને લગતા જોખમો વગેરેને કારણે ઊભી થતી કોઈપણ સ્થિતિને પહોંચી વળવા આ રકમ જાળવી રાખવાની રહે છે. મંદ ઉપભોગ માગ વચ્ચે વેરા મારફતની આવકમાં શકય ઘટાડાને ધ્યાનમાં રાખતા આ શકય ડિવિડન્ડ સરકાર માટે ટેકારૂપ બની રહેશે. વર્તમાન નાણાં વર્ષમાં સરકાર તેના ડિસઈન્વેસ્ટમેન્ટ કાર્યક્રમમાં અપેક્ષા પ્રમાણે આગળ વધી શકી નથી. લોકસભાની ચૂંટણીને કારણે એસેટસના વેચાણની ગતિ ધીમી રહી છે. રિઝર્વ બેન્ક પાસેથી ઊંચી રકમને કારણે સરકારને રાજકોષિય ખાધ સીમિત રાખવા ટેકારૂપ બની રહેશે એટલું જ નહીં મૂડીખર્ચ માટે વધુ રકમ પ્રાપ્ત રહેશે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.વર્તમાન નાણાં વર્ષમાં રૂપિયા સામે ડોલરના ઊંચા ભાવ પણ રિઝર્વ બેન્ક માટે નફાકારક બની રહ્યા છે. ડોલર સામે રૂપિયાના ઘસારાને અટકાવવા રિઝર્વ બેન્કે ઊંચા ભાવે ડોલરનું વેચાણ કર્યું છે. ગયા વર્ષના સપ્ટેમ્બરમાં દેશના ફોરેક્સ રિઝર્વનો આંક ૭૦૫ અબજ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. વર્તમાન નાણાં વર્ષમાં ફોરેક્સ વ્યવહાર મારફત રિઝર્વ બેન્કને રૂપિયા ૧.૮૫ ટ્રિલિયનની આવક થવાનો પણ અંદાજ મૂકવાંમાં આવ્યો છે.



### પીએલઆઈ સ્કીમની જાહેરાતના બે વર્ષ પછી સ્માર્ટફોનની નિકાસમાં થયેલો નોંધપાત્ર વધારો

# સ્માર્ટફોનની નિકાસમાં રેકોર્ડ વધારો

## ડીઝલ ઈંધણને પાછળ છોડવાની તૈયારી

(એજન્સી) મુંબઈ | તા 24

દેશમાંથી સ્માર્ટફોનની નિકાસ સતત વધી રહી છે. HS કોડ આધારિત શ્રેણીઓમાં દેશમાંથી નિકાસ કરવામાં આવતા ઉત્પાદનોની દ્રષ્ટિએ સ્માર્ટફોન બીજા સ્થાને પહોંચી ગયા છે. જો તેની નિકાસની ગતિ આ રીતે ચાલુ રહેશે તો તે ડીઝલ ઈંધણની નિકાસને પાછળ છોડીને ટોચનું સ્થાન મેળવી શકે છે. HS કોડ્સ અથવા હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ કોડ્સ આંતરરાષ્ટ્રીય વેપાર માટે ઉત્પાદનોને વર્ગીકૃત કરવાની WTOની પ્રમાણભૂત સિસ્ટમ છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં એપ્રિલથી નવેમ્બર દરમિયાન ૧૩.૧ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી, જે HS કેટેગરીમાં ભારતમાંથી બીજા નંબરની સૌથી વધુ નિકાસ કરવામાં આવતી પ્રોડક્ટ બનાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ૮ મહિનામાં, અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૪૬ ટકા વધુ સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪માં એપ્રિલથી નવેમ્બર દરમિયાન દેશમાંથી નિકાસના સંદર્ભમાં સ્માર્ટફોન ચોથા સ્થાને હતો, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૫માં સમાન સમયગાળા દરમિયાન તે બીજા સ્થાને પહોંચી ગયો છે. છેલ્લા ઘણા વર્ષોથી દેશમાંથી નિકાસના સંદર્ભમાં વાહન ડીઝલ ઈંધણ ટોચ પર રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ના એપ્રિલ-નવેમ્બર દરમિયાન ડીઝલ ઈંધણ અને સ્માર્ટફોનની નિકાસ વચ્ચે ૧૦ બિલિયન ડોલરનું અંતર હતું, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૫ ના એપ્રિલ-નવેમ્બરમાં આ તફાવત ઘટીને ૪૦૦ મિલિયન ડોલર થઈ ગયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૮-૧૯માં માત્ર ૧.૬ બિલિયન ડોલર મૂલ્યના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. પરંતુ બે વર્ષ પછી, સરકારે પીએલઆઈ સ્કીમની જાહેરાત કરી અને નાણાકીય વર્ષ ૨૦૨૦માં આ યોજનાની શરૂઆતમાં, સ્માર્ટફોન નિકાસના સંદર્ભમાં ૧૪મા ક્રમે હતા અને તે સમયે કુલ ૨.૯ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. બે વર્ષમાં સ્માર્ટફોનની નિકાસ વધીને ૫.૭ બિલિયન ડોલર થઈ ગઈ. નાણાકીય વર્ષ ૨૦૨૩માં સ્માર્ટફોનની નિકાસ વધીને ૧૧ બિલિયન ડોલર થઈ અને કુલ નિકાસની દ્રષ્ટિએ ૫મા સ્થાને પહોંચી હતી.

# Maharashtraમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કરશે 3.05 લાખ કરોડનું રોકાણ, અનંત અંબાણીએ કરી જાહેરાત

(એજન્સી) મુંબઈ | તા 24

દેશની દિગ્ગજ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે મહારાષ્ટ્રમાં મોટા રોકાણની જાહેરાત કરી છે. ગઈકાલે, દાવોસમાં આયોજિત એક સમારોહમાં રિલાયન્સ અને મહારાષ્ટ્ર સરકારે 3 લાખ 5 હજાર કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરી છે. રોકાણ મામલે દાવોસમાં એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ જાહેરાત કરી છે. આ રોકાણ નવી ઉર્જા, છૂટક વેચાણ, આતિથ્ય, હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ, ટેલિકોમ જેવા ક્ષેત્રોમાં થશે. આ રોકાણ અનંત અંબાણીના નેતૃત્વ હેઠળ પૂર્ણ થશે. આનાથી રાજ્યમાં લગભગ 3 લાખ રોજગારની તકો ઉભી થશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના કાર્યાલયે જણાવ્યું હતું કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથેના સોદાથી રાજ્યમાં નવી ઉર્જા, છૂટક વેચાણ, આતિથ્ય અને હાઇ-ટેક ઉત્પાદન ક્ષેત્રોમાં લાખો નોકરીઓનું સર્જન થશે. આ દરમિયાન અનંત અંબાણીએ કહ્યું કે આ તેમના અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માટે ખૂબ જ સન્માન અને ગર્વની ક્ષણ છે. અમને આ એમઓયુ પર હસ્તાક્ષર કરીને આનંદ થાય છે.

## શું છે કંપનીના શેરના ભાવ?

જો આપણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરના ભાવ પર નજર કરીએ તો બપોરે 12.50 વાગ્યાની આસપાસ શેર 1265 રૂપિયાની આસપાસ જોવા મળ્યો હતો, જેમાં 11.45 રૂપિયા એટલે કે 0.90 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તમને જણાવી દઈએ કે 1 અઠવાડિયામાં શેર 0.04% ઘટ્યો છે. તે જ સમયે, તેમાં 1 મહિનામાં 3.57 ટકાનો વધારો થયો છે. તેણે 1 વર્ષમાં 4.73 ટકાનું નકારાત્મક વળતર આપ્યું છે.



# છેતરપિંડી કરનારાઓ સામે ચેતવણી આપવા માટે, મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીસે ચેકોનહૈ! ઝુંબેશની શરૂઆત

(એજન્સી) મુંબઈ | તા 24

ભારતના વિશ્વસનીય નાણાકીય સેવાઓ બ્રાન્ડ તરીકે કાર્યરત મોતીલાલ ઓસ્વાલ ગ્રુપ તેની પ્રતિષ્ઠાને કારણે લાંબા સમયથી છેતરપિંડી કરનારાઓના નિશાના પર છે. જોકે, સતત અને સક્રિય પગલાં લઈ રહેલી બે નિષ્ણાત એજન્સીઓની મદદથી, જૂથે 15,000 થી વધુ વાંધાજનક પોસ્ટ્સ, વિડિઓઝ અને એપ્લિકેશનો દૂર કરવામાં સફળતા મેળવી છે. આ છેતરપિંડી કરનારાઓ સામે રોકાણકારોને જાગૃત કરવા માટે, મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસીસેચેકોનહૈ!ઝુંબેશ શરૂ કરી છે - જે છેતરપિંડીની પ્રથાઓનો પર્દાફાશ કરવા, લોકોને છેતરપિંડી કરનારાઓને ઓળખવામાં અને તેમની નાણાકીય સુખાકારીનું રક્ષણ કરવા માટે લેવામાં આવેલ એક પગલું છે. એમઓએફએસએલ ના ગ્રુપ ચીફ માર્કેટિંગ ઓફિસર સંદીપ વાલુંજ કહે છે , "જ્યારે અમે છેતરપિંડીવાળી પોસ્ટ્સને દૂર કરવા માટે નોંધપાત્ર રીતે કામ કરી રહ્યા છીએ, ત્યારે અમને લાગે છે કે આપણે એવા લોકો માટે પણ પ્રયાસો કરવા જોઈએ જેઓ છેતરપિંડીનો ભોગ બની શકે છે. સ્કેમર્સ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવામાં અને આવા પ્રયાસોથી બચવા માટે લોકોને વધુ સારી રીતે તૈયાર કરવામાં ફિલ્મો ખૂબ મદદરૂપ થાય છે. શરૂઆતમાં, સ્ટિંગ ઓપરેશન એક સર્જનાત્મક સાધન હતું જેનો અમે આ હેતુ માટે ઉપયોગ કરતા હતા.

# સેન્સેક્સ 329 પોઈન્ટ ઘટ્યો, શેરબજાર લાલ નિશાનમાં બંધ

(એજન્સી) મુંબઈ | તા 24

શુક્રવારે કારોબારી સપ્તાહના અંતિમ દિવસે શેર બજારમાં સ્થિતિ નબળી જોવા મળી. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ 304.89 પોઈન્ટના ઘટાડા સાથે 76,215 અંક પર બંધ થયો. જ્યારે નિફ્ટી 114.75 પોઈન્ટ ઘટીને 23,090 અંક પર બંધ થયો. ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા દિવસે બજારમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો અને સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ થયા.મિડકેપ, સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી જ્યારે રિયલ્ટી, ઓઈલ-ગેસ અને ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ, એનર્જી, ઓટો, પીએસઈ સૂચકાંકો ઘટાડા સાથે બંધ થયા. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ 329.92 પોઈન્ટ અથવા 0.43 ટકા ઘટીને 76,190.46 પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી 113.15 પોઈન્ટ અથવા 0.49 ટકા ઘટીને 23,092.20 પર બંધ થયો. ટ્રેડિંગ સપ્તાહના છેલ્લા દિવસે બજારમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો અને સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ, સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી જ્યારે રિયલ્ટી, ઓઈલ-ગેસ અને ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો.



## વારી સોલાર અમેરીકાસ ઈન્ક.એ ટેક્સાસમાં તેના એકમ ખાતે 1.6 ગીગાવોટ ક્ષમતા સાથે કોમર્શિયલ પ્રોડક્શનની શરૂઆત કરી



બ્રુકશાયર, ટેક્સાસ |વારી એનર્જીસ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની વારી સોલાર અમેરીકાસ ઈન્ક. ટેક્સાસનાં બ્રુકશાયરમાં તેની અદ્યતન મેન્યુફેક્ચરીંગ ફેસીલિટી ખાતે 1.6 ગીગાવોટની પ્રભાવશાળી ક્ષમતા ધરાવતા સોલાર મોડ્યુલ્સનાં કોમર્શિયલ ઉત્પાદનની શરૂઆતની જાહેરાત ગર્વભેર કરે છે. આ સીમાચિહ્ન યુ.એસ.માં સ્વચ્છ ઊર્જા તરફના સંક્રમણને ટેકો આપવા માટે વારીની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે અને કંપનીને ઉત્તર અમેરિકન સોલાર માર્કેટમાં એક મુખ્ય ખેલાડી તરીકે સ્થાન આપે છે. આ સુવિધા હવે સંપૂર્ણપણે કાર્યરત થઈ ગઈ છે, ત્યારે વારી સોલાર અમેરીકાસ સમગ્ર પ્રદેશમાં રીન્યુએબલ એનર્જી સોલ્યુશન્સની વધતી માંગને પહોંચી વળવા માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા ફોટોવોલ્ટેઈક(પીવી) મોડ્યુલ્સનું ઉત્પાદન કરવા માટે તૈયાર છે. કોમર્શિયલ પ્રોડક્શનનો પ્રારંભ યુનાઈટેડ સ્ટેટ્સમાં સોલાર ઉત્પાદનના સ્થાનિકીકરણમાં એક મહત્વપૂર્ણ કદમ છે, જે રોજગાર સર્જન અને આર્થિક વૃદ્ધિમાં ફાળો આપે છે જ્યારે આયાતી સોલાર પ્રોડક્ટ્સ પર નિર્ભરતા ઘટાડે છે.

# 500 અબજ ડોલરના ખર્ચે ટ્રમ્પ ઊભી કરશે AI કંપની, 3 દિગ્ગજોને ભેગા કરતાં બધા ચોંક્યા

(એજન્સી) મુંબઈ | તા 24

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા પર આવ્યા બાદ એક-પછી એક ચોંકાવનારા નિર્ણયો જાહેર કરી રહ્યા છે. ગઈકાલે તેમણે વિશ્વની ટોચની કંપનીઓ ઓપનએઆઈ, સોફ્ટબેન્ક અને ઓરેકલ સાથે મળી નવુ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે આ નવી એઆઈ કંપનીમાં 500 અબજ ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવી છે. વ્હાઈટ હાઉસ ખાતે ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ચીન આપણો પ્રતિસ્પર્ધી છે, અન્ય દેશો પણ આપણા પ્રતિસ્પર્ધી છે. આપણે તેમને આકરી સ્પર્ધા આપવા તાત્કાલિક ધોરણે નિર્ણયો લેવા પડશે. અમે પાર્ટનરશીપમાં એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવા માટે હાલ 100 અબજ ડોલરનું રોકાણ કરીશું. બાદમાં આગામી ચાર વર્ષમાં 500 અબજ ડોલરનું રોકાણ કરવાની યોજના ધરાવીએ છીએ.

### ઈલોન મસ્કની ગેરહાજરીથી સવાલો

ડોનાલ્ડ ટ્રમ્પ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશ્વના ટોચના અબજોપતિ બિઝનેસમેન સેમ અલ્ટમેન, લેરી એલિસન અને માસાયોશી સન સાથે મળી રોકાણ કરશે. પરંતુ તેમણે ઈનોવેશનના ચાહક અને તેમના કટ્ટર સમર્થક ઈલોન મસ્કને આ પ્રોજેક્ટમાંથી બાકાત રાખતાં અનેક સવાલો ઉભા થયા છે. બીજી તરફ ટ્રમ્પની ટીમમાં ધનિક બિઝનેસમેનનો ઉમેરો થઈ રહ્યો છે. જેમાં પહેલાં ઈલોન મસ્ક, માર્ક ઝુકરબર્ગ, જેફ બેજોસ બાદ હવે લેરી એલિસન અને ઓપનએઆઈના સેમ અલ્ટમેન જોડાયા છે.



### 1 લાખ અમેરિકન્સને રોજગાર મળશે

ટ્રમ્પે આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મદદથી 1 લાખ અમેરિકન્સને રોજગારી આપવાનો દાવો કર્યો છે. જ્યારે ઓરેકલના એલિસને જણાવ્યું હતુ કે, 'ટેક્સાસમાં આ પ્રોજેક્ટ માટે 10 ડેટા સેન્ટર તૈયાર થઈ રહ્યા છે.અને આગામી સમયમાં વધુ ડેટા સેન્ટર તૈયાર કરવામાં આવશે.'

## એન્કોર-આલ્કોમે ભારતનો સૌથી વિશાળ નવો એલ્યુમિનિયમ ડોર પ્લાન્ટ સ્થાપ્યો



હૈદરાબાદ: હૈદરાબાદની અગ્રણી એલ્યુમિનિયમ દરવાજા અને બારીઓ ઉત્પાદક કંપની એન્કોર-આલ્કોમે મંગળવારે જાહેરાત કરી કે ભારતનો પ્રથમ ઓટો રોબોટિક ટેકનોલોજી સાથેના તેના નવા મેન્યૂફેક્ચરિંગ પ્લાન્ટે ગુજરાતના સુરતમાં કામગીરી શરૂ કરી દીધી છે. એલ્યુમિનિયમ દરવાજા અને બારીઓના ઉત્પાદન માટે આ ભારતનો સૌથી મોટો પ્લાન્ટ 1,84,000 ચોરસ ફૂટમાં ફેલાયેલો છે અને 500 લોકોને રોજગારી આપે છે. કંપની આ પ્લાન્ટ માટે તબક્કાવાર રૂ.60 કરોડનું રોકાણ કરી રહી છે.એન્કોર વુડક્રાફ્ટ્સના ફાઉન્ડર અને ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અવુથુ શિવા કોટી રેડ્ડીએ જણાવ્યું, 'અમે અત્યાધુનિક નવા પ્લાન્ટ માટે જર્મન ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે જે દરરોજ 35,000 ચોરસ ફૂટ ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. અમે 24 જાન્યુઆરીથી હૈદરાબાદના હાઈટેક્સમાં આયોજિત એસટેક ટ્રેડ ફેરમાં અમારા નવીનતમ અને નવીન ઉત્પાદનોનું પ્રદર્શન કરીશું.' અત્યાર સુધીમાં, કંપનીએ યુએસ, યુકે, દુબઈ અને યુરોપના ઘણા પ્રોજેક્ટ્સનો સમાવેશ કરતા 3,500 પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક અમલમાં મૂક્યા છે.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ નર્મદા દ્વારા કર્તવ્ય બોધ દિવસની ઉજવણી





ભરત શાહ | નર્મદા

તા. ૨૪ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના આહવાનથી નર્મદા જિલ્લાના જિલ્લા કક્ષાના કર્તવ્ય બોધ કાર્યક્રમની ઉજવણી તિલકવાડા તાલુકાની વઘેલી પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવી. તિલકવાડા તાલુકા અધ્યક્ષ વિજયસિંહ સોલંકી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. મુખ્ય વકતા અને પ્રાંત ટીમ માંથી ઉપસ્થિત ભાઈલાલભાઈ પટેલ, કાર્યક્રમના મુખ્ય મહેમાન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી રમેશભાઈ પરમાર દ્વારા સ્વામી વિવેકાનંદ અને સુભાષચંદ્ર બોઝના જીવન દ્રષ્ટાંતો દ્વારા શિક્ષકો, બાળકો અને ગ્રામજનોને શ્રેષ્ઠ કર્તવ્ય નિભાવવા માટે આહવાન કરવામાં આવ્યું.આ પ્રસંગે જિલ્લા શૈક્ષિક મહાસંઘ નર્મદાના અધ્યક્ષ દેવેન્દ્રભાઈ જાદવ દ્વારા માત્ર હક નહિ પણ ફરજને પ્રાધાન્ય આપી રચનાત્મક કાર્યો કરતા શિક્ષક સંગઠનની માહિતી આપવામાં આવી.આ તબક્કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના જિલ્લા પ્રચારક અક્ષયભાઈ, જિલ્લા મહામંત્રી મહેન્દ્રભાઈ વસાવા, જિલ્લા સહમંત્રી જયપાલસિંહ ડાભી, તાલુકા અધ્યક્ષ કુલદીપસિંહ રાઉલજી, તિલકવાડા મહામંત્રી મહેન્દ્રસિંહ , નાંદોદ તાલુકા સંગઠનમંત્રી દેવેન્દ્રભાઈ તડવી, ચેતનભાઈ રબારી, નિરાલીબેન, મનીષાબેન, આરતીબેન તમામ તાલુકા- જિલ્લાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન તિલકવાડા તાલુકા સંગઠન મંત્રી વાલમજી બારીયા અને આભાર દર્શન તિલકવાડા તાલુકા મહામંત્રી મહેન્દ્રસિંહ દ્વારા કરવામાં આવ્યું.

## રાજપીપલા રાજવંત પેલેસમા ચોરી કરનાર ૪ આરોપીના સેશન્સ કોર્ટે જામીન ફગાવ્યા

ભરત શાહ, નર્મદા : તા. ૨૪ રાજપીપળા રાજવંત પેલેસમાં રાજાની પિસ્તોલ સહિત બેંકના ચેકની ચોરી કરનાર ચાર આરોપીઓના સેશન્સ કોર્ટે જામીન ના મંજુર કર્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં મહારાજાની રોયલ પિસ્તોલ રાજવંત પેલેસમાંથી ચોરી કરી લઈ જનાર શકમંદ સામે યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.આ કેસમાં પોલીસે પિસ્તોલ નંગ-1 કિમત રૂપિયા 3 લાખ તથા વાહન નંગ-3 કિમત રૂપિયા 6,80,000 તથા આરોપીઓ ની અંગ ઝડતી માંથી મળી આવેલ મોબાઈલ નંગ-5 કિમત રૂપિયા 60 હજાર મળી કુલ્લે રૂપિયા 10,40,000 નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ફરિયાદ બાદ રાજપીપળા પોલીસે તપાસને અંતે રાજપીપળાના મહારાજા રઘુવીરસિંહ ગોહિલના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી ચોરી કરનાર મહારાજા રઘુવીરસિંહજીના કેરટેકર સંજય મધુકર રાજા સહિત એને આ ચોરીમાં સાથ આપનાર અરબાઝ ઉર્ફે અજ્જુ મનસુરખાન પઠાણ, રિઝવાન લિયાકત મલેક, મિત કલ્પેશ રાવલ તથા ફરહાન ઈકરામ હુસૈન રાઠોડને ઝડપી આ તમામ આરોપીઓને કોર્ટમાં રજુ કરી 2 દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. જે બાદ એમના જામીન માટે આરોપીઓના વકીલે સેશન્સ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુનાવણીના અંતે સરકારી વકીલ જીતેન્દ્રસિંહ ગોહિલની દલીલોને ધ્યાનમાં રાખી જજ આર.ટી.પંચાલે અરબાઝ ઉર્ફે અજ્જુ મનસુરખાન પઠાણ, રિઝવાન લિયાકત મલેક, મિત કલ્પેશ રાવલ તથા ફરહાન ઈકરામ હુસૈન રાઠોડ ના જામીન ના મંજુર કર્યા છે.

## નિઘટ ગામની નજીક થી SOG એ રૂ. ૮ લાખથી વધુનો શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો ઝડપી પાડયો

**- જોકે નવેમ્બર મહિનામાં આ પ્રવાહી પકડાયું હતું પરંતુ તપાસ બાદ ખોટું બિલ હોવાનો ભાંડો ફૂટતા સુરતના અતુલ ભંડેરી અને મહારાષ્ટ્રના ફારુક મકરાણી સામે હાલમાં ગુનો દાખલ થયો**



ભરત શાહ, નર્મદા : તા.૨૪ નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના નિંઘટ ગામ નજીક થી નર્મદા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ એ નવેમ્બર મહિના માં શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી પરંતુ તપાસ માં બિલ ખોટું હોવાનું સાબિત થતા હાલમાં ગુનો નોંધાયો. મળતી વિગતો અનુસાર એ.એસ.આઈ. આનંદકુમાર સુકલભાઈ બ.નં.૬૯૪ એસ.ઓ.જી. નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ શ્રીરામ એન્ટરપ્રાઈસીસ મેઈન બજાર સેલંબા જી. નર્મદા ના માલિક અતુલભાઈ ધીરજલાલ ભંડેરી નાઓની સેલંબા તા.સાગબારા ખાતે શ્રી રામ એન્ટરપ્રાઈઝ નામની દુકાન/ઓફીસ/ સ્ટોરેજ સેન્ટર ન હોવા છતાં શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો વિનસ એન્ટરપ્રાઈસીસ ના માલિક ઉપેન્દ્ર બાબુલાલ પટેલ નાઓ મારફતે સાયખા તા.વાગરા જી. ભરુચ ખાતેથી બારોબાર ડ્રાઈવર ફારુખભાઈ લિયાકત મકરાણી રહે-ખાપર, દરગાહ ગલી તા.અકકલકુવા જી. નંદુરબાર મારફતે અશોક લેલેન્ડ ટેન્કર નંબર GJ-03-W-7595માં શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો કુલ- ૧૭.૬૯૦ કિલો કિ.રૂ.૮,૨૧,૧૯૦/- નો જથ્થો ભરાવી પોતાના અંગત ફાયદા સારૂ સગેવગે કરવાના હેતુથી શ્રીરામ એન્ટરપ્રાઈસીસ મેઈન બજાર સેલંબા નર્મદાના નામનું કોમ્પ્યુટરાઈઝ ખોટુ બીલ ઠગાઈ કરવાના ઈરાદે બનાવી, ખોટા બીલનો ખરા તરીકે ઉપયોગ કરી, હકિકત છુપાવી, એક બીજાની મદદગારી કરી ગુનો કરતા એસ. ઓ .જી.પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે. આ ગુના ની તપાસ એચ.કે.પટેલ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી. નર્મદા નાઓ કરી રહ્યા છે.

## નર્મદા જિલ્લા ટ્રાફિક પોલીસે માંડણ ગામ પાસે ટ્રાફિક જન જાગૃતિ કાર્યક્રમ કરી ચાલકોને સમજ આપી



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય રોડ સલામતી માસ અંતર્ગત જિલ્લા ટ્રાફિક પીએસઆઈ એસ એસ મિશ્રા અને તેમની પોલીસ ટીમ દ્વારા માંડણ ગામ પાસે વાહન ચાલકોના હેલ્મેટ સહિત નું ચેકીંગ કરી ટ્રાફિક નિયમોના પાલન કરવાની સમજ આપવામાં આવી હતી. અને ટ્રાફિક જાગૃતિ ના પેમ્પલેટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.ટ્રાફિક પીએસઆઈ એસ એસ મિશ્રા વારંવાર જિલ્લા માં ટ્રાફિક જાગૃતિ માટે ના અનેક કાર્યક્રમો કરી શાળા, કોલેજ ના વિદ્યાર્થીઓ ને પણ સમજ આપી ટ્રાફિક નિયમ નું પાલન કરી અકસ્માત અટકાવવા અને પોતાનો કે સામેવાળા નો જીવ બચે તેવા પ્રયાસ કરવા ભાર મૂકી સૌને ગળે ઉતરે તે રીતે માહિતી આપતા રહે છે.

# નર્મદા જિલ્લામા ઝડપાયેલા 30 લાખ થી વધુના વિદેશી દારૂનો કરજણ નદી કિનારે નાશ કરાયો



ભરત શાહ | નર્મદા : તા. ૨૪ નર્મદા જિલ્લાના અલગ અલગ પોલીસ મથક પૈકી રાજપીપળા ટાઉન, આમલેથા, તિલકવાડા, ગરુડેશ્વર એક્તાનગર તથા સલામતી સહિત ના 6 જેટલા પોલસ સ્ટેશન દ્વારા ચેકીંગ દરમ્યાન મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. જે વિદેશી દારૂના નાશ કરવાની કામગીરી રાજપીપળા ના કરજણ નદીના કિનારે આવેલા એરોડ્રામ વિસ્તારમાં હાથ ધરવામાં આવી હતી. અંદાજિત 30,46,963 કિંમતના દારૂનો નાશ કરાયો હતો. આ સમગ્ર પ્રક્રિયામાં રાજપીપળા પ્રાંત અધિકારી, મામલતદાર નાંદોદ તેમજ રાજપીપળા ડીવાયએસપી સહિત નર્મદા પોલીસની ટીમ હાજર રહી હતી. ત્યારે જિલ્લામાં અલગ અલગ ગુનામાં ઝડપાયેલ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની 23, 206 બોટલ દારૂનો નાશ કરાયો હતો.

## વાઘોડિયાથી વડોદરા ધોરીમાર્ગ પર ખાનગી પારૂલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓથી ભરેલા છકડો અને ટ્રક વચ્ચે અકસ્માત

કિશન રોહિડા જરોદ : વાઘોડિયા થી વડોદરા ધોરીમાર્ગ પર ખાનગી પારૂલ યુનિવર્સિટી ના વિધાર્થી ઓ થી ભરેલા છકડો અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા છકડો કંપાઉન્ડ વોલ સાથે ભટકાતા અગીયાર 11 મુસાફરો પૈકી છ 6 વિધાથીર્ઓ ને ઈજાઓ પહોંચતા આસપાસ ના લોકો એ 108 એમ્બ્યુલન્સ ને જાણ કરતા ઈજાગ્રસ્ત વિધાથીર્ઓ ને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા વાઘોડિયા થી વડોદરા ધોરીમાર્ગ પર આમોદર દુરદર્શન ટાવર પાસે બપોર ના સમયગાળા માં ટક અને છકડા વચ્ચે અકસ્માત સર્જાતા જેના કારણે જાહેર માર્ગો પર ના વાહન ચાલકો ભેગા થયા હતા છકડો નજીક ના કંપાઉન્ડ વોલ સાથે ભટકાતા હાજર લોકોએ 108 એમ્બ્યુલન્સ ને જાણ કરતા છ 6 વિધાથીર્ઓ ને ઈજાઓ પહોંચતા નજીક ના ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા અકસ્માત ની જાણ વાઘોડિયા પોલીસ ને થતાં ઘટનાસ્થળે સ્થળે પહોંચી આગળની કાર્યવાહી આરંભી છે એકંદરે હાલ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી ઠેર ઠેર પોલીસ તંત્ર દ્વારા થ ઈ રહીં છે ત્યારે બેફામ દોડતા ચાલકો સામે ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક ના નિયમો ના કડક કાર્યવાહી કરવામાં શું પગલાં ભરે છે તે સૌ એ જોવું રહ્યું ?

## ચેક રીટર્ન કેસમાં ચામુંડા ઈલેક્ટ્રોનિક્સના વેપારીને ચાણસ્મા કોર્ટે સજા ફટકારી

નીતિન ઠાકર ચાણસ્મા

બનાવની હકીકત એવી છે કે, ચાણસ્મા પાંજરાપોળ રોડ ઉપર ચામુંડા ઈલેક્ટ્રોનીક નામની દુકાન ધરાવી લાઈટ ફીટીગ અને ઈલેક્ટ્રીક વસ્તુઓનો વેપાર કરતા પંચાલ સંજયકુમાર નટવરલાલને ધંધાર્થે નાંણાની જરૂરીયાત ઉભી થતા, જસલપુર તા.ચાણસ્માના વતની પટેલ અનિલભાઈ થોભણભાઈ પાસેથી રૂપિયા ૨,૦૦,૦૦૦/- એક માસમાં પરત આપવાના વાયદે હાથ ઉછીના લીધેલા હતા. જે વાયદો પૂરો થતાં પટેલ અનિલભાઈએ આરોપી પંચાલ સંજયકુમાર પાસે બે લાખની ઉઘરાણી કરતાં, પંચાલ સંજયકુમારે લેણા પેટે બેન્ક ઓફ ઈન્ડિયા, ચાણસ્મા શાખાનો રૂપિયા ૨,૦૦,૦૦૦/- નો ચેક લખી આપી જણાવેલું કે, ચેક બેન્કમાં ભરશો તો લેણી રકમ મળી જશે, તેથી ફરિયાદી અનિલભાઈ એ ધી મહેસાણા અર્બન કો.ઓ. બેંક લી. ચાણસ્મા શાખામાં ચેક ક્લિયરિંગ માટે રજુ કરતાં, ચેક આરોપીના ખાતામાં પુરતું ભંડોળ નહિ હોવાના કારણે ચેક વણચૂકવે પરત થયેલો હોવાથી ફરિયાદીએ વકીલ મારફતે આરોપીને લીગલ નોટીસ આપી, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ મુજબની ફરીયાદ ચાણસ્મા કોર્ટમાં દાખલ કરેલી , જે ફરીયાદ ચાણસ્મા કોર્ટમાં ચાલી જતાં, ફરીયાદીના વકીલ જે.વી.ચૌધરીએ જજમેન્ટો નો આધાર રાખી, મૌખિક દલીલો કરતાં, ચાણસ્માના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીએ આરોપી પંચાલ સંજયકુમાર નટવરલાલને એન. આઈ એક્ટ ૧૩૮ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી ચેકની રકમ રૂા.૨,૦૦,૦૦૦/- તથા ૧૦ % વધારાનું વળતર રૂા. ૨૦,૦૦૦/- મળી કુલ રૂા.૨,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ વીસ હજાર પુરા) ફરીયાદી પટેલ અનિલભાઈને જજમેન્ટની તારીખ થી બે માસમાં વળતર તરીકે ચુકવી આપવા અને જો આરોપી પંચાલ સંજયકુમાર નટવરલાલ વળતરની રકમ બે માસમાં ચુકવવામાં કસુર કરે તો કસુર બદલ બે માસ પુરા થયેથી વધુ છ (૬) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં કરેલ છે.

# ત્રિવિધ કાર્યક્રમ યોજાયો





નીતિન ઠાકર ચાણસ્મા

તારીખ 19/1/2025 રવિવારના રોજ પાટણ કતપુર ચોકડી રોડ ઉપર કતપુર ગામ પાસે પીર બાબા સ્થાને ત્રિવિધ કાયૅકમ યોજાયો હતો તેમાં પાણીની પરબનુ ઉદ્ઘાટન શ્રી વિનોદભાઈ સોલંકી રવિધામ સંસ્થા પ્રમુખ,શ્રી અશોકભાઈ પરમાર રોહિત ધિરાણ મંડળી પાટણ પ્રમુખ, મહેન્દ્રભાઈ પુજારી ,અહમદભાઈ મુજાવર હસ્તે પાણીની પરબ નું ઉદઘાટન કરવામાં આવેલ.અને વૃક્ષારોપણ પર્યાવરણ સંરક્ષણ એવૉડ પાટણ જિલ્લા કન્વીનર શ્રી નિલેશભાઈ શ્રીમાળી હસ્તે કરવામાં આવે આને પ્લાસ્ટિક મુક્ત અભિયાન સૌ દશૅનાથીની મદદથી કરવામાં આવેલ.આ પ્રસંગે ઉપસ્થિત રહેલ ભોગીલાલ પરમાર સામજિક કાયૅકર,અલીખાન પાટણ,મહેબુબ ભાઈ સંધી,રોનક ભાઈ ધોબી પત્રકાર,ઠાકોર ગોબરજી સબોસણ,હરગોવનભાઈ પરમાર શિક્ષક, ગૌતમભાઈ સોલંકી શિક્ષક, પર્યાવરણ પ્રેમીઓ અને પીર કમિટી સભ્યો ,દશૅનાથીઓ હાજર રહેલ . સમગ્ર કાયૅકમનુ આયોજન હસમુખભાઈ પરમાર શિક્ષકે કરેલ.

## ગરૂડેશ્વર પો.સ્ટે વિસ્તારમાં જુગાર પર છાપો મારી ૧૧ જુગારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરતી LCB, નર્મદા



ભરત શાહ, નર્મદા

તા. ૨૪ પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદા નાઓએ પો.સ્ટે. વિસ્તારમાં કડક પેટ્રોલીંગ રાખી વોચ તપાસમાં રહી બાતમીદારો રોકી પ્રોહી/ જુગારની ગેરકાયદેસર થતી પ્રવૃતીઓ અટકાવવા અને પરીણામલક્ષી કામગીરી કરવા કડક સૂચના આપતા આર.જી ચૌધરી પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી નર્મદા નાઓએ એલ. સી.બી સ્ટાફના પોલીસ માણસોને ચોક્કસ બાતમી મેળવી પ્રોહી. જુગારના ગણનાપાત્ર કેશો શોધી કાઢવા સુચના આપતા આજરોજ એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસો ગરૂડેશ્વર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમા હતા. તે દરમ્યાન એલ. સી.બી ના માણસોને બાતમી મળેલ કે, ગુરૂશ્વરના ચિચડીયા ગામની પ્રાથમીક શાળા પાસે સ્ટ્રીટ લાઈટ નીચે આર.સી.સી રોડ પર જાહેરમાં કેટલાક ઈસમો ખુલ્લી જગ્યામાં હાર-જીતનો જુગાર રમી-રમાડે છે. આ બાતમી ના આધારે ત્યાં પોલીસે કોર્ડન કરી ત્યાં રેઈડ કરી (૧) ગુલાબભાઈ ગોવિંદભાઈ ભીલ (૨) નિલેશભાઈ જયંતિભાઈ તડવી (૩) અશોકભાઈ અમરસિંગભાઈ ભીલ (૪) વિષ્ણુભાઈ જમનાદાસભાઈ ભીલ (૫) ગોવિંદભાઈ રેવાભાઈ ભીલ ઉ.વ.૫૯ તમામ રહે. ચીચડીયા તા.ગરૂડેશ્વર જી.નર્મદાઓને પકડી તેમની અંગ ઝડતી માંથી મળી રોકડા રૂ.૧૦,૭૫૦/- તેમજ દાવ ઉપર ના રોકડ રૂ.૧૭૭૫/- તથા સ્થળ પરથી મળી આવેલ કિ.રૂ ૧૨,૫૨૫/- તથા મોબાઈલ ફોન નંગ-૦૩ કિ.રૂ ૧૫,૦૦૦/- તથા મો.સા ૬૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ ૯૨, ૫૨૫/- ના જુગારના મુદામાલ સાથે પકડી પાડયા હતા. તેમજ સ્થળ ઉપરથી નાશી ગયેલ જુગારીઓ માં(૬)વિપુલભાઈ શાંતિલાલ તડવી(૭) સંજયભાઈ રામુભાઈ ભીલ(૮) ધર્મેન્દ્રભાઈ ઓછવભાઈ ભીલ(૯) નિલેશભાઈ પ્રભુભાઈ ભીલ(૧૦) પરેશભાઈ સુખરામભાઈ તડવી(૧૧)સોમાભાઈ વેચાણ ભાઈ ભીલ તમામ રહે. ચીચડીયા તા. ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ વિરૂધ્ધમા ગુનો નોંધી આગળની વધુ તપાસ અર્થે ગરૂડેશ્વર પોલીસ સ્ટેશન સોપવામાં આવેલ છે.

## અરવલ્લી જિલ્લામાં ર૬મી જાન્યુઆરીની ઉજવણીની તડામાર તૈયારીઓ

રાકેશ મહેતા. ધનસુરા



અરવલ્લી જિલ્લામાં ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે આજે ધનસુરા ખાતે રિહર્સલ કરવામાં આવ્યુ.જે અંતર્ગત નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા જરૂરી સૂચનો આપીને સુચારુ રૂપે આયોજન થાય તેવી ચર્ચા કરવામાં આવી.પોલીસ વિભાગ દ્વારા પરેડ કરવામાં આવી અને તમામ તૈયારીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું. અરવલ્લી જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિવસની ઉજવણી ધનસુરા તાલુકા ખાતે થવાની છે. જે અંતર્ગત આજે તમામ તૈયારીઓ કરવામાં આવી છે જેનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને સુંદર આયોજન થાય તે માટે જરૂરી સૂચનો અને મુખ્ય વિભાગો સાથે ચર્ચા કરવામાં આવી. અરવલ્લી જિલ્લાવાસીઓ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના ધનસુરા ખાતેના કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લેવા જિલ્લા વહીવટી તંત્ર જાહેર આમંત્રણ પાઠવે છે.

**સાફ સફાઈ નો અભાવ છતાં બાથરૂમ, લેટ્રીન જતા લોકો પાસે આડેધડ રૂપિયા માંગતા હોવાની બૂમ**

# રાજપીપળા જૂની જેલ પાસેના સુલભ શૌચાલયમાં ચાલતી લૂંટ કોણ અટકાવશે

ભરત શાહ, નર્મદા



તા. ૨૪ રાજપીપળા શહેર માં કોઈપણ વસ્તુ માં ભાવ નિયંત્રણ કે સુધ્ધતા બાબતે કોઈજ પગલા લેવાતા નથી કેમ કે તંત્ર પોતાની મીટીંગો અને વિકાસના કામો માં ટકાવારી મેળવવા માં જ જાણે માહિર હોય તેમ ગ્રાહકો લૂંટાઈ કે મિલાવટ યુક્ત ખોરાક ખાઈ તંત્ર ને કઈ પડી નથી ત્યારે ખાદ્ય પદાર્થો માં લૂંટ બાદ હવે જિલ્લાના ગરીબ લોકો કે જેઓ આસપાસ ના ગામડા માંથી ખરીદી કરવા કે અન્ય કોઈ કામ માટે રાજપીપળા આવતા હોય અને રાજપીપળા જૂની જેલ પાસે આવેલા સુલભ શૌચાલય માં બાથરૂમ, લેટ્રીન જતા હોય તો ત્યાં પણ હવે લૂંટ ચાલતી હોવાની બૂમ ઉઠી છે. જેલ પાસેના સુલભ શૌચાલય માં બાથરૂમ, લેટ્રીન જતા લોકો પાસે આડેધડ રૂપિયા પડાવવામાં આવે છે જોકે સફાઈ માટે માત્ર લેટ્રીન જતા લોકો પાસે જે તે એજન્સી ના વ્યક્તિઓ 5 રૂપિયા લેતા હોય એ સ્વાભાવિક છે પરંતુ અહીંયા તો લેટ્રીન જવાના રૂપિયા 10 અને બાથરૂમ (પેસાબ) કરવા જતાં લોકો જ્યારે મુતરડી નો ઉપયોગ કરે તો મોટા શહેરો માં પણ ફ્રી સેવા હોય છે છતાં રાજપીપળા ના આ સુલભ શૌચાલય માં પેસાબ કરવા જતાં લોકો પાસે રૂપિયા 5 વસૂલ કરવામાં આવે છે. અને જો કોઈ ગ્રામ્ય વિસ્તાર ના ગરીબ વ્યક્તિ પાસે રૂપિયા ના હોય તો ત્યાં હાજર કોઈ કર્મચારી રીતસર ની ગંદી ગાળો આપી મુતરડી માંથી બહાર આવેલા મહિલા કે પુરુષ ને ગમેતેમ બોલી જવા દે છે. અને સ્વચ્છતા ની વાત કરીયે તો આ સુલભ શૌચાલય ગંદકી અને અતિશય દુર્ગંધ થી ખદબદે છે છતાં એજન્સી ને કઈ પડી નથી. જોકે પાલિકા ના મુખ્ય અધિકારી રાહુલ ઢોડિયા એ જણાવ્યું કે અમારી પાસે પણ આ ફરિયાદ આવી છે અમે એજન્સી ના સંચાલક ને બોલાવ્યા મળે ત્યારબાદ આ શૌચાલય ની સફાઈ અને રૂપિયા પડાવવા મુદ્દે તેને કડક સૂચના આપીશું.

**'મનુષ્ય સોતા હુઆ દેવતા હૈ' : ડો ચિન્મય પંડ્યાજી...**

## રાજપીપળા ગાયત્રી મહાયજ્ઞમાં ડો ચિન્મય પંડ્યાજી એ પૃથ્વી પર સ્વર્ગ નિર્માણનો દિવ્ય સંદેશ આપ્યો





ભરત શાહ, નર્મદા

તા. ૨૪ જીન કમ્પાઉન્ડ હરસિદ્ધિ મંદિર પાસે, રાજપીપળા આજ રોજ 108 કુંડી શક્તિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞ હેઠળ અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના યુવા પ્રતિનિધિ તથા યુવાઓના આદર્શ, પ્રેરક અને યુવાનમાં જોશ ઉત્સાહ ઉમંગ ભરનાર એક વૈશ્વિક પ્રતિભા ડો ચિન્મય પંડ્યાજી ની ઉપસ્થિતિ રહી હતી જેમનું સ્વાગત ગાયત્રી પરિવાર ના સભ્યો દ્વારા અતિ હર્ષ ઉલ્લાસ દ્વારા કરવામાં આવ્યું. આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત એમને પોતાની દિવ્ય, ઓજસ્વી, તેજસ્વી વાણી થી યજ્ઞનું વૈદિક મહિમા વિસ્તાર પૂર્વક અતિ સરળ રીતે સમજાવ્યું અને ગાયત્રી મહામંત્ર નું સવિસ્તાર ભાવાર્થ સમજાવી મનુષ્ય સોતા હુઆ દેવતા હૈ એમને જગાડવાનો સંદેશ સમસ્ત શ્રોતાઓ ને આપી પૃથ્વી પર સ્વર્ગ નિર્માણ નો દિવ્ય સંદેશ આપ્યો.

## લૂંટના ગુનામાં ૩૫ વર્ષથી પોલીસને ચકમો આપી ભાગતા આરોપીને પકડી પાડતી સાગબારા પોલીસ



ભરત શાહ | નર્મદા

ભરત શાહ, નર્મદા : તા. ૨૪ નર્મદા જીલ્લામાં દાખલ થયેલ ગુનામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપીઓને પકડી પાડી પરીણામલક્ષી કામગીરી કરવા ની પોલીસ વડા ની સુચના હેઠળ સી.ડી.પટેલ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર સાગબારા પો.સ્ટે તથા પોલીસ ટીમ સાગબારા પોલીસ સ્ટેશનના નાસતા-ફરતા આરોપીઓની તપાસમાં હતી તે દરમ્યાન લુંટ કરવાના ઈરાદે પથ્થરો ફેંકી ફરીયાદી તથા સાહેદોને ઈજાઓ કરી દુકાનમાં પ્રવેશી તેમજ ઘરમાંથી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના રોકડા રકમ તથા દુકાનનો પરચુરણ સર સામાનની લુંટ કરી હોય જે ગુનામાં છેલ્લા-૩૫ (પાંત્રીસ) વર્ષથી પોલીસને અનેકવાર ચકમો આપી. પોલીસ પકડથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડવા માટે હ્યુમન સોર્સથી બાતમી મેળવી છેલ્લા બે દિવસથી તેના આશ્રય સ્થાનો ઉપર વોચ રાખી, મહારાષ્ટ્ર રાજ્યના અક્કલકુવા તાલુકાના અત્યંત દુર્ગમ અને પહાડી વિસ્તારમાં આશરે પાંચ કી.મી.રાત્રીના પગપાળા ચાલી કાલા દિત્યા વસાવે રહે. અંબારીબાર, તા.અક્કલકુવા,જી. નંદુરબાર(મહારાષ્ટ્ર)ને અંબારીબાર ગામેથી પકડી લઈ સાગબારા પોલીસે સફળતા મેળવેલ છે.

## પહાડ પ્રાથમિક શાળાના દંપતી શિક્ષકનું તાલુકા કક્ષાએ brc ભવન પરિવાર અને શૈક્ષિક મહાસંઘ દ્વારા સન્માન સમારોહ યોજાયો



દિપક રાવલ દાહોદ લીમખેડા

તા.૨૧/૦૧/૨૦૨૫ ને બુધવારે દાહોદ જિલ્લામાં શિક્ષણ જગતમાં યસકલગી સમાન શોભાયમાન સિંગવડ તાલુકામાં બ્રાહ્મણ દંપતી શિક્ષકનો સન્માન સમારોહ યોજાયો. જેમાં સિંગવડ તાલુકાની પહાડ પ્રાથમિક શાળામાં આ.શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી પ્રકાશભાઈ જે.આચાર્ય અને શ્રીમતી જાગૃતિબેન બી.પાઠક તાજેતરમાં તેમની શૈક્ષણિક કામગીરીના મૂલ્યાંકન સ્વરૂપે નેશનલ ટેલેન્ટ એવોર્ડ જયપુરથી સન્માનિત કરવામાં આવ્યા હતા.સાથે સાથે આ દંપતી શિક્ષકે તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પણ મેળવેલ છે.આ ઉપરાંત ૧૬૫ ભાષા પુસ્તિકા કે જે બાળકો સરળતાથી અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરી શકે તેવી ભાષા પ્રયોગશાળાની રચના કરેલ છે.તેમજ ઈનોવેશન હોય કે કલા મહોત્સવ દરેક શૈક્ષણિક પ્રવૃત્તિમાં સિંગવડ તાલુકાને યસ કલગી સમાન શોભાયમાન કરેલ છે જેની નોંધ લઈ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તમામ હોદ્દેદાર અને brc co.શામજીભાઈ કામોળ તેમજ શિક્ષણ જગત સાથે સંકળાયેલ તમામ ગુરુ ગણ દ્વારા આ દંપતી શિક્ષકનું તાલુકા કક્ષાએ સન્માન કરવામાં આવ્યું.

## બોડેલી ડેપો ખાતે ડ્રાયવર ડે ઉજવવામાં આવ્યો



કમલેશ પટેલ. સંખેડા

આજ રોજ તા.24-1-25 ના રોજ બોડેલી ડેપો ખાતે ડ્રાયવર ડે ઉજવવામાં આવ્યો.જેમા બોડેલી ડેપો ના મેનેજર વસાવા જુનીયર આસીસટન ભદ્રેશ ભાઈપંડ્યા એ.ટી.આઈ . સુરેશભાઈ તેમજ બકાભાઈ તથા ખીમરાજ ગઢવી ભાઈ અને ડેપો ના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ જે પ્રસંગ એક પણ અકસ્માત કરેલ ન હોય તેવા ડ્રાયવરશ્રી ઓઅને ડીઝલ ની બચત કરેલ હોય તેવા ડ્રાયવરશ્રી ઓનુ પુષ્પ ગુચ્છ આપી અભિનંદન પાઠવ્યા અને આવી જ અવીરત સેવા ચાલુ રહે તેમ જણાવેલ હતું.

## નખત્રાણાના જાણીતા પત્રકાર, લેખક ,ચિત્રકાર એવા મહેશભાઈ સોનીનો આજે જન્મદિવસ



અમદાવાદ સુરત, વડોદરાથી પ્રસિદ્ધ થતા અમદાવાદના અગ્રણ્ય દૈનિક અખબાર અમદાવાદ એક્સપ્રેસ સાથે સંકળાયેલ મૂળ વતન નાગવીરી (રવાપર) હાલ કર્મભૂમિ નખત્રાણા સ્થાયી થયેલા મહેશભાઈ એલ. સોની (પત્રકાર,લેખક,ચિત્રકાર)નો આજે જન્મદિવસ હોઈ સગાસબંધીઓ ,સ્નેહીજનો તેમજ મિત્રવર્તુળ તરફથી અનંતગણા શુભેચ્છા સંદેશ મળી રહ્યા છે.

# એક મહિનો ચા પીવાનું બંધ કરી દો તો શરીરમાં કયા ફેરફારો થાય ?

આપણા દેશના લગભગ 90 ટકા લોકોનું પ્રિય પીણું ચા છે. સવારે ઉઠતાની સાથે જ મને ચા પીવાનું મન થાય છે. ઘણા લોકો દિવસમાં દસ કપ ચા પીવે છે. તે કહે છે કે તે તેને આખો દિવસ ઉર્જા આપે છે. પણ ચામાં ઘણી બધી ખાંડ હોય છે. આનાથી સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. એક મહિના માટે ચા છોડી દેવી એ ખરેખર એક મોટો પડકાર છે. પરંતુ તમારા સ્વાસ્થ્ય માટે, તમે મજબૂત મન વિકસાવીને આ કરી શકો છો. ચામાં ખાંડનું પ્રમાણ વધુ હોય છે. આનાથી કેલરી વધે છે. પણ જો તમે ચા પીવાનું છોડી દેશો તો વજન ઘટતું જોવા મળશે. આરોગ્ય નિષ્ણાતોના મતે, ચામાં ખાંડનું પ્રમાણ વધુ હોય છે, જે પાચનતંત્રને નુકસાન પહોંચાડે છે. જો તમે એક મહિના માટે મીઠી ચા પીવાનું બંધ કરશો તો તમારું પાચન સુધરશે. ઘણા સંશોધન પત્રોએ દર્શાવ્યું છે કે એક મહિના સુધી મીઠી ચા વગર રહેવાથી તમારું માનસિક સ્વાસ્થ્ય સુધરી શકે છે. જો તમે તમારી ત્વચાને સ્વસ્થ રાખવા માંગતા હોવ તો મીઠી ચા ન પીવી વધુ સારું રહેશે કારણ કે મીઠી ચા ત્વચા પર ખીલ અને ફોલ્લીઓનું કારણ બને છે. એક મહિના સુધી ચા ન પીવાથી તમારા શરીરમાં કેફીનનું પ્રમાણ ઘટે છે. આ આપણને ગાઢ અને સારી ઊંઘ લાવવામાં મદદ કરે છે. તે આપણા શરીરમાં તણાવ પણ ઘટાડે છે. જો તમે એક મહિના સુધી મીઠી ચા નહીં પીઓ, તો તમને તમારા શરીરમાં એક અલગ જ ઉર્જાનો અનુભવ થશે. આનાથી કાર્ય ઉત્પાદકતા પણ વધે છે. ચા પીવાનું ટાળવાથી ડિહાઈડ્રેશન સંબંધિત સમસ્યાઓ ઓછી થાય છે. તે કોષોને નુકસાન પહોંચાડતા મુક્ત રેડિકલ્સને પણ ઘટાડે છે. ચા પીવાની આદત છોડવાથી હાર્ટબર્ન, ચક્કર અને હૃદયના ધબકારામાં વધઘટ જેવી સમસ્યાઓથી રાહત મળે છે. જો તમારા હાથ ધ્રુજતા હોય તો ચા પીવાથી સમસ્યા વધી શકે છે. જો તમે ચા પીવાનું બંધ કરી દો છો, તો તમારું હાઈ બ્લડ પ્રેશર સામાન્ય થઈ જશે.







## શું ખરેખર મેંદાનો લોટ આંતરડામાં ચોંટી જાય છે ?

કોઈપણ વસ્તુનું વધુ પડતું સેવન નુકસાનકારક છે. આ વાતથી આપણે સૌ કોઈ અવગત છીએ. બજારમાં મોટાભાગે મેંદાના લોટની વસ્તુઓ વધારે વેચાતી હોય છે. પિત્ઝા,પફ સહિતની વસ્તુઓ નાના-મોટા બધા લોકોને પસંદ હોય છે.પરંતુ એવું પણ માનવામાં આવે છે કે મેંદાનું સેવન કરવાથી તે આંતરડામાં ચોંટી જાય છે. આપણે બધા જ લોકો રિફાઈન્ડ લોટ એટલે કે મેંદાનો લોટનું સેવન કરીએ છીએ. ત્યારે મોટાભાગના લોકોની માન્યતા એવી છે કે મેંદાનું વધારે પડતું સેવન કરવાથી લોટ આંતરડામાં ચોંટી જાય છે. હેલ્થ એક્સપર્ટના જણાવ્યા અનુસાર જો મેંદાના લોટને સારી રીતે રાંધીને ખાઈ તો તે આંતરડામાં ચોંટી જતો નથી. મેંદાનો લોટ ઘઉંમાંથી જ બનાવવામાં આવે છે. મેંદાનો લોટ બનાવવામાં વધારે પ્રક્રિયા કરવામાં આવતી હોવાના કારણે તેમાં રહેલા પોષક તત્વો નાશ થાય છે. આ પ્રક્રિયામાં ખાસ કરી ફાયબર દૂર થઈ જાય છે. જેના કારણે પાચન સ્વાસ્થ્ય માટે બિલકુલ સારુ નથી. મેંદાનો વધારે પડતું ખાવામાં આવે તો તે પાચનક્રિયાને ધીમી કરી શકે છે અને પેટમાં ભારેપણું અનુભવ થાય છે. જેના પગલે કબજિયાતની સમસ્યા સર્જાઈ શકે છે. બીજી બાજુ વધુ પડતો રિફાઈન્ડ લોટ ખાવાથી તમારું વજન વધી શકે છે. તેમાં સ્ટાર્ચ હોય છે. જે કોલેસ્ટ્રોલ વધારી શકે છે જે હૃદયને વધુ નુકસાન પહોંચાડી શકે છે. રિફાઈન્ડ લોટનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ ખૂબ ઊંચો હોય છે. તેથી તે બ્લડ સુગરનું સ્તર વધારી શકે છે. તેમાં ખૂબ જ ઓછું પ્રોટીન હોય છે જે હાડકાં અને સ્નાયુઓને નુકસાન પહોંચાડી શકે છે.

# આ ખરાબ ટેવો પુરુષોની પ્રજનન ક્ષમતાને બગાડે છે







કેટલીક આદતો પુરુષોની પ્રજનન ક્ષમતાને નુકસાન પહોંચાડી શકે છે. ખરાબ ખાવાની ટેવો, વધુ પડતો દારૂ અને ધૂમ્રપાનનું સેવન અને તણાવપૂર્ણ જીવનશૈલી પુરુષોમાં વંધ્યત્વના મુખ્ય કારણો છે. આ આદતોને સમયસર સુધારીને અને સ્વસ્થ જીવનશૈલી અપનાવીને આ સમસ્યા ઘટાડી શકાય છે. ધૂમ્રપાન અને વેપિંગ ધૂમ્રપાન સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.તેમાં રહેલા નિકોટિન અને અન્ય હાનિકારક રસાયણો માત્ર ફેફસાંને ને જ નહીં પરંતુ પુરુષોની પ્રજનન ક્ષમતા પર પણ ગંભીર અસર કરે છે. આ તત્વો શુક્રાણુઓની ગુણવત્તા અને સંખ્યા ઘટાડી શકે છે,જેનાથી પ્રજનન સમસ્યાઓ વધી શકે છે.

હોટ ટબ અને સૌના પુરુષ પ્રજનન ક્ષમતા માટે હાનિકારક હોઈ શકે છે. શુક્રાણુ ઠંડા તાપમાનમાં વધુ સારી રીતે ઉત્પન્ન થાય છે અને વિકાસ પામે છે, જ્યારે અતિશય ગરમી તેમના માટે હાનિકારક છે.ગરમ ટબ કે સોનામાં વધુ સમય વિતાવવાથી શરીરનું તાપમાન વધે છે, જે શુક્રાણુઓની સંખ્યા અને ગુણવત્તાને અસર કરી શકે છે.જેનાથી વંધ્યત્વનું જોખમ વધી જાય છે.સાવધાની રાખવી જરૂરી છે.વધુ પડતો તણાવ પુરુષોના પ્રજનન સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરી શકે છે. તણાવ શરીરમાં કોર્ટિસોલનું સ્તર વધારે છે, જે ટેસ્ટોસ્ટેરોન હોર્મોનનું ઉત્પાદન ઘટાડે છે. તે હોર્મોનલ અસંતુલનનું કારણ બને છે અને શુક્રાણુ ઉત્પાદન ઘટાડી શકે છે.વધુમાં તણાવ શુક્રાણુઓની ગુણવત્તા અને ગતિશીલતાને પણ અસર કરી શકે છે, જેનાથી પ્રજનન સમસ્યાઓ થઈ શકે છે. પ્રજનન સ્વાસ્થ્ય માટે તણાવને નિયંત્રિત કરવો અને માનસિક શાંતિ જાળવવી મહત્વપૂર્ણ છે.

કોર્ટિસોલ એ એક સ્ટીરોઈડ હોર્મોન છે જે તમારી મૂત્રપિંડ પાસેની ગ્રંથીઓ, તમારી કિડનીની ઉપરની અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ ઉત્પન્ન કરે છે અને છોડે છે. કોર્ટિસોલ તમારા શરીરના અનેક પાસાઓને અસર કરે છે અને મુખ્યત્વે તણાવ પ્રત્યે તમારા શરીરના પ્રતિભાવને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

વધુ પડતું દારૂનું સેવન પુરુષોના હોર્મોનલ સંતુલનને ખલેલ પહોંચાડી શકે છે, ખાસ કરીને ટેસ્ટોસ્ટેરોનના સ્તરમાં ઘટાડો. આનાથી શુક્રાણુઓની સંખ્યા, ગુણવત્તા અને ગતિશીલતા પર નકારાત્મક અસર પડે છે. દારૂના સેવનથી શુક્રાણુ ઉત્પાદનમાં ઘટાડો, ડીએનએને નુકસાન અને હોર્મોનલ અસંતુલન થઈ શકે છે, જે પ્રજનન સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરે છે. પ્રજનનક્ષમતા જાળવવા માટે દારૂનું સેવન મર્યાદિત કરવું અને સંતુલિત જીવનશૈલી જીવવી જરૂરી છે.

પૌષ્ટિક આહારનો અભાવ અને જંક ફૂડનું વધુ પડતું સેવન પુરુષોની પ્રજનન ક્ષમતા પર નકારાત્મક અસર કરે છે. બહારના જંક ફૂડમાં ટ્રાન્સ ફેટ અને ખાંડનું પ્રમાણ વધુ હોય છે, જે શુક્રાણુઓની ગુણવત્તાને બગાડે છે. તે જ સમયે, ઝીંક અને સેલેનિયમ જેવા પોષક તત્વોની ઉણપથી શુક્રાણુઓની સંખ્યા ઘટી શકે છે.

ટાઈટ અન્ડરવેર પહેરવાની આદત પુરુષોની પ્રજનન ક્ષમતા પર નકારાત્મક અસર કરી શકે છે. આનાથી અંડકોષની આસપાસ ગરમી વધે છે, જે શુક્રાણુના ઉત્પાદનને અસર કરે છે અને સમય જતાં શુક્રાણુની ગુણવત્તા પણ બગડી શકે છે.



# મર્ડર મિસ્ટ્રી કેસ



- રુપાલી દવે

પોલીસ કમિશનર રાકેશ નંદા એ મુનમુન બેગમ ના ભત્રીજા નાદીર ની કસ્ટડી કોર્ટ પાસે માંગી હતી પરંતુ પશ્ચિમ બંગાળ ની કોર્ટ ત્યાંની સરકાર ના ઈશારે ચાલતી હોવાના લીધે નાદીર પોલસ સ્ટેશન માંથી ચોવીસ કલાકમાં છૂટી ગયો. પશ્ચિમ બંગાળ ના ડોન ભાઈજાન ના ઈશારે ચાલતી સરકાર નું ખુદનું દિમાગ નથી,વર્તમાન મુખ્ય મંત્રી બિંદુ બેનરજી એ ભાઈજાન ના હાથનું રમકડું મતલબ રોબર્ટ સમજો. ભાઈજાન જેવા ખૂંખાર કેદી કે જેના હાથે અસંખ્ય મર્ડર કેસ કે જેની ગણતરી કરવી મુશ્કેલ છે.સમગ્ર દેશમાં ડ્રગ્સનો ખુલ્લેઆમ રેકેટ ચલાવતો હોવા.આમ છતાંય પશ્ચિમ બંગાળ ની સરકાર એ ભાઈજાન અને એના ફેમિલીને ભારત થી દુર ક્યાંક ભૂગર્ભ માં સંતાડી દીધા છે. ત્યાંની પોલીસ ના અથાગ પ્રયત્નો બાદ ભાગેડુ મુનમુન બેગમ નો આતો પતો મેળવવા નાદીર ને પકડ્યો હતો.નાદીર એકમાત્ર બેગમ ને જીવતા જી પકડવાનો રસ્તો હતો.

રાકેશ નંદા એ ઊંડો નિસાસો નાખતા એની બરોબર સામે લેપટોપ પર wp વિડિયો કોલ માં વાતચીત કરતા ચેર પર બેઠેલ પોલીસ ઓફિસર વીર અને સીબીઆઇ ઓફિસર રઘુ ને કીધું કે સોરી,કલકતા પોલીસ નો આખરી પ્રયાસ પણ નિષ્ફળ ગયો.જો કોર્ટે એ નાદીર ની કસ્ટડી પોલીસ ને આપી હોત તો કલાક મા નાદીર ના સ્વમુખે થી ભાગેડુ બેગમ નો ઈતિહાસ ભૂગોળ બધુજ ખોલી નાખ્યો હોત.

ઈન્સ્પેક્ટર વીર એ પોલીસ કમિશનર ની સામે નજર કરીને સહેજ સ્મિત ફરકાવી ને કહ્યું કે સર,પોલીસ સ્ટેશન થી નાદીર વધારે દૂર ગયો નહિ હોય,નાદીર ના મગજ માં તાકાત નું કેફ ઊંડે સુધી ભરેલું છે,એને ખબર છે કે જ્યાં સુધી એ કલકતા ની ભુમી પર છે ત્યાં સુધી પોલીસ એની ગુલામ છે.બારી માંથી બહાર નજર કરશો તો એ પોલીસ સ્ટેશનની આસપાસ એના મળતિયા સાથે સિગારેટ ના ધુવાંડા ઉડાડવા માં વ્યસ્ત મળશે.

પોલીસ કમિશનર રાકેશ નંદા એ આંખો પોહાળી કરતા પૂછ્યું કે ઓહ!! રિયલી,ખરેખર ઓફિસર આપ શું કહેવા માંગો છો? એ સમજુ છું પરંતુ પશ્ચિમ બંગાળ માં કોર્ટ અને સરકાર ની મિલી ભગત માં પોલીસ તંત્ર નું કશુંય ચાલતું નથી.તમારા કહેવાનો મતલબ એ છે કે કાયદો હાથ માં લઈ ને કાયદા સામે અથડાવી ને સ્વાહા થઈ જવું.

પોલીસ ઓફિસર વીર એ ગરમા ગરમ ચાની ચૂસકી લેતા ધીમેથી કહ્યું કે સર, આપ મારી વાત નો અર્થ પૂરેપૂરો સમજ્યા જ નથી. જ્યારે કોર્ટ એ ખુદ કાયદાની સરેઆમ લિલામી કરી ને ગુનેગાર ડ્રગ્સ ડીલર ને બેગુનાહ છોડી મૂક્યો છે એ કોર્ટ ની ભૂલ કે શરણાગતિ સમજો. અત્યારે કાયદો હાથ માં લેવાની વાત ક્યાં આવી? નાદીર ડ્રગ્સ ડીલર છે એ તો નક્કી છે વળી કલકતા માં બધા નાદીર ના ધંધા વિશે જાણે જ છે. પોલીસ નું કામ જનતાનું રક્ષણ કરવાનું..

ઉતર પ્રદેશ ના પુષ્કર શહેર ના પોલીસ ઓફિસર વીર ની વાત સાંભળતા જ પોલીસ કમિશનર રાકેશ નંદા એ મુખ પર સહેજ સ્માઈલ આવ્યું.એ ધીમેથી બોલ્યા કે ઓફિસર,આપ શું કહેવા માંગો છો એ સમજી ગયો. નાદીરની પૂરેપૂરી જન્મ કુંડળી મારા પાસે છે, રાત્રે બે થી ચાર વચ્ચે નાદીર એના સાગરીતો સાથે કલકતા ના બે ત્રણ એરિયા મા ફરતો હોય છે.આ એરિયા મા પોલીસ એ સિવિલ ડ્રેસ પહેરી ને પેટ્રોલિંગ કરવાનું રહેશે.સાંભળ્યું છે કે નાદીર ની સાથે એની બેત્રણ ફટકડીઓ પણ હોય છે એટલે મહિલા પોલીસ ઓફિસર રાની સેન ની મદદ જરૂરી બનશે.

પોલીસ કમિશનર રાકેશ નંદા ની વાત સાંભળી ને પોલીસ ઓફિસર વીર એ નાદીર ને પકડવાની જાળ બિછાવવા ની યોજના બનાવવાનું નક્કી કર્યું. નાદીર હાથો હાથ આવ્યો તો સમજો બેગમ ના રહસ્ય પરથી પડદો ઉઠશે એ વાત નક્કી.

પોલીસ ઓફિસર વીર અને પોલીસ કમિશનર રાકેશ નંદા એ ગમેતેમ કરીને નાદીર ને ગુપચુપ પકડવાની સુનિશ્ચિત યોજના બનાવીને અન્ય વાતચીત બાદ કોલ કટ કર્યો.

પુષ્કર ના પોલીસ ઓફિસર કુલદીપ પાંડે પર હાઈ પ્રોફાઈલ ત્રીસ વર્ષ થી ચાલતા પોલીસ કસ્ટડી દરમિયાન એન્કાઉન્ટર ની મુખ્ય આરોપી ભાગેડુ મુનમુન બેગમ ને પકડવા નું દબાણ વધ્યું હતું.આટ આટલા વર્ષો થી સમગ્ર યુ.પી અને બંગાળ નું પોલીસ તંત્ર થી લઈને સીબીઆઇ ના અથાગ પ્રયત્નો બાદ પણ ભાગેડુ બેગમ એક કેન પ્રકારે પોલીસ ના હાથે થી છટકી જતી હતી. આની પાછળ નું કારણ શું હતું? જ્યારે સ્ટેટ હેડ ઓફિસ થી પોલીસ ઓફિસર કુલદીપ પાંડે પર ફોન આવ્યો ત્યારે પોલીસ ઓફિસર કુલદીપ પાંડે એ પોતાના ૧૦૦% આપીને આ વર્ષે આરોપી ને ગમે ત્યાંથી પકડી લેશે.

પોલીસ ઓફિસર કુલદીપ પાંડેની વાત સાંભળતા જ સ્ટેટ ઓફિસ માં ઉપસ્થિત ઓફિસરો ખડખડાટ હસવા લાગી ને હસતા હસતા કહ્યું કે દેશની બધી ગુપ્તચર થી લઈ ને અધિકારીઓ ભાગેડુ બેગમ ને ત્રીસ વર્ષ થી પકડવા માટે સખત પ્રયાસો કરી રહી છે. આ બધાના સખત પ્રયાસો બાદ ભાગેડુ બેગમ હાથ લાગવાની તૈયારી માં હોય ત્યાંજ એને અન્ય દ્વારા ગુપ્તચર માહિતીઓ મળતા ગુપ્તચરો ના સકંજા માંથી છટકી જાય છે.તમે ભાગેડુ ને માહિતી પોહચડનાર ની શોધ કરી એ માણસ તમારા આસપાસ નો જ હશે. જલદી તપાસ કરીને એની તાત્કાલિક ધરપકડ કરો. મિટિંગ પૂરી થતાં પુષ્કર પોલીસ સ્ટેશન ના પોલીસ ઓફિસર કુલદીપ પાડે કલાકો સુધી છત ને તાકી ને બેસી રહ્યા.પુષ્કર પોલીસ ઓફિસર કુલદીપ પાંડે વિચારવા લાગ્યા કે "મુમતાજ મહેલ કાંડ" ને ખુદ મૃત ગફાર ખાન ની ભાગેડું બીવી મુનમુન બેગમ ના કહેવાથી રૂપિયા ની લાલચ એ અંજામ આપ્યો હતો.સબ ઈન્સ્પેક્ટર અર્જુન નું ઓફિસર નું પ્રમોશન પોતાને મળે એ માટે બધું કર્યું હતું પરંતુ ખુદ ની રચેલી ઝાલ માં ખુદ ફસાવવા લાગ્યો છું.ઈન્સ્પેક્ટર અર્જુન ને તો આજીવન કારાવાસ ની સજા મળી છે,જ્યારે ત્યારે મારું પાપ પણ પોકારી ને બોલશે ત્યારે મને ફાંસી ની સજા મળશે એ નક્કી..નક્કી.. નક્કી હે!!ભગવાન ભોળાનાથ,મારાથી આવું અધમ કૃત્ય કેમ કરતા થઈ ગયું? અત્યારે તો ગમે તેટલું ઈચ્છુ તોપણ પાછળ પગ પાડી શકતો નથી. ફ્રાન્સ માં બેઠી બેઠી એ ક્રૂર અત્યાચારી મારી પળ પળ ની ખબર રાખી બેઠી છે. અત્યારે સમજાય છે કે રૂપિયા પૈસા સુખ નથી આપતા,સાચું સુખ તો મન ની શાંતિ છે.



પોલીસ ઓફિસર કુલદીપ પાંડે ની આંખ માંથી પોતે કરેલ અસંખ્ય પાપ બદલ આંસુઓ વહેવા લાગ્યા. એને પારાવાર પસ્તાવો થતાં મનોમન નક્કી કર્યું એક બાજુ ખાય અને બીજી બાજુ કૂવો આ સ્થતિ માં ખુદ નો ખુદ દ્વારા અંત આણવો એ જ આખરી રસ્તો છે.લાઈફ ટાઈમ પોલીસ ની વર્દી પહેરી છે છતાંય કાયદા ને દગો આપવાનું કામ કર્યું છે પરંતુ મરતા પહેલા છેલ્લું કામ સારું કરતો જાવ. પોલીસ ઓફિસર કુલદીપ પાંડે એ ટેબલ પરની ડાયરી માં મુનમુન બેગમ નું એડ્રેસ થી લઈને બધી માહિતીઓ લખી ને એ પેજ આગળ પેન મૂકી ડાયરી બંધ કરી દીધી. પોલીસ ઓફિસર કુલદીપ પાંડે એ પોકેટ માંથી પિસ્તોલ કાઢીને લમણા પર ગન મૂકીને ટ્રિગર દબાવી ને બેત્રણ રાઉન્ડ કારતૂસ છોડતા એ લોહી લુહાણ હાલતમાં ચેર પર મૃત્યુ પામ્યા..

સીબીઆઇ પ્રદ્યુમ્ન સિંહ ને લગભગ સમજાય ગયું હતું કે પોલસ તંત્ર નો રૂપિયાના લોભે ભાગેડું બેગમને પળ પળ ની માહિતીઓ કોણ આપે છે? પુષ્કર પોલીસ ઓફિસર કુલદીપ પાંડે,ગદ્દાર ને રંગે હાથે પકડવો પડશે. સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ આવું વિચારતા હતા ત્યાંજ એના મોબાઈલ ફોન પર મેસેજ આવ્યો કે ઓફિસર કુલદીપ પાંડે એ સ્યુસાઈડ કર્યું,ઘટના સ્થળ પર પોહચી ને તપાસ કરતા ટેબલ પર પડેલી ડાયરી નું પેન રાખેલ પેજ ફાટેલું મળ્યું.

# ...હિન્દી ફિલ્મ 'અનુજા'નું ઓસ્કર માટે નોમિનેશન

## પ્રિયંકા ચોપરાએ પ્રોડ્યુસ કરેલ ફિલ્મ ડંકો વગાડશે, 'એમિલિયા પેરેઝ'ને સૌથી વધુ 13 નોમિનેશન...

(એજન્સી) મુંબઈ | તા.24

97મા ઓસ્કર એવોર્ડ માટે નોમિનેશનની જાહેરાત કરવામાં આવી છે. હિન્દી ભાષામાં બનેલી ભારતીય-અમેરિકન ફિલ્મ 'અનુજા'ને બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ કેટેગરીમાં સ્થાન મળ્યું છે. 'અનુજા'ને પ્રિયંકા ચોપરા અને ગુનીત મોંગા દ્વારા સંયુક્ત રીતે પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ સિરીઝમાં 180 ફિલ્મોમાંથી માત્ર 5 જ નામાંકિત થઈ છે. આ ફિલ્મ 17 ઓગસ્ટ 2024ના રોજ રિલીઝ થઈ છે. ખાસ વાત એ છે કે ફિલ્મની મૂળ ભાષા હિન્દી છે. યુએસએના લોસ એન્જલસમાં ગુરુવારે (23 જાન્યુઆરી) નોમિનેશનની જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ તેની જાહેરાત 17 જાન્યુઆરીએ થવાની હતી. પરંતુ લોસ એન્જલસમાં લાગેલી આગને કારણે આ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો.




### ફેમસ કેટેગરીઓનું નોમિનેશન લિસ્ટ

**બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ કેટેગરી**

- અનુજા
- એ લીન
- આઈ એમ નોટ અ રોબોટ
- ધ લાસ્ટ રેન્જર
- ધ મેન હૂ કુડ મોટ રિમેન સાઈલેંટ




**બેસ્ટ ફિલ્મ સિરીઝ :** ▪ એનોરા ▪ ધ બ્રૂટલિસ્ટ ▪ અ કમ્પલીટ અનનોન ▪ કોન્ક્લેવ ▪ ડ્યુન: પાર્ટ ટૂ ▪ એમિલિયા પેરેઝ ▪ આઈ એમ સ્ટીલ હિયર ▪ નિકેલ બોયઝ ▪ ધ સબ્સટેંસ ▪ વિક્ડ




**બેસ્ટ એક્ટર કેટેગરી**

▪ એડ્રિયન બ્રોડી, ધ બ્રુટાલિસ્ટ ▪ ટિમોથી ચેલામેટ, ધ કમ્પ્લિટ અનનોન ▪ કોલમેન ડોમિંગો, સિંગ સિંગ ▪ રાલ્ફ ફિનેસ, કોન્ક્લેવ ▪ સેબેસ્ટિયન સ્ટેન, ધ એપ્રેન્ટિસ




**બેસ્ટ એક્ટ્રેસ કેટેગરી:** ▪ સિન્થિયા એરિવો, વિક્ડ ▪ કાર્લા સોફિયા ગેસ્કોન, એમિલિયા પેરેઝ ▪ મિકી મેડિસન, અનોરા ▪ ડેમી મૂર, ધ સબસ્ટન્સ ▪ ફર્નાન્ડા ટોરેસ, આઈ એમ સ્ટિલ હિયર




**બેસ્ટ ડિરેક્ટર કેટેગરી**

▪ સીન બેકર, એનોરા ▪ બ્રેડી કોર્બેટ, ધ બ્રુટાલિસ્ટ ▪ જેમ્સ મેન્ગોલ્ડ, ધ કમ્પલિટ અનનોન ▪ જેક્સ ઓડિઆર્ડ, એમિલિયા પેરેઝ ▪ કોરાલી ફારગેટ, ધ સબસ્ટન્સ

**માર્ચમાં ઓસ્કર એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવશે**

97મો ઓસ્કાર એવોર્ડ 2 માર્ચે યોજાશે. છેલ્લા કેટલાક વર્ષોની જેમ આ વખતે પણ લોસ એન્જલસમાં સમારોહનું આયોજન કરવામાં આવશે. ગયા વર્ષે Cillian Murphyની ફિલ્મ Oppenheimer એ બેસ્ટ ફિલ્મ એવોર્ડ સહિત 7 એવોર્ડ જીત્યા હતા. ઓસ્કર 2024 માટે કોઈ ભારતીય ફિલ્મ લાયક નહોતી.

# 'રેમો ડિસોઝાને કોઈ ધમકી મળી નથી': કોરિયોગ્રાફરની પત્નીએ કહ્યું- ખબર નહીં આવી અફવાઓ કેમ ફેલાઈ; સ્પામ મેલ હતો, પોલીસ તપાસ કરી રહી છે



(એજન્સી) મુંબઈ | તા.24

કોરિયોગ્રાફર રેમો ડિસોઝાની પત્ની લિઝલે જાનથી મારી નાખવાની ધમકીઓ મળવાના અહેવાલોને ફગાવી દીધા છે. તે કહે છે કે સ્પામ મેલ આવ્યો હતો, કોઈ ધમકી નહોતી. પોલીસ સ્પામ મેઈલની પણ તપાસ કરી રહી છે.

હિંદુસ્તાન ટાઈમ્સ સાથેની વાતચીતમાં લીઝલે કહ્યું- આ ખોટી માહિતી છે, એવું કંઈ નથી. અમે તેને (મીડિયામાં) પણ વાંચ્યું છે. અમને કંપનીના ઈ-મેઈલ આઈડી પર એક સ્પામ ઈ-મેલ મળ્યો હતો, જેના વિશે અમે પોલીસને જાણ કરી હતી. સાયબર સેલ તેની તપાસ કરી રહ્યું છે અને તેમને પણ લાગે છે કે તે સ્પામ છે.

લીઝલે આગળ કહ્યું- ચિંતા કરવાની કોઈ વાત નથી. જો કંઈ હશે તો પોલીસ તેની તપાસ કરશે. મને ખબર નથી કે આને મારી નાખવાની ધમકીઓ સાથે શા માટે જોડવામાં આવ્યું છે. શક્ય છે કે મીડિયાએ તેને ખોટી રીતે દર્શાવ્યું હોય. તે પણ શક્ય છે કે તે કોઈ બીજા માટે હતું અને તેઓએ અન્ય લોકો સાથે વસ્તુઓ સાંકળી હોય.

પાકિસ્તાન તરફથી ધમકીભર્યો ઈ-મેલ આવ્યો હતો બે દિવસ પહેલા એક સમાચાર આવ્યા હતા કે એક્ટર રાજપાલ યાદવ, કોરિયોગ્રાફર રેમો ડિસોઝા અને કોમેડિયન સુગંધા મિશ્રાને પાકિસ્તાન તરફથી ઈ-મેલ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ લોકો સિવાય કોમેડિયન કપિલ શર્માને પણ ધમકી આપવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ઈ-મેલમાં લખવામાં આવ્યું હતું કે અમે તમારી ગતિવિધિ પર નજર રાખી રહ્યા છીએ. અમે તમારા ધ્યાન પર એક સંવેદનશીલ બાબત લાવ્યા છીએ. આ કોઈ જાહેર સ્ટંટ કે તમને હેરાન કરવાનો પ્રયાસ નથી. અમે તમને આને ખૂબ ગંભીરતાથી લેવા અને ગોપનીયતા જાળવવા વિનંતી કરીએ છીએ.

પાકિસ્તાન તરફથી આવેલા ઈ-મેલના અંતમાં લખવામાં આવ્યું છે- જો આમ ન કરવામાં આવે તો તમારી પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને અસર થઈ શકે છે. અમે આગામી 8 કલાકમાં આ ઈમેલનો જવાબ ઈચ્છીએ છીએ. જો તમે આ નહીં કરો તો અમે માની લઈશું કે તમે તેને ગંભીરતાથી નથી લીધું. અમે તમારી સામે પગલાં લઈશું. અમે બિશ્નોઈ નથી.

# 'ઈતિહાસના પુસ્તકોમાં સુધારાની જરૂર છે'

## અક્ષય કુમારે કહ્યું- આપણે અકબર અને ઔરંગઝેબ વિશે વાંચ્યું છે, પરંતુ અસલી હીરો વિશે કોઈ જાણતું પણ નથી...

(એજન્સી) મુંબઈ | તા.24

હાલમાં જ અનેક બાયોપિક્સનો હિસ્સો રહી ચૂકેલા અક્ષય કુમારે હવે ઈતિહાસના પુસ્તકો પર પોતાનો અભિપ્રાય શેર કર્યો છે. એક્ટરે કહ્યું કે ઘણા નાયકોની વાર્તાઓ, જે આપણા ઈતિહાસનો મહત્વપૂર્ણ ભાગ છે, તે શાળાના પુસ્તકોમાં જોવા મળતી નથી.

CNN-News18 સાથે વાત કરતા અક્ષયે કહ્યું, ઈતિહાસના પુસ્તકોમાં ઘણી વસ્તુઓનો ઉલ્લેખ નથી. હું જાણી જોઈને એવા રોલ કરું છું જે આપણા પુસ્તકોમાં દર્શાવવામાં આવ્યા નથી. આ બધા અનસીન હીરો છે. લોકો તેમના વિશે કંઈપણ જાણતા નથી કારણ કે કોઈ તેમને ઊંડાણપૂર્વક જોતું જ નથી. મને આવી ભૂમિકાઓ કરી પ્રેરણા મળે છે.

તેણે આગળ કહ્યું, ઘણી બાબતોમાં સુધારની જરૂર છે. આપણે 'અકબર' કે 'ઔરંગઝેબ' વિશે વાંચીએ છીએ, પણ આપણા અસલી હીરો વિશે નહીં. આપણા સેનાની ઘણી વાર્તાઓનો પણ ઉલ્લેખ થવો જોઈએ. ઘણા લોકોને 'પરમવીર ચક્ર' મળ્યું છે. મને લાગે છે કે ઈતિહાસને સુધારવાની જરૂર છે અને આવા લીડરને આપણી પેઢી સમક્ષ લાવવા જોઈએ.

અક્ષય કુમારની ફિલ્મોમાં ઘણી બાયોપિક્સનો સમાવેશ થાય છે. ફિલ્મ 'પેડમેન'થી તેની બાયોપિક ડેબ્યૂ કર્યા બાદ તેણે 'ગોલ્ડ', 'કેસરી', 'સમ્રાટ પૃથ્વીરાજ', 'મિશન રાનીગંજ' અને 'સરફિરા' જેવી ફિલ્મોમાં મહત્વની ભૂમિકાઓ ભજવી છે. આજે એટલે કે 24મી જાન્યુઆરીએ તેમની નવી ફિલ્મ 'સ્કાય ફોર્સ' પણ રિલીઝ થઈ રહી છે, જે એક સત્ય ઘટના પર આધારિત છે.

ફિલ્મ 'સ્કાય ફોર્સ' 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત છે. આ ફિલ્મ ભારતીય વાયુસેનાની બહાદુરી અને બલિદાનની રોમાંચક વાર્તા રજૂ કરે છે. આ ફિલ્મમાં અક્ષય કુમારની સાથે, વીર પહાડિયા, સારા અલી ખાન, નિમરત કૌર અને શરદ કેલકરની મહત્વની ભૂમિકા છે.




અક્ષયની કેટલીક બાયોપિક્સ દર્શકોને ઘણી પસંદ આવી છે, જ્યારે કેટલીક ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ પણ રહી છે. તેમ છતાં, અક્ષય આવા પાત્રો ભજવવાનું પસંદ કરે છે અને કહે છે કે આ બાયોપિક્સ દ્વારા તે દર્શકો સમક્ષ અનકહી વાર્તાઓ લાવવા માંગે છે, જેથી વાસ્તવિક હીરોને લોકોમાં ઓળખ મળી શકે.

# 'સમય અને અફસોસ...' નતાશા સ્ટેન્કોવિકે ઈન્સ્ટાગ્રામ પર શેર કરી ક્રિપ્ટિક પોસ્ટ

(એજન્સી) મુંબઈ | તા.24

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની એક્સ પત્ની અને સર્બિયન મોડેલ નતાશા સ્ટેનકોવિકને આજે કોઈ પરિચયની જરૂર નથી. નતાશા છેલ્લા કેટલાક વર્ષોમાં સોશિયલ મીડિયા સ્ટાર બની ગઈ છે અને તેના ફોલોઅર્સ લાખોમાં છે. ફેન્સના મતે એમાં કોઈ શંકા નથી કે નતાશા સ્ટેનકોવિકને ક્રિકેટ જગતમાં ઓળખ હાર્દિક પંડ્યાના કારણે જ મળી.

હાર્દિક પંડ્યા સાથે લગ્ન કરતા પહેલા, નતાશા સ્ટેનકોવિકે બોલીવુડમાં ડેબ્યૂ કર્યું હતું અને તેણે એક કે બે નહીં પરંતુ ઘણી બોલીવુડ ફિલ્મો (સત્યાગ્રહ, ફુકરે) માં કામ કર્યું છે. આ ફિલ્મો બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નહીં.

હાર્દિક પંડ્યાથી અલગ થયા પછી નતાશા સ્ટેનકોવિકની ગતિવિધિઓ જોઈને લાગે છે કે તે ટૂંક સમયમાં બોલીવુડમાં વાપસી કરશે.

જો આપણે નતાશા સ્ટેન્કોવિકની પર્સનલ લાઈફ વિશે વાત કરીએ, તો તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી જોઈને એવું લાગે છે કે તે કોઈને યાદ કરી રહી છે અથવા કોઈ કામ અધૂરું રહી ગયું છે. ફરી એકવાર નતાશા સ્ટેન્કોવિકે તેના ઈન્સ્ટાગ્રામ પર આવી જ સ્ટોરી શેર કરી છે. તમને જણાવી દઈએ કે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શું છે.



નતાશા સ્ટેન્કોવિકે ગુરુવારે બપોરે તેના ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી, જેમાં તેને તેના દિલ મુજબ એક પોસ્ટ શેર કરી. નતાશા સ્ટેન્કોવિકે ઈન્સ્ટા સ્ટોરી પર ગોલ્ડીએલેક્સ ઈન્સ્ટાગ્રામ પેજની પોસ્ટ શેર કરી છે, જે અંગ્રેજીમાં લખેલી હતી. હિન્દીમાં તેનો અર્થ થાય છે, "પાછળ માટે કંઈ છોડશો નહીં. પાછળથી લોકો મોટા થાય છે. પાછળથી કહેલા શબ્દો અકથિત રહે છે. પાછળથી જીવન પસાર થઈ જાય છે." નતાશા સ્ટેન્કોવિક પોતાની સ્ટોરી દ્વારા તેના ફેન્સને સમજાવવાનો પ્રયાસ કરી રહી છે કે યોગ્ય સમયની રાહ જોવા કરતાં વર્તમાનમાં જીવવું વધુ સારું છે, નહીં.

# શું સલમાન ખાને મોનાલિસાને કરી લગ્નની ઓફર?

(એજન્સી) મુંબઈ | તા.24



144 વર્ષો બાદ મહાકુંભ યોજાયો છે. પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં કરોડોની સંખ્યામાં લોકો આવી રહ્યા છે. મહાકુંભમાં રેકોર્ડ બ્રેક શ્રદ્ધાળુઓ આવી રહ્યા છે. સાથે જ મહાકુંભમાં આવેલા સંતો મહંતો અને બાબા પોતાનું ખાસ જપ તપ અને વેશને લઈને ચર્ચા જગાવી છે. આ બધા વચ્ચે એક છોકરી તેની આંખોને લઈને વાયરલ થઈ છે. તેનું નામ છે મોનાલિસા. મોનાલિસાના વીડિયો જબરદસ્ત વાયરલ થયા છે. ત્યારે હાલમાં એક જ વધુ વાયરલ વીડિયો સામે આવ્યો છે.

મહાકુંભમાં માળા વેચતી એક છોકરી મોનાલિસા હાલ ચર્ચામાં છે. મોનાલિસા મહાકુંભમાં તેની આંખોના કારણે ખાસ ચર્ચામાં રહી છે. હા, કેટલાક લોકોને લાગે છે કે મોનાલિસાની આંખો ઐશ્વર્યા રાય જેવી લાગે છે તો કેટલાકને લાગે છે કે તે વામિકા ગબ્બી જેવી લાગે છે. ત્યારે મોનાલિસાનો વધુ એક વીડિયો વાયરલ થયો છે જેમાં તેનું ઈન્ટરવ્યુ લેવાઈ રહ્યુ છે. ત્યારે તે લગ્નને લઈને એવો જવાબ આપે છે કે સૌ કોઈ ચોંકી ગયા.



મોનાલિસા કહે છે કે તે અભિનેત્રી બનવા માંગે છે. જો તેને તક મળશે તો તે અભિનેત્રી બનશે. તાજેતરમાં, બીજો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક યુટ્યુબર પૂછી રહ્યો છે કે શું તમને તાજેતરમાં કોઈ ફિલ્મ સ્ટાર તરફથી લગ્નની ઓફર મળી છે. તો આના પર મોનાલિસા કહે છે હા, સલમાન ખાન. પછી યુટ્યુબર પૂછે છે કે જો તેણીને તેની સાથે કામ કરવાની તક મળે તો શું તે તે કરશે. મોનાલિસા આ માટે હા કહે છે. જો કે આ વાયરલ વીડિયો એડિટ કરવામાં આવેલો હોવાનું લાગે છે. પરંતુ કેટલાક લોકો આ વીડિયો સાચો માનીને ભારે ટિપ્પણીઓ કરી રહ્યા છે.

# બોમન ઈરાનીની દિગ્દર્શક તરીકેની ડેબ્યૂ ફિલ્મ ઓટીટી પર...

મુંબઈ: બોમન ઈરાનીની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ 'ધી મહેતા બોયઝ' આગામી મહિને ઓટીટી પર રીલિઝ થશે. પિતા પુત્રના સંબંધો પર આધારિત આ ફિલ્મમાં અવિનાશ તિવારી, શ્રેયા ચૌધરી અને પૂજા સરુપ સહિતના કલાકારો છે. ખાસ વાત એ છે કે ૨૦૧૪માં 'બર્ડમેન' ફિલ્મના સ્ક્રીનપ્લે માટે ઓસ્કર જીતનારા એલેક્ઝાન્ડર ડિનેલેરિસ આ ફિલ્મના સહ પટકથા લેખક છે. ફિલ્મને અન્ય ભારતીય ભાષાઓમાં પણ ડબ કરવામાં આવી છે.




# 'હું અને કરીના 11મા માળે હતા અને અચાનક...' હુમલા બાદ સૈફ અલી ખાનનું પહેલું નિવેદન

(એજન્સી) મુંબઈ | તા.24

16 જાન્યુઆરીએ એક્ટર સૈફ અલી ખાન સાથે જે ઘટના બની તેને લઈને હજુય લોકો વિચારી રહ્યા છે કે, આખરે તે રાત્રે થયું શું હતું? હવે હુમલા બાદ પહેલીવાર એક્ટર સૈફ અલી ખાનનું નિવેદન સામે આવ્યું છે. મુંબઈની બાન્દ્રા પોલીસે સૈફ અલી ખાન પર ચાકુથી હુમલાને લઈને પૂછપરછ કરી હતી. મુંબઈ પોલીસે આ વિશે સૈફનું નિવેદન નોંધ્યું છે, જેમાં તેણે આખી ઘટના વિશે વિસ્તારમાં જણાવ્યું છે.

પોલીસે સૈફ અલી ખાનનું નિવેદન નોંધ્યું છે. જેમાં સૈફે જણાવ્યું કે, 16 જાન્યુઆરીની રાત્રે હું અને મારી પત્ની કરીના કપૂર 11માં માળે પોતાના બેડરૂમમાં હતાં, ત્યારે મેં નર્સ એલિયામા ફિલિપની ચીસો સાંભળી. તેની ચીસો સાંભળતા જ હું જહાંગીરના રૂમ તરફ ભાગ્યો જ્યાં એલિયામા ફિલિપ પણ સૂવે છે. ત્યાં પહોંચતા જ મેં એક અજાણ્યા શખસને જોયો. જહાંગીર પર ત્યાં રડી રહ્યો હતો. બાદમાં મેં હુમલાખોરને પાછળથી દબોચી લીધો હતો. આ દરમિયાન હુમલાખોરે મારી પીઠ, ગરદન અને અન્ય જગ્યાએ ચાકુથી અનેકવાર હુમલો કર્યો હતો.

હુમલાખોરના ચાકુના વારથી હું ઈજાગ્રસ્ત થયો અને જેમ-તેમ હુમલાખોરને ધક્કો મારી મારી જાતને છોડાવ્યો. નોંધનીય છે કે, ગંભીર રીતે ઈજાગ્રસ્ત સૈફ અલી ખાનને લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. એક્ટરને કરોડરજ્જુ પાસે ચાકુનો 2.5 ઈંચનો ટુકડો ઘુસી ગયો હતો, જેને ડૉક્ટરે સર્જરીથી બહાર કાઢ્યો. લીલાવતી હૉસ્પિટલના ડૉક્ટર નીતિન ડાંગેએ જણાવ્યું હતું કે, સૈફ અલી ખાનના શરીર પર 4 ઊંડા ઘા હતા, જેની સર્જરી કરવામાં આવી છે. ડૉક્ટર નીના જૈન અને તેમની પ્લાસ્ટિક સર્જનની ટીમે સૈફના ગરદનના ઘાની સારવાર કરી છે.

એક્ટરને અમુક અઠવાડિયા સુધી મૂવમેન્ટ ન કરવાની સલાહ આપવામાં આવી છે. કારણ કે, તેનાથી ઈન્ફેક્શન થવાનું જોખમ છે.

# અભિનેત્રીનું દર્દ છલકાયું, કહ્યું-સારવાર વચ્ચે મારા ઘણાં પ્રોજેક્ટ છીનવાયા

(એજન્સી) મુંબઈ | તા.24

છેલ્લા અમુક મહિનાથી હિના ખાન બ્રેસ્ટ કેન્સરની સારવાર કરાવી રહી છે. એક્ટ્રેસ ખૂબ દુ:ખમાં છે પણ તેણે હિંમત હારી નથી. સ્ક્રીન પર કમબેક કર્યું છે.



તાજેતરમાં જ હિનાએ પોતાની કેન્સરની જર્નીને ચાહકો સાથે શેર કરી. તેણે જણાવ્યું કે આ બિમારીએ કઈ રીતે તેના કામ પર અસર નાખી. હિનાએ કહ્યું, અમુક પ્રોજેક્ટ્સ હતાં, જેને હું શરૂ કરવાની હતી પરંતુ બાદમાં મે તેને જવા દીધા.

કેન્સર 2-3 મહિનામાં ઠીક થઈ જાય છે પરંતુ મારા કેસમાં લગભગ એકથી દોઢ વર્ષ થશે. લોકોની ડેડલાઈન્સ હોય છે તો મને રિપ્લેસ કરવી પડી. તેમના માટે આ મુશ્કેલ હતું, પરંતુ કોઈ વાત નહીં. મારા હાથમાંથી 2 પ્રોજેક્ટ્સ ગયા પરંતુ મે પોતાની હેલ્થ પર પૂરું ધ્યાન આપ્યું. દરરોજ સાજી થઈ રહી છું. પહેલા તો મને ખરાબ લાગ્યું પરંતુ પછી વિચાર્યું કે જવા દો. જુઓ હું કામ પર વાપસી કરી ચૂકી છું.

હિના ખાનની બિમારીના કારણે ફિલ્મ 'કન્ટ્રી ઓફ બ્લાઈન્ડ' ની રિલીઝ પણ ટાળી દેવાઈ છે. હિનાએ કહ્યું આ ફિલ્મ ઈન્ડિયામાં રિલીઝ થઈ જાત પરંતુ થઈ નહીં. મારી હેલ્થના કારણે મેકર્સે તેને રિલીઝ કરી નહીં. મારો વેબ શો 'ગૃહલક્ષ્મી' પણ ગયા વર્ષે ઓક્ટોબરમાં રિલીઝ થવાનો હતો.

# સબાલેન્કા સતત ત્રીજી વખત ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં

(એજન્સી) મેલબોર્ન તા 24

ડિફેન્ડિંગ ચેમ્પિયન આરીના સબાલેન્કા ઓસ્ટ્રેલિયન ઓપન 2025 ની ફાઈનલમાં પહોંચી ગઈ છે. સબાલેન્કા સતત ત્રીજા ગ્રાન્ડ સ્લેમ ફાઈનલમાં પહોંચી. 25 જાન્યુઆરીએ ટાઈટલ મેચમાં તેનો સામનો અમેરિકાની મેડિસન કીઝ સામે થશે. મેલબોર્નના રોડ લેવર એરેનામાં બેલારુસની સબાલેન્કાએ સ્પેનની પૌલા બડોસાને હરાવી. તેણે 6-4, 6-2 ના માર્જિનથી જીત મેળવી. ઓસ્ટ્રેલિયન ઓપનમાં આ તેનો સતત 20મો વિજય હતો. તે 2023 અને 2024માં પણ આ ખિતાબ જીતી હતી.મેડિસને ત્રણ સેટની રોમાંચક મેચમાં પોલેન્ડની બીજા ક્રમાંકિત ઈગા સ્વિઆટેકને હરાવી. મેડિસન પહેલો સેટ 5-7ના માર્જિનથી હારી ગઈ. ત્યારબાદ તેણે વાપસી કરી અને બીજો સેટ 6-1 ના માર્જિનથી જીત્યો. ત્રીજા સેટમાં સ્વિઆટેક 5-6થી આગળ હતી, પરંતુ મેડિસને કમબેક કર્યું અને મેચ 7-6 (10-8)થી જીતી લીધી.મેન્સ સિંગલ્સની સેમિફાઈનલ મેચ આવતીકાલે એટલે કે શુક્રવારે રમાશે. પ્રથમ સેમિફાઈનલ નોવાક જોકોવિચ અને એલેક્ઝાન્ડર ઝવેરેવ વચ્ચે રમાશે. તે જ સમયે, બીજી મેચ વિશ્વના નંબર-1 જેનિક સિનર અને બેન શેલ્ટન વચ્ચે થશે. ઓસ્ટ્રેલિયન ઓપન એ વર્ષનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ છે. ઓસ્ટ્રેલિયાના લૉન ટેનિસ એસોસિયેશનએ 1905માં આ ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી, જે અગાઉ ઓસ્ટ્રેલિયન ચેમ્પિયનશિપ તરીકે ઓળખાતી હતી. ઓસ્ટ્રેલિયાનું લૉન ટેનિસ એસોસિયેશન પાછળથી 'ટેનિસ ઑસ્ટ્રેલિયા' બન્યું. આ પછી ઓસ્ટ્રેલિયન ચેમ્પિયનશિપનું નામ બદલીને ઓસ્ટ્રેલિયન ઓપન રાખવામાં આવ્યું. 1969 થી આ ટેનિસ ટુર્નામેન્ટ સત્તાવાર રીતે ઓસ્ટ્રેલિયન ઓપન તરીકે જાણીતી બની. ટેનિસમાં 4 ગ્રાન્ડ સ્લેમ છે. જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપનથી શરૂ થતા તમામ ચાર વાર્ષિક આયોજન કરવામાં આવે છે. ફ્રેન્ચ ઓપન મે અને જૂનમાં યોજાય છે.



# ગુજરાતના સિદ્ધાર્થે ખળભળાટ મચાવ્યો

## અમદાવાદમાં રણજી ટ્રોફીમાં ઉત્તરાખંડ સામે ઈનિંગમાં 9 વિકેટ ઝડપી

(એજન્સી) અમદાવાદ તા 24

ભારતીય ક્રિકેટને ટેલેન્ટનું હબ માનવામાં આવે છે. અહીં ડોમેસ્ટિક હોય કે ઈન્ટરનેશનલ, યુવા ખેલાડીઓ પર્ફોર્મ કરે, ત્યારે બધા તેને લાંબી રેસનો ઘોડો માનવા લાગે છે. એમાં ગુજરાતના ખેલાડીઓ પણ બાકાત નથી. ઉદાહરણ... જસપ્રીત બુમરાહ, રવીન્દ્ર જાડેજા, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ અને ચેતેશ્વર પૂજારા. હાલમાં રણજી ટ્રોફીનો બીજો ફેઝ આજથી શરૂ થયો છે, જેમાં ગુજરાત ક્રિકેટ એસોસિયેશન તરફથી રમતા લેફ્ટ આર્મ સ્પિનર સિદ્ધાર્થ દેસાઈએ જબરદસ્ત પ્રદર્શન કરીને સૌને ચોંકાવી દીધા છે. સિદ્ધાર્થે ઉત્તરાખંડ સામે રણજી ટ્રોફીના છઠ્ઠા રાઉન્ડમાં એક જ ઈનિંગમાં 9 વિકેટ લીધી હતી. અમદાવાદની ગુજરાત કોલેજમાં રમાઈ રહેલી મેચમાં એક ઈનિંગમાં 9 વિકેટ લઈને ખળભળાટ મચાવનાર સિદ્ધાર્થ દેસાઈ ગુજરાત માટે શ્રેષ્ઠ બોલર બન્યો છે. જો તેણે ઉત્તરાખંડના હર્ષ પટવાલની એક વિકેટ લીધી હોત તો સિદ્ધાર્થે એક ઈનિંગમાં બધી 10 વિકેટ લીધી હોત.સિદ્ધાર્થ દેસાઈએ પહેલી વિકેટ લીધા પછી પણ વિકેટોનો પ્રવાહ અટક્યો નહીં. ઉત્તરાખંડ માટે, ફક્ત અવનીશ સુધા અને શાશ્વત ડાંગવાલ જ 30નો આંકડો પાર કરી શક્યા અને ઉત્તરાખંડનો સ્કોર 100થી વધુ લઈ ગયા. સિદ્ધાર્થ મેચમાં સતત વિકેટ લેતા રહ્યો અને અંશુલ કંબોજના રેકોર્ડની બરાબરી કરવાની નજીક પહોંચી ગયો. જોકે વિશાલ જયવાલે છેલ્લા બેટર હર્ષ પટવાલને આઉટ કરીને ઉત્તરાખંડને 111 રનમાં ઓલઆઉટ કરી દીધું. આ રીતે સિદ્ધાર્થ દેસાઈ અંશુલના રેકોર્ડની બરાબરી કરવામાં ચૂકી ગયો હતો. સિદ્ધાર્થ દેસાઈ હવે ગુજરાત માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બોલર બની ગયો છે. તેણે ગુજરાતના બોલરોમાં રાકેશ ધ્રુવનો પાછલો રેકોર્ડ તોડ્યો. તમને જણાવી દઈએ કે 2012માં ધ્રુવે રાજસ્થાન સામે 31 રન આપીને 8 વિકેટ ચવ્હાણ (9/23 Vs પંજાબ, 2012)એ સિદ્ધાર્થ દેસાઈ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.



### સિદ્ધાર્થ દેસાઈની 9 વિકેટ

સિદ્ધાર્થ દેસાઈની ઘાતક બોલિંગને કારણે ગુજરાતની ટીમે મેચના પહેલા દિવસે ઉત્તરાખંડને 111 રનમાં ઓલઆઉટ કરી દીધું. તેણે આશિષ જૈદીના 9/45 ના આંકડાને પાછળ છોડીને ભારતની ડોમેસ્ટિક રેડ-બોલ ટુર્નામેન્ટમાં ત્રીજું શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું. ઉત્તરાખંડે પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, પરંતુ આ નિર્ણય તેમના માટે ઘાતક સાબિત થયો.

**સિદ્ધાર્થે 65 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો :** ગુજરાત અને ઉત્તરાખંડ વચ્ચેની મેચમાં સિદ્ધાર્થ દેસાઈએ ઘાતક બોલિંગ કરી હતી. તેણે એકલા હાથે 9 બેટર્સની વિકેટ લીધી, જેમાં ઓપનરનો પણ સમાવેશ થાય છે. અમદાવાદમાં રમાઈ રહેલી આ મેચમાં તેણે 15 ઓવરમાં માત્ર 36 રન આપીને 9 વિકેટ ઝડપી હતી. આ સાથે તેણે 65 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે. 1960-61ની રણજી ટ્રોફી સીઝનમાં ગુજરાતના જસુભા મોતીભાઈ પટેલે સૌરાષ્ટ્ર સામેની એક ઈનિંગમાં 21 રન આપીને 8 વિકેટ લીધી હતી. 2012ની સિઝનમાં રાકેશ ધ્રુવે 31 રન આપીને 8 વિકેટ લીધી હતી.

# વીરેન્દ્ર સેહવાગ 20 વર્ષે પત્નીથી અલગ થયો?



(એજન્સી) નવી દિલ્હી તા 24

ક્રિકેટ જગતમાં છૂટાછેડા અને અલગ થવાના સમાચાર કોઈ નવી વાત નથી. ગયા વર્ષે, હાર્દિક પંડ્યા અને નતાશા સ્ટેનકોવિકના છૂટાછેડાએ પણ ઘણી હેડલાઈન્સ બનાવી હતી. થોડા સમય અગાઉ યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા વચ્ચે છૂટાછેડાની અફવાઓએ પણ જોર પકડ્યું હતું. હાલ ભારતના પૂર્વ ક્રિકેટર અને વિસ્ફોટક બેટર વીરેન્દ્ર સેહવાગ અચાનક ચર્ચામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર સેહવાગના છૂટાછેડાના સમાચાર વાઈરલ થઈ રહ્યા છે. સેહવાગે પત્ની આરતીને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી વીરેન્દ્ર સેહવાગ અને તેની પત્ની આરતી વચ્ચે છૂટાછેડાની વાતને વેગ ત્યારે મળ્યો, જ્યારે વીરુએ તેની પત્ની આરતીને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધી છે. જોકે, સેહવાગ હજુ પણ આરતીના ફ્રેન્ડ લિસ્ટમાં છે. તેમના બાયોમાં 'વીરેન્દ્ર સેહવાગની પત્ની, પૂર્વ ભારતીય ક્રિકેટર વીરુ' લખ્યું છે. આ સાથે આરતીએ હાર્ટ ઈમોજી પણ રાખ્યું છે. સેહવાગ અને આરતીના લગ્નને 20 વર્ષથી વધુ સમય વીતી ગયો છે. આ જોડી ખૂબ પ્રખ્યાત માનવામાં આવે છેએવા અહેવાલો છે કે પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગ તેમના 20 વર્ષ જૂના લગ્નજીવનમાં થોડી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે અને તેઓ તેમની પત્ની આરતી અહલાવતથી અલગ થઈ શકે છે. અહેવાલો અનુસાર, સેહવાગ અને આરતીએ સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કરી દીધા છે અને છેલ્લા એક વર્ષથી અલગ રહે છે.

# 6 ફૂટ 4 ઈંચ ઉંચા બોલરે રોહિતની વિકેટ લીધા બાદ ન કરી ઉજવણી

(એજન્સી) મુંબઈ તા 24

લગભગ 10 વર્ષ બાદ રણજી ટ્રોફીમાં રોહિત શર્માની વાપસી સારી રહી ન હતી અને તેને માત્ર 3 રનના સ્કોર પર જમ્મુ અને કાશ્મીરના 6 ફૂટ 4 ઈંચ ઉંચા ફાસ્ટ બોલર ઓમર નઝીરે પેવેલિયન પરત મોકલી દીધો હતો. ત્યારથી, ઉમરની ખૂબ જ ચર્ચા થઈ રહી છે. પરંતુ રોહિત શર્માની વિકેટ લીધા તે લાંબી રાહ અને ઉત્સુકતા બાદ આખરે ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા ઘરેલુ ક્રિકેટમાં પરત ફર્યો છે. ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલો રોહિત પોતાની હોમ ટીમ મુંબઈ વતી મેદાનમાં ઉતર્યો પરંતુ તેની વાપસી ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણી જેવી જ હતી. રોહિત માત્ર 3 રન બનાવીને આઉટ થયો હતો. રોહિતની નિષ્ફળતાની જેટલી ચર્ચા થઈ રહી છે, તેથી વધુ રોહિતને પેવેલિયન મોકલનાર 6 ફૂટ 4 ઈંચ ઉંચા બોલર ઉમર નઝીર પણ એટલી જ હેડલાઈન્સ બનાવી રહ્યો છે. ખાસ કરીને તેનું સેલિબ્રેશન ન કરવું દરેક માટે આશ્ચર્યજનક હતું અને હવે આ બોલરે તેનું કારણ પણ આપ્યું છે.



# રણજી ટ્રોફી: જાડેજાનો હાહાકાર

(એજન્સી) નવી દિલ્હી તા 24

રણજી ટ્રોફી 2024-25નો છઠ્ઠો રાઉન્ડ ગુરુવારે શરૂ થયો હતો. આ રાઉન્ડમાં 7 ભારતીય સ્ટાર્સ પોતપોતાની રાજ્યની ટીમો માટે રમી રહ્યા છે. જેમાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા, રિષભ પંત, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, ચેતેશ્વર પુજારા અને રવીન્દ્ર જાડેજા જેવા મોટા નામ સામેલ છે. ભારતીય કેપ્ટન રોહિત શર્મા ફોર્મ સાથે સંઘર્ષ કરી રહ્યો છે. રોહિત અહીં પણ કંઈ ખાસ કરી શક્યો ન હતો. તે 19 બોલમાં 3 રન બનાવીને આઉટ થયો હતો. તેમના સિવાય રિષભ પંત, યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ પણ નિષ્ફળ રહ્યા હતા. આ ચાર બેટર્સ ડબલ ફિગરને પણ સ્પર્શી શક્યા ન હતા. સૌરાષ્ટ્ર તરફથી રમતા રવીન્દ્ર જાડેજાએ દિલ્હી સામેની પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી છે. જાડેજાએ દિલ્હી સામે 17.4 ઓવર ફેંકી હતી જેમાં તેણે માત્ર 66 રન આપીને પાંચ વિકેટ લીધી હતી. જાડેજાએ દિલ્હી પર એટલું દબાણ બનાવ્યું કે ટીમ પહેલી ઈનિંગમાં ફક્ત 188 રન જ બનાવી શકી. મોટી વાત એ છે કે રિષભ પંત પણ દિલ્હીની ટીમમાં રમી રહ્યો છે, પરંતુ તેની હાજરી પણ આ ટીમને બચાવી શકી નહીં. રિષભ પંત પોતે 10 બોલમાં માત્ર એક રન બનાવીને આઉટ થયો હતો. સૌરાષ્ટ્ર ટીમ તરફથી રમી રહેલા રવીન્દ્ર જાડેજા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં છેલ્લા કેટલાક મહિના બિલકુલ સારા રહ્યા નથી. ત્યારે દિલ્હી સામેની રણજી ટ્રોફી મેચમાં તેનું પ્રદર્શન ચોક્કસપણે તેનો આત્મવિશ્વાસ વધારશે. રવીન્દ્ર જાડેજા રણજી ટ્રોફીમાં 18મી વખત 5 વિકેટ જ નહીં, તેણે આ ટુર્નામેન્ટમાં પોતાની 200 વિકેટ પણ પૂરી કરી છે.



# મોહમ્મદ શમી ફરી બહાર? બીજી T20 પહેલા આવ્યા ખરાબ સમાચાર

(એજન્સી) મુંબઈ તા 24

ઈજાના કારણે સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી 14 મહિનાથી વધુ સમયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર છે. તેને T20 સિરીઝ માટે ટીમમાં જગ્યા આપવામાં આવી છે અને આશા છે કે આ સિરીઝમાં બોલિંગ દ્વારા તે ચેમ્પિયન્સ ટ્રોફી માટે સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે. જો કે પહેલી મેચમાં શમીને પ્લેઈંગ 11 માં સ્થાન ના મળ્યું. જેથી તે કમબેક ન કરી શક્યો. હવે શમીને લઈ વધુ એક સમાચાર આવ્યા છે કે, તેનું બીજી T20માં પણ રમવું મુશ્કેલ છે. અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ટીમ ઈન્ડિયાની બ્લુ જર્સીમાં ફરી એકવાર રમતા જોવાની રાહ વધી રહી છે. એડીની ઈજા અને પછી ઘૂંટણમાં સોજાને કારણે લગભગ 14 મહિના સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર રહેલા શમીને ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણી માટે ટીમ ઈન્ડિયામાં જગ્યા મળી ગઈ છે, પરંતુ તે પ્રથમ મેચમાં રમી શક્યો નહોતો. હવે એવું માનવામાં આવે છે કે તેની વાપસીમાં હજુ થોડો સમય લાગી શકે છે અને તે બીજી T20 મેચમાં પણ રમી શકશે નહીં. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્ટાર ફાસ્ટ બોલર શમી બીજી T20 મેચમાંથી પણ બહાર બેસી શકે છે.

# U-19 મહિલા વર્લ્ડ કપના સુપર-6માં ભારત:શ્રીલંકાને 60 રનથી હરાવ્યું

(એજન્સી) કુઆલાલંપુર તા 24

ભારતીય મહિલા ટીમે મલેશિયામાં ચાલી રહેલા અંડર-19 મહિલા T-20 વર્લ્ડ કપના સુપર-6 રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. ભારતીય ટીમે ગ્રૂપ-Aની મેચમાં શ્રીલંકાને 60 રનથી હરાવ્યું હતું. કુઆલાલંપુરમાં શ્રીલંકાની ટીમે ટૉસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી હતી. અહીં ભારતીય ટીમે 20 ઓવરમાં 9 વિકેટે 118 રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ 9 વિકેટે 58 રન જ બનાવી શકી હતી. ભારતીય બેટર ગોંગડી ત્રિશા (49 રન) પ્લેયર ઓફ ધ મેચ રહી હતી. દિવસની અન્ય મેચમાં વેસ્ટ ઈન્ડિઝે યજમાન મલેશિયાને 53 રનથી હરાવ્યું હતું. ભારત ગ્રૂપ-Aમાં 6 પોઈન્ટ સાથે ટોપ પર છે.



### વેસ્ટ ઈન્ડિઝે મલેશિયાને 59 રનમાં આઉટ કરી દીધું

મલેશિયાએ ટૉસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. વેસ્ટ ઈન્ડિઝની ટીમે 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 112 રન બનાવ્યા હતા. જ્યારે 113 રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે મલેશિયાની ટીમ 18 ઓવરમાં 59 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને વેસ્ટ ઈન્ડિઝ તેની તમામ મેચ રમીને ગ્રૂપ-Aમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ હતી. આ હાર બાદ મલેશિયા ગ્રૂપમાં સૌથી નીચેના સ્થાને છે.

### વેસ્ટ ઈન્ડિઝ તરફથી કેપ્ટન સમરા રામનાથે 4 વિકેટ ઝડપી

વેસ્ટ ઈન્ડિઝની જીતમાં બોલરોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. 113 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી મલેશિયા 59 રન પર જ સિમિત રહી ગઈ હતી. સમરા રામનાથે 4 ઓવરમાં 6 રન આપીને 4 વિકેટ ઝડપી હતી. જ્યારે જેની કમ્બરબેચ અને એરિન ડીને 2-2 વિકેટ લીધી હતી. મલેશિયાની ટીમ 59 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.અસાબી કેલેન્ડર વેસ્ટ ઈન્ડિઝની ટોપ સ્કોરર રહી.

# ગુકેશ FIDE રેન્કિંગમાં ચોથા ક્રમે આવ્યો

(એજન્સી) નવી દિલ્હી તા 24

ભારતના ડી ગુકેશ ગુરુવારે FIDE (ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન)ની તાજેતરની રેન્કિંગમાં ચોથા સ્થાને આવી ગયો છે. તે હવે ભારતનો સર્વોચ્ચ ક્રમાંકિત ખેલાડી બની ગયો છે. ગુકેશ અર્જુન ઈરિગાસીનું સ્થાન લીધું છે. 18 વર્ષના ગુકેશે નેધરલેન્ડ્સમાં ચાલી રહેલી ટાટા સ્ટીલ ચેસ ટુર્નામેન્ટમાં જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવીને આ સિદ્ધિ મેળવી છે. ટુર્નામેન્ટમાં આ તેની બીજી જીત હતી.

ગુકેશ પાસે હવે 2784 રેટિંગ પોઈન્ટ્સ છે, જ્યારે ઈરિગાસી, જે કેટલાક સમયથી ભારતનો નંબર વન ખેલાડી છે, તે 2779.5 રેટિંગ પોઈન્ટ સાથે પાંચમાં સ્થાને સરકી ગયો છે. નોર્વેનો મેગ્નસ કાર્લસન



2832.5 પોઈન્ટ સાથે FIDE વર્લ્ડ ચેસ રેન્કિંગમાં ટોચ પર છે. અમેરિકન ગ્રાન્ડમાસ્ટર હિકારુ નાકામુરા (2802) બીજા સ્થાને છે અને તેનો દેશબંધુ ફેબિયાનો કારુઆના (2798) ત્રીજા સ્થાને અર્જુન ઈરિગાસી પાંચમા સ્થાને છે.18 વર્ષીય ગુકેશે ગયા વર્ષે ડિસેમ્બરમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો. તેણે ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીનના ડીંગ લિરેનને 7.5-6.5થી હરાવ્યો.

# ગાંગુલીનો 35 વર્ષ જૂનો રેકોર્ડ તોડનાર બાળક અંકિત ચેટર્જી કોણ છે?

(એજન્સી) નવી દિલ્હી તા 24

જ્યારે બધાની નજર રોહિત શર્મા, શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલ જેવા સ્ટાર્સ પર હતી, ત્યારે 23 જાન્યુઆરીથી ફરી શરૂ થયેલી રણજી ટ્રોફી મેચના પ્રથમ દિવસે, લાઈમલાઈટથી દૂર એક 15 વર્ષીય સ્કૂલના છોકરાએ ખૂબ જ ખાસ પ્રદર્શન કર્યું હતું. સાથે જ તેણે ગાંગુલીનો 35 વર્ષ જૂનો રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો. રણજી ટ્રોફી 2024-25 સિઝનમાં જ્યારે બધાનું ધ્યાન સ્ટાર ભારતીય ખેલાડીઓ પર કેન્દ્રિત હતું, ત્યારે એક 15 વર્ષના બાળકે અદભૂત રેકોર્ડ બનાવ્યો. આ છોકરાનું નામ અંકિત ચેટર્જી છે, જેણે અનુભવી બેટ્સમેન અને પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનો રેકોર્ડ તોડ્યો હતો.રણજી ટ્રોફી ગ્રુપ સ્ટેજમાં બંગાળ અને હરિયાણાની મેચમાં પશ્ચિમ બંગાળના અંકિત ચેટર્જીએ એક ખાસ રેકોર્ડ બનાવ્યો હતો. હકીકતમાં, મેદાન પર પગ મૂકતાની સાથે જ અંકિત બંગાળ માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમનાર સૌથી યુવા ખેલાડી બની ગયો હતો. ઓપનિંગ બેટ્સમેનની ભૂમિકા ભજવનાર અંકિત 23 જાન્યુઆરી 2025ના રોજ માત્ર 15 વર્ષ અને 361 દિવસનો હતો.



# 23.75 કરોડ વેચાયેલ ખેલાડી થયો ઈજાગ્રસ્ત

(એજન્સી) નવી દિલ્હી તા 24

IPL 2025ની સિઝન આગામી 60 દિવસથી પણ ઓછા સમયમાં શરૂ થશે અને તે પહેલા ઓક્શનમાં 23.75 કરોડ રૂપિયામાં ટીમમાં સામેલ કરાયેલ ખેલાડી ઈજાગ્રસ્ત થતાં ફ્રેન્ચાઈઝીનું ટેન્શન વધી ગયું છે. આ ઈજા કેટલી ગંભીર છે અને તેની IPL સિઝન પર કેટલી અસર પડશે તે જોવાનું રહ્યું.ઈન્ડિયન પ્રીમિયર લીગની નવી સિઝન શરૂ થવામાં 60 દિવસથી ઓછા દિવસો બાકી છે. IPL 2025 21 માર્ચથી શરૂ થવાની છે. આવી સ્થિતિમાં, દરેક ફ્રેન્ચાઈઝી આશા રાખશે કે જ્યારે ટૂર્નામેન્ટ શરૂ થશે, ત્યારે તેના તમામ ખેલાડીઓ મેચ માટે સંપૂર્ણ રીતે ફિટ અને ઉપલબ્ધ હશે. પરંતુ ફ્રેન્ચાઈઝી માટે ખતરાની ઘંટડી વાગી છે કારણ કે તેનો સૌથી મોંઘો ખેલાડી ઈજાગ્રસ્ત થયો છે. ઈજા એવી હતી કે તેને મેદાન છોડવું પડ્યું. આ ખેલાડી છે વેંકટેશ અય્યર, જેને વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સે 23.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.



# IPLના કારણે રણજી ટ્રોફીની મેચ એવી જગ્યાએ શિફ્ટ થઈ જ્યાં 13 વર્ષથી મેચ રમાઈ નથી

(એજન્સી) નવી દિલ્હી તા 24

ભારતમાં ક્રિકેટનું સંચાલન કરતી સંસ્થા BCCI ઈચ્છે છે કે તમામ ખેલાડીઓ ઘરેલુ ક્રિકેટને મહત્વ આપે. બોર્ડે તાજેતરમાં આ માટે કડક નિયમો બનાવ્યા છે. પરંતુ હવે BCCI માટે આવકનો સૌથી મોટો સ્ત્રોત આઈપીએલને કારણે રણજી ટ્રોફી મેચને તેના મૂળ સ્થળ પરથી અન્ય સ્ટેડિયમમાં ખસેડવી પડી હતી. રાજસ્થાન ક્રિકેટ એસોસિએશન (RCA) એ IPL માટે પિચ તૈયાર કરવા માટે આ નિર્ણય લીધો છે. આશ્ચર્યની વાત એ છે કે શિફ્ટ કરાયેલા સ્થળ પર 13 વર્ષથી એકપણ ફર્સ્ટ ક્લાસ મેચ યોજાઈ નથી. સવાઈ માન સિંહ સ્ટેડિયમ RRનું હોમ ગ્રાઉન્ડ IPL 2025ની મેચો 21 માર્ચથી શરૂ થશે. જોકે, આ ટુર્નામેન્ટને હજુ 2 મહિના બાકી છે. પરંતુ તેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જયપુરનું સવાઈ માન સિંહ સ્ટેડિયમ IPL ફ્રેન્ચાઈઝી રાજસ્થાન રોયલ્સનું હોમ ગ્રાઉન્ડ છે. તે રણજી ટ્રોફીમાં રાજસ્થાનનું હોમ ગ્રાઉન્ડ પણ છે. પરંતુ હાલમાં IPLની ટીમ પર ધ્યાન આપવામાં આવ્યું છે. રાજસ્થાન 23 થી 26 જાન્યુઆરી દરમિયાન વિદર્ભ સામે મેચ રમવાનું હતું. પરંતુ અહેવાલ મુજબ સ્ટેડિયમમાં IPL માટે મેદાનનું ઘાસ કાપવાનું કામ શરૂ થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે આ સ્ટેડિયમમાં 2012 પછી કોઈ ફર્સ્ટ ક્લાસ મેચ રમાઈ નથી.

# ધમાકેદાર કમબેંક માટે અર્જુન તેંડુલકર કરી રહ્યા છે તૈયારી

(એજન્સી)નવી દિલ્હી તા 24

ક્રિકેટના મહાન ખેલાડી સચિન તેંડુલકરના પુત્ર અર્જુન રણજી ટ્રોફીમાં પોતાનુ દમ-ખમ બતાવવા જોવા મળી શકે છે. લાંબા સમયથી અર્જુન તેંડુલકરે કોઈ મોટી ટુર્નામેંટ નથી રમી. પરંતુ હવે તેઓ પોતાના ઉત્કૃષ્ટ દેખાવ માટે તૈયાર છે. રણજી ટ્રોફીમાં ગોવા માટે તેઓ પરત ફરવા તૈયાર છે. ગોવાના ઓલરાઉંડર નાગાલૈંડ વિરુદ્ધ રણજી ટ્રોફીના પ્લેટ ગ્રુપ ફાઈનલમાં રમતા જોવા મળશે. ગોવાના સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફી દરમિયાન અર્જુનને ટીમમાં સ્થાન મળ્યુ ન હતુ. પરંતુ રણજી સીઝનમાં ટીમમાં સૌથી વધુ વિકેટ લેનાર ત્રીજા નંબરના ખેલાડી બન્યા છે.

# 3 વર્ષની ઉંમરે બેટ હાથમાં લીધું, રન નહિ પરંતુ સિક્સરનો બાદશાહ

(એજન્સી) નવી દિલ્હી તા 24

અભિષેક શર્મા તેની ધમાકેદાર ઈનિંગ્સ અને સિક્સર ફટકારવા માટે પ્રખ્યાત છે. તેણે આઈપીએલમાં જ આની ઝલક બતાવી હતી. આઈપીએલની છેલ્લી સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી રમતા તેણે 46 સિક્સર ફટકારી હતી. હાલમાં ઈંગ્લેન્ડ સામે યુવરાજ સિંહની સિક્સરનો રેકોર્ડ પણ તોડ્યો છે. આજે આપણે એક એવા ક્રિકેટરના પરિવાર અને પર્સનલ લાઈફ વિશે વાત કરીશું, જેમણે માત્ર 3 વર્ષની વયે બેટ હાથમાં લીધું હતુ. આજે આ ખેલાડી રનનો નહિ પરંતુ મેદાન પર સિક્સ ફટકારવાનો વરસાદ કરી રહ્યો છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી 5 મેચની ટી20 સીરિઝની પહેલી મેચ કોલકત્તાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં રમાય હતી. અભિષેકે પોતાની આ ઈનિંગ્સ દરમિયાન યુવરાજ સિંહનો 18 વર્ષ જૂનો રેકોર્ડ પણ તોડી નાંખ્યો છે. અભિષેકે પોતાની ઈનિંગ્સ દરમિયાન 34 બોલનો સામનો કર્યો હતો, આ દરમિયાન કુલ 8 સિક્સ ફટકારી હતી. અભિષેક શર્માનો જન્મ 4 સપ્ટેમ્બર 2000ના રોજ પંજાબના અમૃતસરમાં પિતા રાજકુમાર શર્મા અને માતા મંજુ શર્માને ત્યાં થયો હતો. શર્મા ત્રણ બહેનોમાં સૌથી નાનો છે, તેમની બે મોટી બહેનો કોમલ અને સોનિયા છે. તેમણે દિલ્હી પબ્લિક સ્કૂલમાં પોતાનું શિક્ષણ પૂર્ણ કર્યું છે.



## કોર્ટે કહ્યું- ટ્રમ્પનો આ આદેશ સ્પષ્ટપણે ગેરબંધારણીય છે, આનાથી મગજ ફરી ગયું

# બર્થરાઈટ સિટિઝનશિપ ખતમ કરવા પર કોર્ટનો 14 દિવસનો સ્ટે

(એજન્સી) વોશિંગ્ટન તા 24

યુએસ ફેડરલ કોર્ટે ગુરુવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જન્મજાત નાગરિકતા અધિકારોને સમાપ્ત કરવાના નિર્ણયને 14 દિવસ માટે અટકાવી દીધો છે. ફેડરલ કોર્ટના જજ જ્હોન કોનૌરે આ નિર્ણય વોશિંગ્ટન, એરિઝોના, ઈલિનોઈસ અને ઓરેગોન રાજ્યોની અરજી પર આપ્યો હતો. સીએનએન અનુસાર, ચર્ચા દરમિયાન, ન્યાયાધીશ જોન કોનૌરે, ન્યાય વિભાગના વકીલને અટકાવતા પૂછ્યું- આ આદેશને બંધારણીય કેવી રીતે ગણી શકાય? તે દિમાગને અકળાવનારું છે. આ સ્પષ્ટપણે ગેરબંધારણીય આદેશ છે. ન્યાયાધીશ કોનૌરે કહ્યું કે તેઓ 40 વર્ષથી વધુ સમયથી બેન્ચ પર છે, પરંતુ તેમને એવો કોઈ અન્ય કેસ યાદ નથી કે જેમાં આ કેસ આટલો સ્પષ્ટ રીતે ગેરબંધારણીય હોય. કેસની આગામી સુનાવણી 5 ફેબ્રુઆરીએ થશે. તમને જણાવી દઈએ કે 20 જાન્યુઆરીએ તેમના શપથ ગ્રહણના દિવસે ટ્રમ્પે જન્મ અધિકાર નાગરિકતા પર પ્રતિબંધ લગાવતા એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. જેના કારણે દર વર્ષે 1.5 લાખ નવજાત શિશુઓની નાગરિકતા જોખમમાં છે. આ આદેશનો અમલ કરવા માટે 30 દિવસ એટલે કે 19 ફેબ્રુઆરી સુધીનો સમય આપવામાં આવ્યો છે. આ કાયદો અમેરિકામાં 150 વર્ષથી અમલમાં છે. યુએસ બંધારણમાં 14મો સુધારો બાળકોને જન્મસિદ્ધ નાગરિકતાની ખાતરી આપે છે. આ કાયદો અમેરિકામાં 150 વર્ષથી અમલમાં છે.



### દાવો- ટ્રમ્પ પાસે બંધારણીય અધિકારો નથી

ટ્રમ્પના આ નિર્ણય બાદ મંગળવારે 22 રાજ્યોના એટર્ની જનરલે તેની વિરુદ્ધ બે ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ દાખલ કર્યો અને આદેશને રદ કરવા કહ્યું. યુ.એસ. એ 30 દેશોમાંનો એક છે જ્યાં જન્મસિદ્ધ નાગરિકતા અથવા જસ સોલી (માટીનો અધિકાર)નો સિદ્ધાંત લાગુ પડે છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ રાજ્યોએ દલીલ કરી હતી કે રાષ્ટ્રપતિ અને કોંગ્રેસ (સંસદ) પાસે 14મા સુધારા હેઠળ જન્મસિદ્ધ નાગરિકતા પર પ્રતિબંધ મૂકવાની બંધારણીય સત્તા નથી. ન્યુ જર્સીના એટર્ની જનરલ મેથ્યુ પ્લેટકિને કહ્યું કે રાષ્ટ્રપતિ શક્તિશાળી છે, પરંતુ તે રાજા નથી. તેઓ કલમના ફટકાથી બંધારણને ફરીથી લખી શકતા નથી.

### અમેરિકામાં જન્મજાત નાગરિકતાના કેસમાં વધારો થયો છે

1965માં અમેરિકન સિવિલ વોર સમાપ્ત થયા બાદ જુલાઈ 1868માં યુએસ સંસદમાં 14મો સુધારો મંજૂર કરવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે દેશમાં જન્મેલા તમામ અમેરિકન નાગરિક છે. આ સુધારાનો હેતુ ગુલામીનો ભોગ બનેલા અશ્વેત લોકોને અમેરિકન નાગરિકતા આપવાનો હતો. પ્યુ રિસર્ચ સેન્ટરના 2022ના રિપોર્ટ અનુસાર 16 લાખ ભારતીય બાળકોને અમેરિકામાં જન્મથી નાગરિકતા મળી છે. આ સ્પષ્ટપણે ગેરબંધારણીય આદેશ છે. ન્યાયાધીશ કોનૌરે કહ્યું કે તેઓ 40 વર્ષથી વધુ સમયથી બેન્ચ પર છે, પરંતુ તેમને એવો કોઈ અન્ય કેસ યાદ નથી

**વોશિંગ્ટન એટર્ની જનરલ નિક બ્રાઉનના જણાવ્યા અનુસાર:** ટ્રમ્પના નિર્ણયથી દર વર્ષે 150,000 નવજાત શિશુઓને નાગરિકતા આપવાનો ઈનકાર કરવામાં આવશે. વોશિંગ્ટન એટર્ની જનરલ નિક બ્રાઉનના જણાવ્યા અનુસાર, ટ્રમ્પના નિર્ણયથી દર વર્ષે 150,000 નવજાત શિશુઓને નાગરિકતા આપવાનો ઈનકાર કરવામાં આવશે. જો કે, આ સુધારાનું અર્થઘટન યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મેલા તમામ બાળકોને તેમના માતા-પિતાની ઈમિગ્રેશન સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાવેશ કરવા માટે કરવામાં આવ્યું છે.

### ગરીબ અને યુદ્ધગ્રસ્ત દેશોના લોકો અમેરિકા આવે છે

બાળકોને જન્મ આપે છે. આ લોકો અભ્યાસ, સંશોધન અને નોકરીના આધારે અમેરિકામાં રહે છે. બાળકનો જન્મ થતાં જ તેને અમેરિકન નાગરિકતા મળી જાય છે. નાગરિકતાના બહાના હેઠળ, માતાપિતાને અમેરિકામાં રહેવાનું કાનૂની કારણ પણ મળે છે.

અમેરિકામાં લાંબા સમયથી આ ટ્રેન્ડ પૂરજોશમાં ચાલી રહ્યો છે. ટીકાકારો તેને બર્થ ટુરીઝમ કહે છે.

## ટ્રમ્પે કહ્યું- પુતિનને વહેલી તકે મળવું ખૂબ જ જરૂરી

(એજન્સી) અમેરિકા તા 24

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને વહેલી તકે મળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ સાથે, તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જ્હોન એફ. કેનેડી, તેમના ભાઈ રોબર્ટ એફ. કેનેડી અને સામાજિક કાર્યકર્તા માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની હત્યા સંબંધિત ફાઈલોને જાહેર કરવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પે ગુરુવારે વ્હાઈટ હાઉસમાં મીડિયાને કહ્યું કે મેં જે સાંભળ્યું છે તે મુજબ પુતિન પણ મને મળવા માંગે છે અને અમે વહેલી તકે મળીશું. અમારા માટે મળવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે યુદ્ધમાં દરરોજ સૈનિકો માર્યા જાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ટ્રમ્પે પોતાના પ્રતિનિધિ કીથ કેલોગને રશિયા અને યુક્રેન વચ્ચે સમજૂતી કરવા માટે 100 દિવસનો સમય આપ્યો છે. બુધવારે તેમણે પુતિનને ધમકી પણ આપી હતી કે જો તે સમજૂતી માટે સહમત નહીં થાય તો રશિયા પર નવા પ્રતિબંધો લાદવામાં આવશે. ફોક્સ ન્યૂઝના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન જ્હોન એફ. કેનેડી, તેમના ભાઈ અને માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની હત્યા સંબંધિત દસ્તાવેજો જાહેર કરવાનું વચન આપ્યું હતું. ટ્રમ્પે મીડિયાને કહ્યું કે બધું જ સામે આવશે.ટ્રમ્પના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'મેં હવે નક્કી કર્યું છે કે રાષ્ટ્રપતિ જ્હોન એફ. કેનેડીની હત્યા સાથે સંબંધિત દસ્તાવેજોને રોકી રાખવાના હવે યોગ્ય નથી અને તેને જાહેર કરવામાં પહેલેથી જ મોડું થઈ ગયું છે.' જ્હોન એફ. કેનેડીની 22 નવેમ્બર, 1963ના રોજ ડલ્લાસમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

# ટ્રમ્પે કહ્યું- સાઉદી ઓઈલની કિંમત ઘટાડે: યુક્રેનમાં યુદ્ધ બંધ થશે

(એજન્સી) વોશિંગ્ટન તા 24

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે વર્ચ્યુઅલ રીતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમને સંબોધિત કર્યું. તેમણે સાઉદી અરેબિયાને ઓઈલના ભાવ ઘટાડવા કહ્યું અને વિશ્વભરના ઉદ્યોગપતિઓને અમેરિકામાં આવીને વેપાર કરવા કહ્યું. દુનિયાભરના દરેક બિઝનેસમેન માટે મારી પાસે સ્પષ્ટ સંદેશ છે. આવો તમારું ઉત્પાદન અમેરિકામાં બનાવો અને અમે તમારી પાસેથી વિશ્વના કોઈપણ દેશ કરતાં સૌથી ઓછો ટેક્સ વસૂલ કરીશું. ટ્રમ્પે કહ્યું કે તેઓ સાઉદી અરેબિયા અને ઓપેક (ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ)ને 'ઓઈલની કિંમત ઘટાડવા' કહેશે. ટ્રમ્પે કહ્યું- સાચું કહું તો મને આશ્ચર્ય થાય છે કે તેણે હજુ સુધી આવું કેમ નથી કર્યું. તેઓ મોંઘવારી રોકવા સક્ષમ ન હતા કે તેઓ દેશમાં ગુનેગારોના પ્રવેશને રોકવામાં સક્ષમ ન હતા.



### ટ્રમ્પે કહ્યું- કંપનીઓએ સૌથી ઓછો ટેક્સ ચૂકવવો પડશે

ટ્રમ્પે કહ્યું કે તેઓ દેશમાં બનેલી ઉત્પાદનો પર લઘુત્તમ ટેક્સ લાદવા પર કામ કરી રહ્યા છે. તેમના શાસનમાં અમેરિકાના ઈતિહાસમાં ટેક્સ સૌથી ઓછો હશે. તેઓ તેમના પ્રથમ કાર્યકાળ કરતાં ટેક્સ ઓછો કરી દેશે.

**સાઉદી પ્રિન્સે કહ્યું- અમેરિકન રોકાણ વધારીને 1 ટ્રિલિયન ડોલર કરો :** તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવવા માટે અમેરિકામાં 500 બિલિયન ડોલરના રોકાણનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે તેમણે એવા અહેવાલો પર પણ ચર્ચા કરી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સાઉદી અરેબિયા અમેરિકામાં 600 અબજ ડોલરનું રોકાણ કરશે. ટ્રમ્પે કહ્યું કે તેમને આશા છે કે ક્રાઉન પ્રિન્સ સલમાન આ રોકાણને $1 ટ્રિલિયન સુધી લઈ જશે.

**અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે :** તેમની જીત બાદ આખી દુનિયામાં એક રોશની ચમકી રહી છે. જે દેશો અમેરિકાના બહુ ખાસ મિત્ર નથી તે પણ આ જીતથી ખુશ છે. કારણ કે તેઓ જાણે છે કે ટ્રમ્પના નેતૃત્વમાં વિશ્વનું ભવિષ્ય કેટલું સુંદર હશે.ટ્રમ્પે ભાષણની શરૂઆતમાં અમેરિકન રાજકારણ પર પણ ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ બાઈડેને અમેરિકામાં જે કંઈ પણ થઈ રહ્યું છે તેના પરથી નિયંત્રણ ગુમાવી દીધું છે.

## કેક કાપ્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે તલવાર સાથે કર્યો ડાન્સ

(એજન્સી) અમેરિકા તા 24

રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે આર્મી કમાન્ડર-ઈન-ચીફ સ્વાગત સમારોહમાં હાજરી આપી. આ દરમિયાન ટ્રમ્પ તલવાર સાથે નાચતા જોવા મળ્યા. તેમણે હાતમાં તલવાર લઈ નાચતા નાચતા કેક પણ કાપી હતી. ટ્રમ્પની પત્ની અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ પણ તેમની સાથે જોવા મળ્યા હતા. સ્ટેજ પર પહોંચ્યા પછી, બંનેએ ડાન્સ પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ જેડી વાન્સ અને તેમના પત્ની ઉષા વાન્સ પણ હાજર રહ્યા હતા. લિબર્ટી બોલ, કમાન્ડર-ઈન-ચીફ બોલ અને સ્ટારલાઈટ બોલ. ટ્રમ્પે લિબર્ટી બોલ દરમિયાન તમામ લશ્કરી કર્મચારીઓનો આભાર માન્યો. ટ્રમ્પે પોતાના ભાષણમાં સ્ત્રીઓનો આદર કરીએ જે આપણને સુરક્ષિત રાખે છે."સમારંભ દરમિયાન ટ્રમ્પે જનમેદનીને સંબોધિત કરી, બીજા કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ તરીકે સેવા આપવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને યુએસ સૈન્યને મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

## 18 હજાર ભારતીયોને કાઢી મુકશે: ગેરકાયદેસર રહેતા લોકોને પાછા મોકલવા મુદ્દે ભારત સંમત

વોશિંગ્ટન તા 24

અમેરિકાના પ્રવાસે ગયેલા વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે અમે અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીય નાગરિકોને પાછા મોકવવા મામલે સંમત છીએ. વિદેશ મંત્રીએ આ મુદ્દે ભારતના વલણને સ્થિર અને સૈદ્ધાંતિક ગણાવ્યું હતું. જયશંકરે આ અંગે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો સાથે વાત કરી છે. જયશંકરે વોશિંગ્ટનમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ માહિતી આપી હતી. કોન્ફરન્સ દરમિયાન જયશંકરે કહ્યું, અમારું માનવું છે કે જો અમારા નાગરિકો અહીં ગેરકાયદેસર રીતે રહે છે અને તે અમારા નાગરિક છે તે નક્કી છે, તો અમે તેમને પાછા મોકવવા માટે હંમેશા તૈયાર છીએ. તેમણે કહ્યું કે ભારત ગેરકાયદેસર રીતે રહેવાનો સખત વિરોધ કરે છે, તે દેશોની છબી માટે સારું નથી કારણ કે તે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. જયશંકર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણમાં હાજરી આપવા આવ્યા હતા. તેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક પત્ર પણ ટ્રમ્પને આપ્યો હતો.

ટ્રમ્પે 20 જાન્યુઆરીએ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ પદના શપથ લીધા હતા. ટ્રમ્પે 20 જાન્યુઆરીએ અમેરિકાના 47માં રાષ્ટ્રપતિ પદના શપથ લીધા હતા. 18 હજાર ભારતીયોને અમેરિકામાંથી કાઢી મુકવામાં આવશે અમેરિકામાં ગેરકાયદે રહેતા 18 હજાર ભારતીયો તેમના દેશમાં પરત ફરશે. અમેરિકન વેબસાઈટ બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, તેમની પાસે અમેરિકન નાગરિકતા નથી અને તેમની પાસે ત્યાંની નાગરિકતા મેળવવા માટેના સાચા દસ્તાવેજો પણ નથી. ગયા મહિને, અમેરિકામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સાથે કામ કરતી સરકારી એજન્સી (ICE) એ લગભગ 15 લાખ લોકોની યાદી બનાવી હતી જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહે છે. આ યાદીમાં 18 હજાર ભારતીયો સામેલ છે. યુએસ સરકારના ડેટા મુજબ, 2023માં 3,86,000 લોકોને H-1B વિઝા આપવામાં આવ્યા હતા, જેમાંથી લગભગ ત્રણ-ચતુર્થાંશ વિદેશ મંત્રી માર્કો રૂબિયો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝ સાથે બાંગ્લાદેશના મુદ્દા પર ટૂંકમાં ચર્ચા કરી હતી.

## અમેરિકામાં પ્રતિબંધ લાગે તે પહેલા જ ઉચાળા ભરતુ TikTok

(એજન્સી) અમેરિકા તા 24

અમેરિકામાં નવો કાયદો પસાર થાય તે પહેલાં TikTok ઓફલાઈન થઈ ગયું છે, એટલું જ નહીં, આ એપને અમેરિકામાં એપ સ્ટોરમાંથી બહાર નીકળવાનો રસ્તો પણ બતાવવામાં આવ્યો છે. ટિકટોકને કોણ નથી જાણતું, આ ટૂંકા વીડિઓ શેરિંગ માટેનુ પ્લેટફોર્મ અમેરિકામાં ઑફલાઈન થઈ ગયું છે અને આ બધું અમેરિકામાં નવો કાયદો અમલમાં આવે તે પહેલાં જ થયું. એટલું જ નહીં, એપલ હબે એવી પણ માહિતી આપી છે કે અમેરિકામાં એપ સ્ટોરમાંથી ટિકટોક દૂર કરવામાં આવ્યું છે, સરળ ભાષામાં કહીએ તો, આ ટિકટોક એપ અમેરિકામાં એપ સ્ટોરમાંથી દૂર કરવામાં આવી છે.અમેરિકામાં રહેતા યુઝર્સ TikTok ખોલતાની સાથે જ સ્ક્રીન પર લખેલું દેખાય છે કે 'TikTok હાલમાં ઉપલબ્ધ નથી'. સ્ક્રીન પર આ મેસેજ જોયા પછી, યુઝર્સે આ મેસેજના સ્ક્રીનશોટ લેવાનું અને તેને સોશિયલ મીડિયા પર શેર કરવાનું શરૂ કરી દીધું છે.

### ડાન્સ ક્લાસમાં 3 બાળકીઓની ચાકુ મારીને હત્યા કરીહતી

## બ્રિટનમાં 18 વર્ષના છોકરાને 52 વર્ષની સજા

(એજન્સી) લંડન તા 24

બ્રિટનમાં ડાન્સ ક્લાસમાં ત્રણ છોકરીઓને ચાકુ મારનાર છોકરાને કોર્ટે 52 વર્ષની સજા ફટકારી છે. ગુનેગાર એક્સેલ રૂદાકુબાના પર હત્યા ઉપરાંત હત્યાના પ્રયાસના 10 કેસ પણ ચાલી રહ્યા હતા. ગુરુવારે સજા સંભળાવતી વખતે ન્યાયાધીશે તેને સૌથી ગંભીર અપરાધો પૈકીનો એક ગણાવ્યો હતો. ન્યાયાધીશ જુલિયન જુઝે કહ્યું કે 18 વર્ષીય એક્સેલ રુદાકુબાના નિર્દોષ છોકરીઓની સામૂહિક હત્યા કરવા માંગતો હતો. તેમણે કહ્યું કે દોષિતને કસ્ટડીમાં ગાળેલા છ મહિના સિવાય 52 વર્ષની સજા ભોગવવી પડશે. લિવરપૂલ નજીક સાઉથપોર્ટમાં 29 જુલાઈની સાંજે એક્સેલ રૂડાકુબાનાએ ઘણી છોકરીઓ પર છરી વડે હુમલો કર્યો હતો.

### બ્રિટનમાં 13 વર્ષમાં સૌથી મોટા રમખાણો ફાટી નીકળ્યા

આ ઘટના બાદ, ઓનલાઈન અફવા ફેલાઈ કે ડાન્સ ક્લાસમાં છરી વડે હુમલો કરનાર મુસ્લિમ શરણાર્થી હતો, જેનાથી લોકોમાં રોષ ફેલાયો હતો. આ પછી બ્રિટનના 17 શહેરોમાં રમખાણો ફાટી નીકળ્યા હતા. ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા અને સંપત્તિને પણ નુકસાન થયું હતું. જોકે, પોલીસે સ્પષ્ટતા કરી હતી કે આરોપીનો ઈસ્લામ સાથે કોઈ સંબંધ નથી. પરંતુ તેમ છતાં, ઈમિગ્રન્ટ વિરોધી અને મુસ્લિમ વિરોધી રમખાણો ઘણા દિવસો સુધી ચાલુ રહ્યા. બ્રિટનમાં 18 વર્ષથી ઓછી ઉંમરના શકમંદોના નામ જાહેર કરવામાં આવતા નથી. પરંતુ આ કેસમાં કોર્ટે અલગ નિર્ણય લેવો પડ્યો.

### બ્રિટનના બ્રિસ્ટોલમાં દેખાવકારો 'ઈનફ ઈઝ ઈફ'ના નારા લગાવી રહ્યા હતા.

બીબીસીના જણાવ્યા અનુસાર, જ્યારે લિવરપૂલ ક્રાઉન કોર્ટમાં રૂદાકુબાનાની ટ્રાયલ શરૂ થવાની હતી, ત્યારે તેણે 'કોઈ પસ્તાવો દર્શાવ્યો ન હતો'. તેણે હત્યા, હત્યાનો પ્રયાસ અને આતંકવાદ સહિતના તમામ આરોપોને કબૂલ કર્યા હતા. બેબ કિંગ (ડાબે), એલ્સી ડોટ સ્ટેનકોમ્બ (વચ્ચે) અને એલિસ દા સિલ્વા અગુઆર (જમણે) જેમાં એલિસ દા સિલ્વા અગુઆર (9 વર્ષ), એલ્સી ડોટ સ્ટેનકોમ્બ (7 વર્ષ) અને બેબે કિંગ (6 વર્ષ)ના મોત થયા હતા અને લગભગ એક ડઝન લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાં મોટાભાગના બાળકો હતા. તેમની ઉંમર 7 થી 13 વર્ષની વચ્ચે હતી.

## અમેરિકાનું નાગરિકત્વ મેળવવું હવે કેટલું મુશ્કેલ ?

(એજન્સી) અમેરિકા તા 24

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળતાની સાથે જ પોતાના વચનો પૂરા કરવાનું શરૂ કરી દીધું છે. આ સંદર્ભમાં ટ્રમ્પે હવે બર્થરાઈટ નીતિમાં ફેરફાર કરવા માટે પગલાં લીધાં છે અને એક આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. ત્યારે આ લેખમાં જાણીશું કે, અમેરિકાની બર્થરાઈટ પોલિસી શું છે ? ટ્રમ્પે જે આદેશ પર હસ્તાક્ષર કર્યા છે, તેનાથી ભારતના લોકો પર શું અસર પડશે ? અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત પદ સંભાળતાની સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા જ દિવસે અનેક આદેશો પર હસ્તાક્ષર કર્યા છે. જેની અસર સમગ્ર વિશ્વ પર પડી શકે છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને રોકવા માટે કડક નિર્ણયો લેવા ઉપરાંત ટ્રમ્પે જન્મના આધારે નાગરિકતા સમાપ્ત કરવાનો આદેશ પણ બહાર પાડ્યો છે.

અમેરિકન કાયદા મુજબ, અત્યાર સુધી ત્યાં જન્મેલા દરેક બાળકોને અમેરિકન નાગરિક ગણાય છે, પરંતુ હવે આવું નહીં થાય. ટ્રમ્પે અમેરિકાની બર્થરાઈટ પોલિસીમાં ફેરફાર કરવા માટે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પના આ નિર્ણયની અસર મેક્સિકો-કેનેડા જેવા દેશો તેમજ ભારત પર પણ પડશે કારણ કે દર વર્ષે અમેરિકામાં રહેતા હજારો ભારતીયોને ત્યાં નાગરિકતા મળે છે, જે હવે મુશ્કેલ બની શકે છે. બર્થરાઈટ પોલિસીને ઊંડાણપૂર્વક સમજતા પહેલા સામાન્ય રીતે એ જાણવું જરૂરી છે કે યુએસ બંધારણ અનુસાર, દેશમાં જન્મેલા બાળકોને દેશના નાગરિક ગણવામાં આવે છે.

### ટ્રમ્પે જન્મજાત નાગરિકતા ખતમ કરી, 20 ફેબ્રુઆરી પછી બાળક જન્મશે તો નાગરિકતા નહીં મળે

# અમેરિકામાં પ્રી-મેચ્યોર ડિલિવરી માટે ભારતીય સગર્ભાઓની પડાપડી



(એજન્સી) વોશિંગ્ટન તા 24

અમેરિકામાં 20 ફેબ્રુઆરી પહેલા બાળકને જન્મ આપવાની રેસ ચાલી રહી છે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અહેવાલ અનુસાર, ભારતીય મૂળના ગાયનેકોલોજિસ્ટે જણાવ્યું કે તેમને આવા 20 જેટલા કોલ આવ્યા છે જેમાં ગર્ભવતી મહિલાઓ પ્રિમેચ્યોર ડિલિવરી માટે સી-સેક્શન સર્જરી કરાવવા માગે છે. હકીકતમાં, પદના શપથ લીધા બાદ ટ્રમ્પે એક કાર્યકારી આદેશ જારી કરીને જન્મજાત નાગરિકતાના અધિકારને ખતમ કરવાનો નિર્ણય લીધો છે. આવી સ્થિતિમાં, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અથવા અમેરિકામાં જન્મેલા વિઝા પર રહેતા લોકોના બાળકો નાગરિકતા મેળવી શકશે નહીં. ટ્રમ્પે આ આદેશને લાગુ કરવા માટે 30 દિવસનો સમય આપ્યો છે. આ સમયમર્યાદા 19મી ફેબ્રુઆરીએ પૂરી થઈ રહી છે. આ જ કારણ છે કે ઘણી સગર્ભા સ્ત્રીઓ 20 ફેબ્રુઆરી પહેલા બાળકને જન્મ આપવા માગે છે.

### ટ્રમ્પને આદેશનો અમલ કરવામાં કાયદાકીય અવરોધોનો સામનો કરવો પડશે

બીબીસીના જણાવ્યા મુજબ, મોટાભાગના કાયદાકીય નિષ્ણાતો માને છે કે એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા જન્મજાત નાગરિકતાના અધિકારને નાબૂદ કરી શકાય નહીં. આનો અંત લાવવા માટે બંધારણમાં સુધારાની જરૂર પડશે. આ સુધારો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટમાં બે તૃતીયાંશ મતોથી જ પસાર થઈ શકે છે. આ સિવાય તેને રાજ્યોના સમર્થનની પણ જરૂર પડશે.અમેરિકામાં લાંબા સમયથી આ ટ્રેન્ડ પૂરજોશમાં ચાલી રહ્યો છે. ટીકાકારો તેને બર્થ ટુરીઝમ કહે છે. પ્યુ રિસર્ચ સેન્ટરના 2022ના રિપોર્ટ અનુસાર 16 લાખ ભારતીય બાળકોને અમેરિકામાં જન્મથી નાગરિકતા મળી છે.ટ્રમ્પે જે એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા જન્મસિદ્ધ નાગરિકતા કાયદાને નાબૂદ કર્યો છે તેને 'અમેરિકન નાગરિકતાના અર્થ અને મૂલ્યનું રક્ષણ' નામ આપવામાં આવ્યું છે. આ ઓર્ડર 3 સંજોગોમાં યુએસ નાગરિકતા નકારે છે. યુએસ સેન્સસ બ્યુરોના 2024 સુધીના ડેટા અનુસાર, લગભગ 54 લાખ ભારતીયો અમેરિકામાં રહે છે. આ અમેરિકાની વસતિના દોઢ ટકા જેટલી છે. આ લોકોમાંથી બે તૃતીયાંશ લોકો પ્રથમ પેઢીના ઈમિગ્રન્ટ્સ છે. તેનો અર્થ એ કે અમેરિકા જનારા પરિવારમાં તેઓ પ્રથમ હતા

### અમેરિકામાં જન્મજાત નાગરિકતાના કેસમાં વધારો થયો

ગૃહ યુદ્ધ પછી, જુલાઈ 1868માં યુએસ સંસદમાં 14મો સુધારો મંજૂર કરવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે દેશમાં જન્મેલા તમામ અમેરિકન નાગરિક છે. આ સુધારાનો હેતુ ગુલામીનો ભોગ બનેલા અશ્વેત લોકોને અમેરિકન નાગરિકતા આપવાનો હતો. જો કે, આ સુધારો યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મેલા તમામ બાળકોનો સમાવેશ કરવા માટે અર્થઘટન કરવામાં આવ્યો છે, તેમના માતાપિતાની ઈમિગ્રેશન સ્થિતિને ધ્યાનમાં લીધા વગર.

**ટ્રમ્પની જાહેરાત બાદ સમયની પહેલા બાળકને જન્મ આપવાના કેસમાં વધારો થયો :** રિપોર્ટ અનુસાર, ઘણી ભારતીય મહિલાઓ 20 ફેબ્રુઆરી પહેલા આઠમા કે નવમા મહિનામાં સંતાન પ્રાપ્ત કરવા માગે છે. ન્યુ જર્સીના ડો.એસ.ડી. રામાએ કહ્યું કે ટ્રમ્પની જાહેરાત બાદ આવા મામલાઓમાં વધારો થયો છે. તેમણે કહ્યું કે મહિલા સાતમા મહિનામાં જ ડિલિવરી ઈચ્છે છે. આ માટે તેઓ તેમના પતિ સાથે આવી હતી અને ડિલિવરીની તારીખ પૂછે છે.

**જો અમેરિકામાં જન્મેલા બાળકની માતા ત્યાં ગેરકાયદેસર રીતે રહે છે. :** બાળકના જન્મ સમયે માતા યુનાઈટેડ સ્ટેટ્સની કાયદેસર પરંતુ અસ્થાયી નિવાસી હોવી આવશ્યક છે. બાળકના જન્મ સમયે પિતા યુએસ નાગરિક અથવા કાયદેસરના કાયમી નિવાસી ન હોવા જોઈએ. યુએસ બંધારણનો 14મો સુધારો જન્મસિદ્ધ નાગરિકત્વનો અધિકાર આપે છે. તેનાથી અમેરિકામાં રહેતા ઈમિગ્રન્ટ્સના બાળકોને પણ નાગરિકતાનો અધિકાર મળે છે.

## અમેરિકામાં હજારો ભારતીયો મુશ્કેલીમાં, તો કેનેડાથી યુવાનો માટે ખરાબ સમાચાર

(એજન્સી) અમેરિકા તા 24

કેનેડામાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પરમિટ અરજીઓ માટે મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી છે. 2025માં કેનેડામાં અભ્યાસ કરવા માટે વિદેશી વિદ્યાર્થીઓ માટે ફક્ત 5,05,162 અરજી ફોર્મ ભરી શકાશે. વિદેશી વિદ્યાર્થીઓ માટે આ સૂચના તાજેતરમાં કેનેડા-ગેઝેટમાં પ્રકાશિત થઈ હતી. કેનેડામાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પરમિટ અરજીઓ માટે મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી છે. દુનિયાભરમાંથી ત્યાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ માટે આ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 2025માં કેનેડામાં અભ્યાસ કરવા માટે વિદેશી વિદ્યાર્થીઓ માટે ફક્ત 5,05,162 અરજી ફોર્મ ભરી શકાશે. વિદેશી વિદ્યાર્થીઓ માટે આ સૂચના તાજેતરમાં કેનેડા-ગેઝેટમાં પ્રકાશિત થઈ હતી. આ પ્રક્રિયા મર્યાદા (CAP) સમાપ્ત થઈ ગયા પછી, ઈમિગ્રેશન રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) ને સબમિટ કરવામાં આવેલી કોઈ વધુ અભ્યાસ પરમિટ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. જો અરજી સ્વીકારવામાં નહીં આવે તો રિફંડ તેમને પાછું મોકલવામાં આવશે.ડિસેમ્બર 2023 સુધીમાં કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા 1 મિલિયનથી વધુ હતી. કેનેડામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા મોટા પ્રમાણમાં છે,

# શરદ અને અજિત પવાર વચ્ચે બંધબારણે બેઠકથી ભાજપ મૂંઝાયો

## શું મહારાષ્ટ્રમાં નવા-જૂની થશે? રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (SP) ના વડા શરદ પવાર અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના વડા અજિત પવાર ગુરુવારે પુણેમાં મુલાકાત કરી હતી

(એજન્સી) મુંબઈ । તા. 24

એક દિવસ પહેલા શિવસેનાના સ્થાપક બાલ ઠાકરેની જન્મજયંતિ હતી. બાળ ઠાકરેની જન્મજયંતિ પર બંને જૂથો શિવસેના (શિંદે) અને શિવસેના (યુબીટી) એ પોત-પોતાની તાકાત બતાવવા મુંબઈમાં અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કર્યું. જ્યારે શાસક મહાયુતિ અને વિપક્ષ મહા વિકાસ આઘાડી (MVA) ના બે ઘટકો મુંબઈમાં બાલ ઠાકરેના વારસા પર પોતાનો દાવો મજબૂત કરવામાં વ્યસ્ત હતા. એ જ દિવસે, મુંબઈથી દૂર પુણેમાં બંને ગઠબંધનમાંના ટોચના એક-એક નેતા સાથે બેઠા હતા. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (SP) ના વડા શરદ પવાર અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના વડા અજિત પવાર ગુરુવારે પુણેમાં મુલાકાત કરી હતી.

શરદ પવાર અને અજિત પવાર વચ્ચેની આ મુલાકાત બંધ બારણે યોજાઈ હતી.

વસંત દાદા સુગર ઈન્સ્ટિટ્યૂટ (VSI) ની વાર્ષિક સામાન્ય સભા પછી બંને નેતાઓની મુલાકાત દરમિયાન ધારાસભ્ય દિલીપ વાલસે પાટિલ સહિત ઘણા નેતાઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. તાજેતરમાં બીએમસીની ચૂંટણી નજીક છે અને અજિત પવારની માતાએ પણ બંને પક્ષોના એકીકરણની ઈચ્છા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે શિવસેના (શિંદે) ના નેતાઓએ બાળ ઠાકરેની જન્મજયંતિ પર મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ આવશે એવો દાવો કર્યો હતો. આ બધા સંજોગોમાં NCP (SP) અને NCP ના વડાઓની આ બેઠક અંગે અટકળોનો દોર શરૂ થયો.





**અજિત પવારે શું કહ્યું આ બેઠક વિશે?** | અહેવાલ અનુસાર, મહારાષ્ટ્ર સરકારના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે શરદ પવાર સાથેની બંધ બારણે થયેલી બેઠક અંગે કહ્યું છે કે ખાંડ ઉદ્યોગને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ખાંડ ઉદ્યોગ સાથે ગાઢ રીતે સંકળાયેલા કૃષિ, આબકારી, સહકાર અને ઉર્જા વિભાગના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. તે જ સમયે, NCP (SP) ના ધારાસભ્ય રોહિત પવારે કહ્યું છે કે બંને કદાવર નેતાઓ વાતચીત માટે એકસાથે આવી રહ્યા છે તેનું સ્વાગત કરવું જોઈએ. આ બેઠક અંગે ભાજપની પ્રતિક્રિયા પણ આવી છે.

**ભાજપ આ બેઠકથી મુંઝાયો!** | મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ અને રાજ્ય સરકારમાં મંત્રી ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે અમને ખબર નથી કે આ ચર્ચા રાજકીય હતી કે નહીં. તેમણે એમ પણ કહ્યું કે જો આ રાજકીય ચર્ચા હોત તો અજિત દાદાએ મહાયુતિમાં પણ તેના વિશે વાત કરવી જોઈતી હતી. ભાજપના પ્રદેશ પ્રમુખે એમ પણ ઉમેર્યું કે જો આ કોઈ વ્યક્તિગત મુલાકાત હતી, તો તે સંપૂર્ણપણે પારિવારિક બાબત હતી. અગાઉ, VSI ની સામાન્ય સભાને સંબોધતી વખતે, શરદ પવારે અજિત પવારના સૂચન પર બે પુરસ્કારો હેઠળની ઈનામ રકમ 10 હજાર રૂપિયાથી વધારીને 1 લાખ રૂપિયા કરવાની જાહેરાત પણ કરી હતી.

### બેતિયામાં પ્રવીણના ઘરે અધિકારીઓ પર્યાપ્ત પોલીસ સુરક્ષા સાથે પહોંચ્યા

# બિહારના પ.ચંપારણમાં ડીઈઓના ઘરે વીજિલન્સના દરોડામાં કરોડો રૂપિયા જપ્ત

(એજન્સી) પટના । તા. 24

બિહારના પશ્ચિમ ચંપારણના બેતિયા જિલ્લામાં ડીઈઓ એટલે કે જિલ્લા શિક્ષણ અધિકારી રજનીકાંત પ્રવીણના ઘરે વિજિલન્સ ટીમે ગુરુવારે દરોડો પાડયો હતો, જેમાં ટીમને જંગી પ્રમાણમાં રોકડ મળતા ટીમ ચોંકી ઊઠી હતી. રજનિકાંત પ્રવીણ પર તેની આવક કરતાં વધુ સંપત્તિના આરોપો મૂકાયા હતા. રજનીકાંતના બેતિયા, દરભંગા, મધુબની, મુઝફ્ફરપુર અને પટના ખાતેના નિવાસ પર દરોડા પડયા હતા, જેમાં તેના બેતિયા ખાતેના ઘરમાંથી અંદાજે બે કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરાઈ હોવાનું માનવામાં આવે છે. બેતિયા, દરભંગા અને મધુબનીમાં ડીઈઓ તરીકે કામ કરતા રજનીકાંત પ્રવીણ પર આવકના જાણિતા સ્રોત કરતાં વધુ સંપત્તિ હોવાના આક્ષેપો થયા હતા. વિજિલન્સ ટીમે બેતિયામાં રજનીકાંત પ્રવીણના આવાસ પર દરોડા પાડયા હતા તો સમસ્તીપુરમાં તેના સાસરીયા અને દરભંગામાં પણ કાર્યવાહી કરાઈ હતી. રસપ્રદ વાત એ છે કે જેના ઘરમાંથી કરોડો રૂપિયાની રોકડ જપ્ત થઈ તે અધિકારી પ્રવીણ બેતિયાના વસંત વિહારમાં ભાડાંના મકાનમાં રહે છે. તેના ઘરે વિજિલન્સની આઠ લોકોની ટીમ પહોંચી હતી. પ્રવીણના ઘરેથી એટલી જંગી સંખ્યામાં રોકડ મળી કે ટીમે તેની ગણતરી માટે રૂપિયા ગણવાના મશીન લાવવા પડયા હતા.સબ ડિવિઝનલ પોલીસ અધિકારી વિવેક દીપે કહ્યું કે, બેતિયામાં પ્રવીણના ઘરે અધિકારીઓ પર્યાપ્ત પોલીસ સુરક્ષા સાથે પહોંચ્યા હતા. દરમિયાન શિક્ષણ વિભાગે ગુરુવારે સાંજે જ પ્રવીણને સસ્પેન્ડ કરી દીધો હતો. શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલા સરક્યુલર મુજબ રજનીકાંત પ્રવીણને તેની સામે વિજિલન્સ વિભાગે લીધેલાં પગલાં બદલ તાત્કાલિક અસરથી કાઢી મુકવામાં આવે છે. પુર્ણિયામાં શિક્ષણ વિભાગના નાયબ ડિરેક્ટર અધિકારી તરીકે પ્રવીણની ટ્રાન્સફર કરાઈ હતી. દરોડ સમયે પ્રવીણની પત્ની પણ કૌભાંડી હોવાનો ઘટસ્ફોટ થયો છે. રજનીકાંત પ્રવીણની પત્ની સુષ્મા તિરહુત એકેડમી પ્લસ-ટુ સ્કૂલમાં શિક્ષિકા છે. પરંતુ તે ત્યાંથી એજ્યુકેશન લીવ લઈને દરભંગામાં એક મોટી ખાનગી સ્કૂલનું સંચાલન કરે છે. સૂત્રો મુજબ પ્રવીણ અને તેના પરિવાર પાસે પટના, દરભંગા, મધુબની અને મુઝફ્ફરપુરમાં સંપત્તિ હોવાની માહિતી મળી છે.



કરોડોની રોકડ જપ્ત થઈ તે ડીઈઓ પ્રવીણ બેતિયામાં ભાડાંના ઘરમાં રહે છે : શિક્ષણ વિભાગે અધિકારીને સસ્પેન્ડ કર્યા



### વોટ્સએપ-મેટાના આંકડા શેર કરવા પર સીસીઆઈના પ્રતિબંધ પર સ્ટે

નવી દિલ્હી: નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યુનલ (એનસીએલએટી)એ કોમ્પિટીશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ)ના વોટ્સએપ અને મેટાની વચ્ચે ડેટા શેર કરવા પર લગાવવામાં આવેલ પાંચ વર્ષના પ્રતિબંધ પર આજે સ્ટે મૂકી દીધો છે. જાહેર ઉદ્દેશો માટે આંકડા શેર કરવાના કેસમાં સીસીઆઈએ વોટ્સએપ અને મેટા પર આ પ્રતિબંધ મૂક્યો હતો. મેટાએ સીસીઆઈના આદેશ પર આંશિક સ્ટે મૂકવાના એનસીએલટીના નિર્ણયનું સ્વાગત કર્યુ હતું અને જણાવ્યું હતું કે તે આગળની કાર્યવાહી પર વિચાર કરશે.મેટાના પ્રવક્તાએ જણાવ્યું છે કે અમે આગળની કાર્યવાહી પર વિચાર કરીશું. અમારુ ધ્યાન આગળનો માર્ગ શોધવા પર રહેશે જે તે લાખો વ્યવસાયોનું સમર્થન કરશે જે વિકાસ અને નવાચાર માટે અમારા પ્લેટફોર્મ પર નિર્ભર છે. સીસીઆઈએ નવેમ્બરમાં વોટ્સએપ ગોપનીયતા નીતિ અપડેટના સંબધમાં અયોગ્ય વ્યસાયિક ગતિવિધિઓ માટે સોશિયલ મીડિયા પ્રમુખ મેટા પર ૨૧૩.૧૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.મેટા પ્લેટફોર્મ અને વોટ્સએપના આ આદેશને એનસીએલટી સમક્ષ પડકાર્યો હતો જે સીસીઆઈ દ્વારા પારિત આદેશો પર એપલેટ ઓથોરિટી છે.

### સ્વાર્થ માટે ધર્મનો ઉપયોગ બંધ થાય

## સત્તા લોકો પાસે છે સરકાર પાસે નહીં...' : ફારૂક અબ્દુલ્લા

(એજન્સી) કાશ્મીર । તા. 24

જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સ (JKNC)ના વડા ફારૂક અબ્દુલ્લાએ ગુરુવારે 'માતા શેરા વાલી'ને સમર્પિત ભજન ગાઈને લોકોને ચોંકાવી દીધા હતા. તેમના ભજનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અબ્દુલ્લાએ કટરામાં રોપ-વેના નિર્માણના મુદ્દા પર પણ વાત કરી અને કહ્યું કે માતા વૈષ્ણોદેવી મંદિરના સંચાલન માટે જવાબદાર લોકોએ આવા કામ કરવાનું ટાળવું જોઈએ જેનાથી લોકોને મુશ્કેલી થાય.કટરાના એક આશ્રમમાં ભજન કાર્યક્રમમાં ગાયક અને બાળકો સાથે જોડાતા અબ્દુલ્લાએ ગાયું, 'તુને મુજે બુલાયા શેરાવલિયે, મૈ આયા મૈ આયા શેરાવલિયે.'



ફારુકના આ ભજનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ પ્રસંગે બોલતા અબ્દુલ્લાએ રોપ-વે પ્રોજેક્ટ સામે કટરાના લોકોના વિરોધને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'મંદિર ચલાવનારાઓએ એવું કોઈ કામ ન કરવું જોઈએ જે સ્થાનિક લોકોના હિતોને નુકસાન પહોંચાડે અથવા તેમના માટે સમસ્યા ઊભી કરે.'ફારુક અબ્દુલ્લાએ શહેરના હિતોને ધ્યાનમાં લીધા વિના રોપ-વે બાંધવા બદલ બોર્ડની ટીકા કરી હતી. તેમણે કહ્યું, 'તમે હિંમત બતાવી અને આને રોકવા માટે બહાદુરીથી લડ્યા. તેઓ સમજી ગયા છે કે સત્તા લોકોની છે, સરકારની નહી.'અબ્દુલ્લાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'લોકો પાસે સરકાર બનાવવા અથવા તોડવાની સત્તા છે અને હવે અધિકારીઓ તેમની પાસે રોપ-વે ક્યાં બાંધવો જોઈએ તે વિશે વાત કરવા માટે સંપર્ક કરી રહ્યા છે.તેમણે કહ્યું કે, 'આ પહાડોમાં રહેતા લોકો માતાના આશીર્વાદથી અહીં રોજીરોટી કમાવવા માટે આવે છે, પરંતુ તેઓને ભૂલી ગયા છે. તેઓ વિચારે છે કે તેઓ જ સર્વસ્વ છે. તેઓ કંઈ નથી. જ્યારે ભગવાનની શક્તિ પ્રવર્તે છે, ત્યારે તે થાય છે. કેલિફોર્નિયામાં શું થઈ રહ્યું છે તે જુઓ.' અબ્દુલ્લાએ કહ્યું કે, 'તમામ ધર્મોની મૂળભૂત ઉપદેશો સમાન છે અને ઘણીવાર લોકો પોતાના સ્વાર્થ માટે ધર્મનો દુરુપયોગ કરે છે.'

# 'પપ્પા ધારાસભ્ય છે લાઈસન્સ જરૂરી નથી..' પોલીસે અટકાવ્યો તો AAP MLAનો દીકરો ધમકાવવા લાગ્યો





### અગાઉ પણ હુમલાના મામલામાં FIR નોંધવામાં આવી હતી

જણાવી દઈએ કે અમાનતુલ્લાહના પુત્ર અનસ વિરૂદ્ધ નોઈડા પોલીસે FIR નોંધી હતી. અનસ પર નોઈડામાં પેટ્રોલ પંપના કર્મચારી પર હુમલો કરવાનો આરોપ હતો. બાદમાં અનસની સાથે અમાનતુલ્લાહ ખાન પર પણ પેટ્રોલ પંપના કર્મચારી સાથે મારપીટ કરવાનો આરોપ લાગ્યો હતો. અનસે કરેલા હુમલાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. નોઈડા કેસમાં અનસ ઘણા દિવસોથી ફરાર હતો.

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

દિલ્હી પોલીસે આમ આદમી પાર્ટી (AAP) ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનના પુત્ર અનસની બુલેટ બાઈક જપ્ત કરી છે. વાસ્તવમાં, પોલીસે AAP ધારાસભ્યના પુત્રને રોંગ સાઈડમાં બાઈક ચલાવવા માટે રોક્યો હતો. જ્યારે તેની પાસે લાયસન્સ અને આરસી માંગવામાં આવ્યું ત્યારે તે બંને વસ્તુઓ બતાવી શક્યો ન હતો. આરોપ છે કે તેણે પોલીસકર્મીઓને કહ્યું કે, 'મારા પપ્પા ધારાસભ્ય છે, તમે આ રીતે ચલણ કેવી રીતે જારી કરશો.'પોલીસના જણાવ્યા અનુસાર, 'આગામી ગણતંત્ર દિવસ (26 જાન્યુઆરી)ને ધ્યાનમાં રાખીને જામિયા નગરના ASI અને SHO તેમના સ્ટાફ સાથે પેટ્રોલિંગ કરી રહ્યા હતા. જ્યારે તેઓ બાટલા હાઉસના નફીસ રોડ પર પહોંચ્યા ત્યારે બુલેટ પર સવાર બે છોકરાઓ રોંગ સાઈડથી આવતા જોવા મળ્યા. બાઈકમાં મોડિફાઈડ સાઈલેન્સર લગાવવામાં આવ્યું હતું, જે ખૂબ જ જોરથી અવાજ કરી રહ્યું હતું. તેમજ છોકરાઓ ઝિગઝેગમાં બેદરકારીથી બાઈક ચલાવી રહ્યા હતા.'

### છોકરાએ પોલીસ સાથે ગેરવર્તન કર્યું

પોલીસે વધુમાં કહ્યું, 'તેમના સ્ટાફની મદદથી તેઓએ બંનેને રોક્યા અને તપાસ શરૂ કરી. પૂછપરછ દરમિયાન, બાઈક સવાર છોકરાએ પોતે આમ આદમી પાર્ટી (AAP) ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનનો પુત્ર હોવાનું જણાવ્યું હતું. તેણે પોલીસને જણાવ્યું કે, 'મારી બાઈકને રોકી દેવામાં આવી કારણ કે તેના પર આમ આદમી પાર્ટીનું ચિહ્ન હતું.' આ દરમિયાન છોકરાએ પોલીસ સાથે પણ ગેરવર્તન કર્યું હતું. ધારાસભ્ય સાથે ફોન પર વાત કરી,પોલીસના જણાવ્યા મુજબ, છોકરાએ ધારાસભ્ય અમાનતુલ્લાને ફોન કર્યો અને તેને SHO સાથે વાત કરવા કહ્યું, જેના પર ધારાસભ્ય ગુસ્સે થઈ ગયા. દિલ્હી પોલીસ ASIના જણાવ્યા અનુસાર, તેની બાઈક પોલીસ સ્ટેશન લાવવામાં આવી હતી. કેસ નોંધવામાં આવ્યો છે અને ચલણ જારી કરવામાં આવ્યું છે. કાયદા હેઠળ તેની બાઈક જપ્તકરવામાં આવી છે.

**નામ બદલેલ છે**

મે મારૂ જૂનુ નામ **નસીમબાનુ મહમ્મદ અસ્લમ** થી બદલી નવું નામ **ઘાંચી નસીમ અસ્લમ** રાખેલ છે.
રહે. જે-૩૦૪, અલ-બુરૂજ સરખેજ રોડ, મકરબા, સેવંથ હેવન સામે, અમદાવાદ-૩૮૦૦૫૫

**નામ બદલેલ છે**

મે મારૂ જૂનુ નામ **મહમ્મદ અસ્લમ ઈકબાલભાઈ** થી બદલી નવું નામ **ઘાંચી અસ્લમ ઈકબાલભાઈ** રાખેલ છે.
રહે. જે-૩૦૪, અલ-બુરૂજ સરખેજ રોડ, મકરબા, સેવંથ હેવન સામે, અમદાવાદ-૩૮૦૦૫૫

**પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ**

**ક્વાડ કેબલ રિપ્લેસમેન્ટ**

ટેન્ડર નં.DRM-SnT-ADI-ટેલિ ૧૬ ઓફ ૨૪-૨૫ ડીઆરએમ/એસ અને ટી ભારતના રાષ્ટ્રપતિ ટેન્ડર નંબર સામે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે ડીઆરએમ-એસએનટી- એડીઆઈ- ટેલિ ૧૬ ઓફ ૨૪-૨૫ અંતિમ તારીખ ૨૦.૦૨.૨૦૨૫, ૧૫:૦૦ બિડર્સ આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર માન્ય નથી, અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. ૧) કાર્યનું નામ: અમદાવાદ વિભાગના ઓછા ઈન્સ્યુલેશન વિભાગોમાં ક્વોડ કેબલ રિપ્લેસમેન્ટ. ૨) કામનો અંદાજિત ખર્ચ: ૨૩૦૭૫૯૬૪.૪૦/- (બે કરોડ ત્રીસ લાખ પંચોતેર હજાર નવસો ચોસઠ રૂપિયા અને ચાલીસ પૈસા માત્ર) ૩) અર્નેસ્ટ મની ડિપોઝિટ: ૨૬૫૪૦૦.૦૦/- (બે લાખ પંચોતેર હજાર ચારસો માત્ર) ૪) તારીખ અને બંધ થવાનો સમય: ૧૫:૦૦ કલાક પછી નહીં. ૨૦.૦૨.૨૦૨૫ ના રોજ ૫) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય ૨૦.૦૨.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે ૬) ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ: www.ireps.gov.in 304

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ક્વાડ કેબલ રિપ્લેસમેન્ટ**

**આમંત્રણ ટેન્ડર નં : DRM-SnT-ADI- Tele 16 OF 24-25** ભારતનાં રાષ્ટ્રપતિ માટે તેમના વાતી કાર્યરત તરફથી કાર્યરત DRM/S અને T, સંખ્યાબંધ DRM-SnT-ADI- ટેલી 16 OF 24-25 ની અંતર્ગત ઈ-નિવિદાઓ જણાવે છે, અંતિમ તારીખ 20.02.2025, 15:00 બોલીકર્તા માત્ર અંતિમ તારીખ અને સમય જ તેની મૂળ/સંશોધિત બોલણીઓ પ્રસ્તુત કરી શકે છે, આ દરેક સુધી આ માટે મેન્યુઅલના પ્રસ્તાવની મંજૂરી નથી, અને તે પ્રાપ્ત કરવા માટે કોઈ પણ આવા મેન્યુઅલ પ્રસ્તાવને નજરઅંદાજ કરવામાં આવશે. **૧) કાર્યનું નામ:** અમદાવાદ વિભાગના ઓછા ઇન્સ્યુલેશન વાળા ભાગો પર ક્વોડ કેબલ રિપ્લેસમેન્ટ. **૨) કામનો અંદાજિત ખર્ચ :** ₹23075964.40/- (રૂપિયા બે કરોડ ત્રીસ લાખ પંચોતેર નવસો ચોસઠ અને ચાલીસ પૈસા માત્ર) **૩) અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹265400.00/- (બે લાખ પાંસઠ હજાર ચારસો માત્ર) **૪) બંધ થવાની તારીખ અને સમય :** 20.02.2025 ના રોજ 15:30 કલાકે પછી નહીં. **૫) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 20.02.2025 ના રોજ 15:00 કલાકે ખુલશે **૬) ઇ-ટેન્ડરિંગની વેબસાઇટ :** www.ireps.gov.in 304

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# હૈદરાબાદમાં નરાધમે પત્નીના ટુકડા કરીને કૂકરમાં ઉકાળ્યા, હાડકા ખાંડણિયામાં કૂટયા

(એજન્સી) હૈદરાબાદ । તા. 24

હૈદરાબાદમાં એક શખ્સે પાશવતાની હદને પાર કરતા પોતાની પત્નીની હત્યા કરી નાખી હતી અને એટલું જ નહીં તેણે મૃતદેહના ટુકડા-ટુકડા કરીને પ્રેશર કૂકરમાં ત્રણ દિવસ સુધી ઉકાળ્યા હતા. પોતાની આ ભયાવહ કરતૂતને સંતાડવા માટે આ નરાધમે તમામ યુક્તિ-પ્રયુક્તિ અપનાવી જોઈ હતી. તેણે પોતાની પત્ની ગુમ થઈ હોવાની અફવા પણ ફેલાવી હતી.



આરોપી ડીઆરડીઓમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. તેની વય 45 વર્ષ હોવાનું કહેવાઈ રહ્યું છે. તે એક્સ આર્મીમેન છે, અને તેનું નામ ગુરુમૂર્તિ હોવાનું કહેવાઈ રહ્યું છે. આરોપીએ પત્નીની હત્યા કરવાનો ગુનો પણ કબૂલી લીધો હતો. પોલીસના અનુસાર મૃતક મહિલાના માતા-પિતા અમારી પાસે પોતાની પુત્રી ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવવા આવ્યા હતા. તેની સાથે તેમને જમાઈ પણ હતો. અમને તેની પર શંકા ગઈ હતી અને અમે તેની પૂછપરછ કરી હતી જેમાં તેમે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. પતિ અને પત્ની વચ્ચે હંમેશા કોઈને કોઈ બાબતે વિવાદ થતા હતા અને ઝઘડો થયા બાદ આવેશમાં આવીને આરોપીએ હત્યા કરી હોવાનું મનાઈ રહ્યું છે. આરોપીએ હત્યા કર્યા બાદ બાથરૂમમાં મૃતદેહના ટુકડા કર્યા હતા અને પછી ત્રણ દિવસ સુધી શબના ટુકડાઓન પ્રેશર કૂકરમાં ઉકાળ્યા હતા. હાડકાને અલગ કર્યા હતા અને પછી હાડકાને ખાંડણિયામાં નાખીને કૂટયા હતા. ત્રણ દિવસ સુધી માંસ અને હાકડાને કૂકરમાં ઉકાળ્યા બાદ લાશના ઉકાળેલા ટુકડાને પેક કરીને તેણે તળાવમાં ફેંકી દીધા હતા.હૈદરાબાદના મીરપેટ વિસ્તારમાં મહિલા ગુમ થઈ હોવાના મામલે પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ગત 17 જાન્યુઆરીએ મહિલા લાપતા થઈ હોવાની ફરિયાદ નોંધવામાં આવી હતી. મહિલાના પતિ અને આરોપીએ ગુનો કબૂલી લીધો હતો કે તેણે પોતાની પત્નીની હત્યા કરીને તેના અંગોને કાપી નાખી તેના ટુકડાને સરોવરમાં ફેંકી દીધા હતા.મૃતકના માતાપિતાએ પુત્રીની લાપતા થયાની ફરિયાદ નોંધાવી હતી.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**કેટરિંગ સર્વિસ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

નીચેના કેટલોગ માટે અમદાવાદ ડિવિઝનમાં કેટરિંગ એકમોમાં કેટરિંગ સેવાઓના કોન્ટ્રાક્ટ માટે નીચેની સૂચિ માટે ઇ-ઓક્શન પર બિડ આમંત્રિત કરવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ નં. | વર્ગ | ઇ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| MPS - ADI-03-24 | મલ્ટી-પર્પઝ સ્ટોલ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 11.02.2025 ના રોજ 11:00 કલાકે શરૂ થશે |
| CTG-ADI - 03-24 | કેટરિંગ | તમામ લોટ માટે ઇ-ઓક્શન 11.02.2025 ના રોજ 12:00 કલાકે શરૂ થશે |

નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉપરોક્ત કેટલોગ નંબરો હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ પિરિયડ 30 મિનિટનો છે. ક્રમિક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટનો છે. લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. 302

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

ઇ-ટેન્ડર સૂચના નંબર 30 વર્ષ 2024-2025 તારીખ: 23.01.2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઇટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-ADI-199-2024-25 | 7,51,275.00 | 15,000.00 |
| | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) (નવી કોલોની) સાબરમતીના અધિકારક્ષેત્ર હેઠળ રેલવે કોલોની અને સર્વિસ બિલ્ડિંગ્સના ઓવરહેડ વોટર ટાંકીઓ અને ભૂગર્ભ જળ સંપની સફાઈ. (24 મહિના માટે) | | |
| 2 | DRM-ADI-200-2024-25 | 11,02,687.66 | 22,100.00 |
| | અમદાવાદ સ્ટેશન વિસ્તાર: સ્ટેશન વિસ્તાર માટે ભૂગર્ભ ગટર અને મેનહોલનું સમારકામ અને સફાઈ (૧૬.૦ મહિના માટે). (બેલેન્સ કાર્ય). | | |
| 3 | DRM-ADI-201-2024-25 | 56,28,049.19 | 1,12,600.00 |
| | અમદાવાદ-વિરમગામ-સામખિયાળી-વિભાગમાં સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ)-અમદાવાદના અધિકારક્ષેત્રમાં ટિમ્બલ ગેડો વોર્સીસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને ટેમ્પિંગ પહેલા અને પછી ટ્રેક માપન સર્વેક્ષણ. | | |
| 4 | DRM-ADI-202-2024-25 | 3,97,00,123.43 | 3,48,500.00 |
| | રેલવે કોલોની ગાંધીધામ અને આદિપુર રેલવે સ્ટેશનમાં જૂની અને જર્જરિત પાણીની પાઇપલાઇનનું સમારકામ અને ડિવિઝનલ એન્જિનિયર (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય સંલગ્ન કાર્યો. (ફરીથી આમંત્રણ) | | |
| 5 | DRM-ADI-203-2024-25 | 39,47,35,781.76 | 21,23,700.00 |
| | ગાંધીધામ-ન્યુ ભુજ વિભાગ:- CRO પ્રોન સ્થાનોના જોડાણમાં ઢોરની વાડ પૂરી પાડવી. | | |
| 6 | DRM-ADI-204-2024-25 | 64,82,060.70 | 1,29,700.00 |
| | મીઠા-સામખીયાલી-સેક્શન સિનિયર DEN(NW)-ADI ના અધિકારક્ષેત્રમાં ટિમ્બલ ગેડો વોર્સિસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને ટેમ્પિંગ પહેલા અને પછી ટ્રેક માપન સર્વેક્ષણ | | |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** તારીખ 18.02.2025 સમય 15:00 કલાકે **ઓફિસ સરનામું :** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 **ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ :** www.ireps.gov.in 301

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સિટી એક્સપ્રેસ

SATURDAY 25 JANUARY-2025

AHMEDABAD


### દોઢ વર્ષથી બાઇક ચોરીના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

ગાંધીનગર | એલસીબીની પીઆઇ ડી.બી.વાળાની ટીમના પીએસઆઇ જે.જે.ગઢવી દ્વારા ભાગતા ફરતા આરોપીઓનુ લીસ્ટ તૈયાર કરી બાતમીદારોને સક્રિય કરવામાં આવ્યા હતા. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે, કલોલ શહેર પોલીસ મથક વિસ્તારમાંથી 16 વર્ષ પહેલા બાઈક ચોરી કર્યુ હતું અને ત્યારબાદ પોલીસથી ભાગતો ફરી રહ્યો છે, તે આરોપી વિરીયા ઉર્ફે બિરલાક લાદુરામ બિશ્નોઇ (રહે, હેમાગુડા, સાઉદ ઉકીયા, ઘાણી, સાંચોર, રાજસ્થાન) હાલમાં તેના ઘરે આવ્યો છે.

### કલોલમાં ફેરિયાઓએ દબાણ હટાવવા મુદ્દે પાલિકામાં પથ્થરમારો કર્યો

ગાંધીનગર | કલોલ શહેરના મુખ્ય સહિતના માર્ગો ઉપર અડ્ડો જમાવીને દબાણ કરનારા ફેરિયાઓ સામે પાલિકા તંત્રએ લાલ આંખ કરતા લારી-ગલ્લા વાળાઓમાં અસંતોષની લાગણી પ્રવર્તે છે. ત્યારે દબાણ હટાવવાના મુદ્દે રજૂઆત કરવા આવેલા કલ્યાણપુરા શાકમાર્કેટના ફેરિયાઓએ રજૂઆત કર્યા બાદ રોષ ઠાલવ્યો હતો અને કલોલ પાલિકા કચેરી ઉફર પથ્થરમારો કરતા ચકચાર મચી ગઈ હતી. બનાવના પગલે પોલીસ દોડી આવતા પથ્થરમારો કરનાર તત્વો ફરાર થઈ ગયા હતા. તેમ છતાં પોલીસે પાલિકા કચેરી આગળ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.



## દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલેના વિજેતાઓને સન્માનિત કરાયા

# સાયન્સ સિટી ખાતે રોબોફેસ્ટ ગુજરાત 4.0ના ગ્રાન્ડ ફિનાલેની ક્લોઝિંગ સેરેમની યોજાઇ











### તમામ 7 કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવનાર ટીમને રૂ. 10 લાખ, બીજી ટીમને રૂ. 7.5 લાખ અને ત્રીજી ટીમને રૂ. 5 લાખના ઈનામ એનાયત કરાયા, દરેક કેટેગરીમાં વિશિષ્ટ પ્રદર્શન કરનારી એક ટીમને રૂ. 2.5 લાખનું પ્રોત્સાહક ઇનામ અપાયું

(એજન્સી) અમદાવાદ | તા 24

ખાતે દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા રોબોફેસ્ટ ગુજરાત 4.0ની ગ્રાન્ડ ફિનાલેની ક્લોઝિંગ સેરેમની યોજાઈ હતી. કાર્યક્રમમાં સ્પર્ધાના વિજેતાઓને કેશ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધામાં દેશભરના STEM ક્ષેત્રના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.આ પ્રસંગે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અગ્ર સચિવ સુશ્રી મોના ખંધારે જણાવ્યું હતું કે, આ વર્ષે સ્પર્ધાની ચોથી આવૃત્તિ યોજાઈ છે. આવનારા સમયમાં આ સ્પર્ધાને વધુ ચેલેંજીંગ અને વધુ પડકારોથી સજ્જ બનાવવામાં આવશે. વધુમાં વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ સ્પર્ધાના નિયમો ગ્લોબલ લેવલની સ્પર્ધાઓ માટે તૈયાર બને એવા બનાવવામાં આવશે. MSME ક્ષેત્રના પડકારોને આ સ્પર્ધા દ્વારા ઉકેલવાનો પ્રયાસ આગામી આવૃત્તિમાં કરવો જોઈએ. આ માટે જરૂરી તમામ સ્ત્રોતોની વ્યવસ્થા કરવા ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી સજ્જ છે. સાથે જ, તેમણે ISRO અને PRLની સફળતાનો ઉલ્લેખ કરીને સ્પેસ મિશન , વેસ્ટ મેનજમેન્ટ સહિતના ઘણા ક્ષેત્રો માટે રોબોટિક્સની ભવિષ્યમાં અનેકગણી રહેવાની છે, એમ જણાવ્યું હતું. આ પ્રસંગે ફીઝીક્લ રિસર્ચ લેબોરેટરી(PRL)ના ડાયરેક્ટર શ્રી અનિલ ભારદ્વાજે સ્પર્ધામાં ભાગ લેનાર સૌને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને GUJCOST દ્વારા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં યુવાઓએ રોબોટિક્સ ક્ષેત્રે અવનવા આઈડિયા અને ઈનોવેશન પ્રદર્શિત કર્યા છે. રોબોટિક્સ ક્ષેત્રના વિકાસ માટે આ સ્પર્ધા અને આવા કાર્યક્રમો એક આગવું મંચ પૂરું પાડશે. સાથે જ, તેમણે મિશન ચંદ્રયાનના વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરના સંચાલનમાં રોબોટિક્સની ઉપયોગીતા અને મહત્વ, સ્પેસ મિશનમાં રોબોટિક્સની ઉપયોગીતા તથા રોબોટિક્સ ક્ષેત્રના પડકારો અને ભવિષ્યનો ઉલ્લેખ કર્યો હતો.આ સ્પર્ધામાં STEMના વિદ્યાર્થીઓએ સાત કેટેગરીમાં રોબોટ્સનું પ્રદર્શન કર્યું હતુ, જેમાં ટુ વ્હીલ્ડ સેલ્ફ બેલેન્સિંગ રોબોટ, સબમરીન અથવા અંડરવોટર રોબોટ, રોવર્સ, હેક્સાપોડ રોબોટ, સ્વાર્મ રોબોટ્સ, ફન રોબોટિક્સ (મેઝ સોલ્વિંગ રોબોટ) અને એપ્લિકેશન બેઈઝ્ડ રોબોટ્સનો સમાવેશ થાય છે. આ ફિનાલેની સ્પર્ધામાં મહાનુભાવોના હસ્તે વિજેતાઓને રોકડ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં દરેક 7 કેટેગરીઓમાં પ્રથમ સ્થાન મેળવનાર ટીમને રૂ. 10 લાખનું ઈનામ, બીજી ટીમને રૂ. 7.5 લાખ અને ત્રીજી ટીમને રૂ. 5 લાખનું ઈનામ આપવામાં આવ્યું હતું. સાથે જ દરેક કેટેગરીમાં વિશિષ્ટ પ્રદર્શન કરનારી ટીમોને પ્રોત્સાહક ઈનામ તરીકે રૂ. 2.5 લાખ આપવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રોબોફેસ્ટ ગુજરાત 4.0 ના આયોજન દ્વારા યુવાનોમાં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને ટેકનોલોજીના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની કુશળતા પ્રદર્શિત કરવામાં મદદરૂપ બનશે.આ પ્રસંગે રોબોફેસ્ટ ગુજરાત 5.0ને પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં GUJCOSTના એડવાઈઝર ડો. નરોત્તમ સાહુ, ટેકનિકલ એડવાઈઝરી કમિટીના ચેરમેન ડો. દેબાનિક રોય અને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુધીર કે. પટેલ તથા ગ્રાન્ડ ફિનાલેના પ્રતિસ્પર્ધીઓ અને તેમના મેન્ટર ઉપસ્થિત રહ્યા હતા.

---

#### અકસ્માત પછી ટુવ્હીલર મૂક્યું અને ચોરાયું હતું

## વાહનચોરીની ઇ-FIR પછી પોલીસે 5 માસે ફરિયાદ નોંધી

(એજન્સી) અમદાવાદ | તા 24




સિંધુભવન રોડ પર ગત સપ્ટેમ્બરમાં એક યુવક ટુવ્હીલર લઈને જતો હતો ત્યારે અચાનક ટુવ્હીલર સ્લિપ થતાં યુવક રોડ પર પટકાયો હતો. સારવાર માટે તેને હોસ્પિટલ ખસેડાયો હતો. હોસ્પિટલેથી યુવક પરત આવ્યો ત્યારે ખબર પડી કે તેનું ટુવ્હીલર ચોરાયું હતું. આ ફરિયાદ ઇ-એફઆઈઆરથી નોંધાવી હતી. બોડકદેવ પોલીસે 5 મહિના પછી ફરિયાદ નોંધી છે. દરિયાપુરનો શાહબાઝ સૈયદ 19 સપ્ટેમ્બરે સિંધુભવન રોડ પરથી નીકળ્યો હતો. રસ્તામાં વાહન સ્લિપ થતાં તે પડી ગયો હતો. ટુવ્હીલર સાઇડ પર મૂકી 108માં સારવાર માટે હોસ્પિટલ ગયો હતો. એ પછી પરત અકસ્માત સ્થળે આવ્યો ત્યારે ટુવ્હીલર ગાયબ હતું. આથી તેણે ઇ-એફઆઈઆર એપમાં ફરિયાદ કરી હતી. સપ્ટેમ્બરમાં ગુમ થયેલા વાહનની ફરિયાદ બોડકદેવ પોલીસે લગભગ 5 મહિના પછી નોંધતા આશ્ચર્ય સર્જાયું છે.

#### ગુજરાતમાંથી વધુ એક ડ્રગ્સની ફેક્ટરી ઝડપાઇ

## ખંભાત નજીકથી ઊંઘની દવા અલ્પ્રાઝોલમ બનાવવા વાપરવામાં આવતું ડ્રગ્સ ઝડપાયું

(એજન્સી) અમદાવાદ | તા 24

ગુજરાતના નાના શહેરો અને જિલ્લાઓના ગામમાં આવેલી ફેક્ટરીઓને ભાડે રાખીને ડ્રગ્સ બનાવવામાં આવતું હોય છે ત્યારે વધુ એક ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ગુજરાત એટીએસ દ્વારા ઝડપી પાડવામાં આવી છે. આણંદના ખંભાત નજીકથી અલ્પ્રાઝોલમ દવા બનાવવા માટે ઉપયોગ થતાં ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. એટીએસની ટીમ દ્વારા 100 કિલોગ્રામથી વધુનો તો ઝડપી પાડ્યો છે જેની કિંમત રૂ.100 કરોડથી વધુ થાય છે. છેલ્લા એક અઠવાડિયાથી ફેક્ટરીમાં આ જથ્થો બનાવવામાં આવતો હતો. ગુજરાત એટીએસની ટીમને બાતમી મળી હતી કે આણંદ જિલ્લાના ખંભાત નજીક સોખડા પાસે એક




ફેક્ટરી આવેલી છે જેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થઈ રહી છે જેના આધારે એટીએસની ટીમ દ્વારા ગુરુવારે મોડી રાત્રે દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે ફેક્ટરીમાં દરોડો પાડતા કુલ સાત લોકો મળી આવ્યા હતા. એટીએસએ જ્યારે તપાસ કરી ત્યારે ઊંઘની દવા અલ્પ્રાઝોલમ બનાવવા માટે જે ડ્રગનો ઉપયોગ થતો હોય છે તે મળી આવ્યું હતું. પોલીસે જ્યારે ફેક્ટરીમાં જથ્થામાં તપાસ કરી ત્યારે અંદાજિત 100 કિલોથી વધુ ડ્રગનો જથ્થો મળી આવ્યો હતો. આ ડ્રગની બજાર કિંમત એક કિલોનો એક કરોડ રૂપિયા જેટલો ભાવ થાય છે. જેથી 100 કરોડથી વધુ નો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે તમામ આરોપીઓની ધરપકડ કરી અમદાવાદ એટીએસ ઓફિસ ખાતે લાવવામાં આવ્યા છે આરોપીઓની હાલ વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે આ ડ્રગનો જથ્થો કેવી રીતે બનાવતા હતા અને ક્યાં સપ્લાય કરવાનો હતો અન્ય કોઈ આ કૌભાંડમાં સંડોવાયેલું છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

#### ATSની રેડ, ઘેનની ગોળીની સામગ્રી બનતી હતી

## ખંભાત પાસે લુણેજની ફેક્ટરીમાં ડ્રગ્સ બનાવવાનું કૌભાંડ

(એજન્સી) અમદાવાદ | તા 24

ગુજરાતમાં વિવિધ સ્થળોએ દવા બનાવવાના ઓથા હેઠળ ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ ફૂલીફાલી છે. ત્યારે ગુજરાત એટીએસએ ડ્રગ્સ વેપલાને નાથવા માટે કમર કસી છે. ખંભાતની એક દવા બનાવતી ફેક્ટરીમાં દરોડો પાડી ડ્રગ્સનું કૌભાંડ પકડી પાડ્યું છે. ફેક્ટરીના માલિક સહિત પાંચથી છ લોકોની પૂછપરછ ચાલી રહી છે. ખંભાતના લુણેજ ખાતેથી એટીએસ દ્વારા મેડિસિન બનાવતી ફેક્ટરીમાં દરોડો પાડીને ડ્રગ્સ બનાવવાનું કૌભાંડ પકડી પાડ્યું છે. આ ફેક્ટરીમાં ઘેનની ગોળીઓ બનાવવાનું રો-મટીરિયલ તૈયાર થતું હતું. તેમજ ઘેનની ગોળી બનાવવાના રો-મટીરિયલ્સની આડમાં ડ્રગ્સ બનાવવાનું કૌભાંડ ચાલી રહ્યું હોવાની જાણ થતાં એટીએસ દ્વારા આ ફેક્ટરી પર દરોડો પાડાવામાં આવ્યો હતો. ફેક્ટરીમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યો છે. ફેક્ટરીમાંથી પકડાયેલા ડ્રગ્સના આ જથ્થાની મોડી રાત સુધી ગણતરી ચાલુ હતી. આ ડ્રગ્સ સપ્લાયના તાર ઉત્તર ભારત સુધી જોડાયેલા છે, જેને પગલે ઉત્તર ભારતમાં પણ તપાસ ચાલુ છે. ખંભાતની ફેક્ટરીમાં તૈયાર થતું આ ડ્રગ્સ કઈ જગ્યાએ અને કોને સપ્લાય કરવાનું હતું, તેની એટીએસ દ્વારા સઘન પૂછપરછ હાથ ધરાઈ છે.

## સહકારી સંસ્થામાં કર્મચારીઓની નિયમ વગર જ ભરતી કરી દેવાય છે: હાઈકોર્ટ

(એજન્સી) અમદાવાદ | તા 24

રાજ્યભરની અનેક સહકારી સંસ્થાઓમાં ભરતીની અને ખરીદીની પ્રક્રિયાના કોઇ નિયમો જ નહી હોવાની રજુઆત સાથે હાઈકોર્ટમાં અરજી કરવામા આવી છે. તેમા એવી રજુઆત કરાઇ હતી કે,સહકારી સંસ્થાઓમાં કર્મચારીઓની ભરતી કરવા માટે સરકારના કોઇ નિયમો ઘડવામાં આવ્યા નથી.રાજ્યભરમાં સહકારી સંસ્થામાં કુલ 3 લાખ કર્મચારીઓ કામ કરી રહ્યા છે.તે સિવાય સહકારી મંડળીઓ ઈ ટેન્ડર દ્વારા જ ખરીદી કરી શકે તેવો નિયમ બનાવવા દાદ માગવામાં આવી હતી. સરકાર તરફે યોગ્ય ખુલાસો નહી કરી શકાતા કોર્ટે સહકાર વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરીને સહકાર વિભાગમાં ભરતી અને ખરીદીના નિયમો શું છે તે અંગે વિગતવાર રિપોર્ટ કરવા આદેશ કર્યો છે.

અરજીમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે, રાજ્યભરમા 80 હજાર કરતા વધુ સહકારી મંડળીઓ અને 180 જેટલી કો.ઓ બેંક આવેલી છે અને કુલ સહકાર ક્ષેત્રે 3 લાખ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.પરતું સરકાર પાસે સહકારી મંડળીઓમાં ભરતીની અને ખરીદીના કોઇ ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા નથી. જેના લીધે સહકારી ક્ષેત્રમાં લાગવગથી ભરતી કરવામાં આવે છે. સરકારે આટલા વર્ષોથી આ જગ્યા ખાલી રાખી છે જેના લીધે સહકારી ક્ષેત્રે ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે. તે સિવાય સહકારી મંડળીઓમાં રોજબરોજ કરોડો રૂપિયાના ખરીદ વેચાણના વ્યવહાર થતા હોય છે પરતું તેમા ઈ ટેન્ડર પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો નથી.હાઈકોર્ટે સહકાર વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરીને અંગતપણે સોંગદનામું કરવા આદેશ કરીને વધુ સુનાવણી ફેબ્રુઆરીમાં મુકરર કરી છે.

#### દાદરા નગર હવેલીમાં બેંક કર્મી સાથે મળી ખોટા એકાઉન્ટથી 89 લાખનું ટ્રાન્ઝેકશન કરનાર ઝડપાયા

## દાદરા નગર હવેલીમાં ખોટા એકાઉન્ટનું કૌભાંડ

(એજન્સી) વલસાડ | તા 24

દાદરા નગર હવેલીમાં હવે ખોટા એકાઉન્ટનું કૌભાંડ સામે આવ્યું. આ કૌભાંડમાં ખોટા એકાઉન્ટ બનાવી લાખો રૂપિયાનું ટ્રાન્ઝેકશન કરી ઠગાઈ કરવામાં આવી. દાદરા નગર હવેલીમાં બેંક કર્મી સાથે મળી ખોટા એકાઉન્ટથી 89 લાખનું ટ્રાન્ઝેકશન કરનાર ઝડપાયા. શારીરિક રીતે અશક્ત લોકોની સ્થિતિનો આરોપીઓએ લાભ ઉઠાવ્યો અને ખોટા બેંક એકાઉન્ટ ખોલ્યા.સેલવાસ પોલીસે ઠગાઈ કરનારા આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી. આજકાલ બનાવટી અને નકલીની બોલબાલા છે. લોકોને કમાણી કરવાનો આ રસ્તો વધુ સરળ લાગવા લાગ્યો છે. દાદરા નગર હવેલીમાં આવેલ એક બેંકમાં ખોટા એકાઉન્ટ બનાવી કેટલાક શખ્સોએ લાખો રૂપિયાનું ટ્રાન્ઝેકશન કરી નાણાંની હેરફેર કરી.આ કૌભાંડમાં બેન્કનો કર્મચારી પણ સામેલ હતો. બેન્કના કર્મચારીએ અન્ય 2 શખ્સ સાથે મળી બેંકમાં અન્યોના નામે એકાઉન્ટ ખોલાવ્યા.અને આ એકાઉન્ટમાંથી નાણાંનો ઉપાડ કરાતો હતો. અત્યાર સુધીમાં બેન્ક કર્મી અને અન્ય 2 શખ્સોએ 89 લાખનું ટ્રાન્ઝેકસન કર્યું. બેન્કના ઓડિટની તપાસમાં ખોટા એકાઉન્ટ હોવાનો ઘટસ્ફોટ થયો. પોલીસે સમગ્ર મામલાની તપાસ કરતાં ખોટા એકાઉન્ટ બનાવનાર 2 આરોપી સહિત બેંકના કર્મચારીની ધરપકડ કરી. આ કૌભાંડમાં એચડીએફસી બેંકના કર્મચારી પણ સામેલ હતો.બેંક કર્મચારી આરોપી ને ખોટા એકાઉન્ટ ખોલી આપવા મદદ કરતો. અને તેના બાદ આ ખોટા બેંક એકાઉન્ટમાંથી તેઓ ટ્રાન્ઝેકશન કરતાં. બેંક કર્મચારી આરોપી શત્રુંજય સાથે મળીને લોકોના મર્ચન્ટ-કરંટ બેંક એકાઉન્ટ ખોલાવી તેમાંથી નાણાં ઉપાડી મોજ કરતા.

### શારીરિક અશક્ત લોકોની સ્થિતિનો લાભ ઉઠાવ્યો

પકડાયેલ આરોપી શત્રુંજયે શારીરિક અશક્ત વ્યક્તિની સહી કરી અકાઉન્ટ ખોલાવ્યું હતું. આરોપીઓ આવા લોકોની બનાવટી સહી કરી ખોટા એકાઉન્ટ ખોલતા હતા. આ એકાઉન્ટ સાથે તેઓ પોતાનો અંગત મોબાઇલ નંબર તથા ઈમેલ આઈડી જોડી દેતા જેથી તેઓ સરળતાથી પૈસા ઉપાડી શકે. પોલીસે બેંક કર્મી અને આરોપીઓ પાસેથી 124 QR કોડ, 60 ATM, ક્રેડિટકાર્ડ જપ્ત કર્યા.




# ગુજરાત ST કરાવશે રૂ.8100માં કુંભમેળાની યાત્રા

## વોલ્વો બસમાં મુસાફરી અને ડોરમેટરીમાં રહેવાની સુવિધા, દરરોજ અમદાવાદથી પ્રયાગરાજની બસ ઉપડશે

**પ્રયાગરાજમાં હાલ મહાકુંભ મેળો ચાલી રહ્યો છે. દેશ-વિદેશમાંથી અને ગુજરાતમાંથી મોટી સંખ્યામાં ભક્તો મહાકુંભ મેળામાં સ્નાન માટે પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. ત્યારે ગુજરાત ટુરિઝમ અને એસટી વિભાગ દ્વારા કુંભમેળા માટે ખાસ બસ દોડાવવાનું આયોજન કરાયું છે. બંને વિભાગોએ મળી કુંભમેળા માટે ખાસ પેકેજ તૈયાર કર્યું છે. રૂ. 8100માં ત્રણ દિવસ અને ચાર રાત્રિના પ્રવાસ કરાવશે. સોમવારથી દરરોજ અમદાવાદના રાણીપથી પ્રયાગરાજ જવા વોલ્વો બસ ઉપડશે.**

(એજન્સી) અમદાવાદ | તા 24

પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભમેળામાં જવા માટે ગુજરાતથી ફ્લાઈટ અને ટ્રેન ચાલી રહી છે. મુસાફરોનો ધસારાને જોતા એરલાઈન્સ દ્વારા ખાસ ફ્લાઈટ પણ ઓપરેટ કરવામાં આવી રહી છે. હવે ગુજરાત એસટી દ્વારા કુંભમેળા માટે વોલ્વો બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેના માટે ગુજરાત ટુરિઝમ વિભાગ સાથે મળી પેકેજ તૈયાર કરવામાં આવ્યું છે. ગુજરાત ટુરિઝમ અને GSRTC દ્વારા કુંભમેળા માટે જે ખાસ પેકેજ તૈયાર કરાયું છે તેમાં યાત્રિકને રૂ. 8100માં 3 દિવસ અને ચાર રાત્રિનો પ્રવાસ કરાવાશે. પેકેજમાં વોલ્વો બસની મુસાફરી સાથે રહેવાની સુવિધા પણ પૂરી પડાશે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે. રાજ્યના વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાતથી પ્રયાગરાજનું અંતર લાબું છે. જેથી ટ્રાવેલિંગ દરમિયાન શિવપુરીમાં હોટલમાં એક રાત્રિ રોકાણનું વ્યવસ્થા કરવામાં આવી છે. જે મુસાફરો બસમાં જવા માગતા હોય તેઓ ટ્રાવેલીંગ ટાઈમ અને અન્ય સૂચનાઓને ધ્યાનમાં રાખી બુકીંગ કરાવે. પેકેજમાં ટ્રાવેલીંગ અને ત્યાં ડોરમેટરીની વ્યવસ્થા રાખવામાં આવી છે.




### 27 જાન્યુઆરીથી અમદાવાદથી દરરોજ વોલ્વો બસ ઉપડશે

27મી જાન્યુઆરી - 2025ને સોમવારથી આ સેવા શરુ કરવામાં આવશે. પ્રથમ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કીટ ખાતેથી યાત્રાને પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ દરરોજ સવારે 7 વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. પ્રયાગરાજ પેકેજનું ઓનલાઈન બુકિંગ તા. 25/01/2025થી એસ.ટી નિગમની વેબસાઈટ www.gsrtc.in મારફતે કરી શકાશે.